ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

10 JANUARY, 2026 SATURDAY





પેજ 2 હિન્દીમાં સર્જનશીલ એવી ત્રણ પેઢીઓનો અનોખો પરિવાર


પેજ 3 સરસાણા ગામથી રૂ.૪૦.૯૬ કરોડના કામોનું ખાતમુહૂર્ત


પેજ 7 ખેડૂતો માટે CCIની પસંદગી અને માલની નિયમિત નોંધણી

પેજ 5 ૬૦૦થી વધુ જરૂરિયાતમંદ બાળકોને પતંગ-દોરીનું વિતરણ



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 294 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

### દુશ્મનોએ પરિણામ ભોગવવા પડશે ટ્રમ્પ પોતાના દેશની ચિંતા કરે : ખામેનેઈ

# ખામેનેઈની ઈઝરાયલ-અમેરિકાને ચેતવણી

## ’ઈરાનના સર્વોચ્ચ લીડરે અમેરિકન રાષ્ટ્રપ્રમુખને જડબાતોડ જવાબ આપવાની સાથે ટીકા પણ કરી છે





• નવી દિલ્હી

મધ્ય પૂર્વના દેશ ઈરાનમાં છેલ્લા 12 દિવસથી પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. સર્વોચ્ચ નેતા ખામેનેઈના શાસન વિરુદ્ધ જનતા રસ્તા પર ઉતરી આવી છે. રાજધાની તેહરાન સહિત દેશના 100થી વધુ શહેરોમાં વિરોધ પ્રદર્શનોએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ગુરુવારે રાત્રે અનેક સ્થળે આગજની અને ગોળીબારની ઘટનાઓ સામે આવતા ઈરાન અત્યારે સળગી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે, ત્યારે આ તમામ સંકટ વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈએ આજે (9 જાન્યુઆરી) સરકારી ટીવી ચેનલ પર દેશને સંબોધન કર્યું છે. તેમનું નિવેદન તહેરાન સહિત તમામ મોટા શહેરોમાં પ્રસારીત કરવામાં આવ્યું છે. ખામેનેઈએ ભાષણ દરમિયાન અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાની સમસ્યા પર ધ્યાન આપવા સલાહ આપી છે.ખામેનેઈએ દેશને સંબોધન કરતી વખતે કહ્યું કે, ‘અમારો દેશ વિદેશને સમર્થન કરતા આતંકી એજન્ટોને સહન નહીં કરે. કેટલાક હિંસાખોરો જાહેર સંપત્તિને નુકસાન કરી અમેરિકન રાષ્ટ્રપ્રમુખને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પે (US President Donald Trump) પોતાના દેશની ચિંતા કરવી જોઈએ, કારણ કે ઈરાન વિદેશી દબાણ સામે જુકવાનું નથી.’ખામેનેઈ (Ali Khamenei)એ ઈરાનના યુવાઓને અપીલ કરી છે કે, ‘એકતા જાળવી રાખો અને તૈહાર રહો, કારણ કે એકજૂટ રાષ્ટ્ર કોઈપણ દુશ્મનને હરાવી શકે છે. આપણા દેશની અને લોકોની રક્ષા કરવી તે આક્રમણ નથી, પરંતુ સામ્રાજ્યવાદ સામે સાહસ છે.’ તેમણે ઈરાનમાં ચાલી રહેલા પ્રદર્શનો પાછળ વિદેશી ષડયંત્ર હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે, અમેરિકા અને ઈઝરાયલના એજન્ટોની કરતૂતના કારણે ઈરાનમાં હિંસા થઈ રહી છે.મીડિયા રિપોર્ટ મુજબ, ખામેનેઈએ અમેરિકા અને ઈઝરાયલ પર નિશાન સાધતા કહ્યું કે, ‘દેખાવકારો બીજા દેશના રાષ્ટ્રપ્રમુખને ખુશ કરવા માટે પોતાના રસ્તા બરબાદ કરી રહ્યા છે. ઈરાનને કડક શબ્દોમાં ધમકી આપવામાં આવી, પરંતુ હું દુશ્મનોને તેનાથી પણ વધુ કડક શબ્દોમાં કહું છું કે, જો તેઓ હુમલો કરશે તો તેઓ ભારે મુશ્કેલીમાં મુકાશે.’ઈરાનના સર્વોચ્ચ લીડરે અમેરિકન રાષ્ટ્રપ્રમુખને જડબાતોડ જવાબ આપવાની સાથે ટીકા પણ કરી છે. તેમણે ટ્રમ્પને અહંકારી ગણાવ્યા છે અને કહ્યું કે, અમેરિકન રાષ્ટ્રપ્રમુખના હાથ ઈરાનીઓના ખૂનથી રંગાયેલા છે. ટ્રમ્પને સત્તા પરથી હાંકી કાઢવામાં આવશે. તેમણે ટ્રમ્પે પોતાના દેશની સમસ્યાઓ પર ધ્યાન આપવા કહ્યું છે.

### રોડ અકસ્માતમાં ઘાયલોને મદદ કરનારને રૂ.25 હજારનું ઈનામ અપાશે

## માર્ગ અકસ્માતમાં ઘાયલોને રૂ.1.5 લાખ સુધીની કેશલેસ સારવાર

• નવી દિલ્હી

દેશમાં દર વર્ષે લાખો લોકો સડક અકસ્માતનો ભોગ બને છે. સમયસર ઈલાજ ન મળવાથી મોટી સંખ્યામાં જીવ જાય છે. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે સડક સુરક્ષા માટે એક ઐતિહાસિક અને માનવીય નિર્ણય લીધો છે.હવે સડક અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને દેશભરમાં 1.5 લાખ રૂપિયા સુધીનો કેશલેસ ઈલાજ મળશે. આ સુવિધા અકસ્માત પછી મહત્તમ 7 દિવસ સુધી ઉપલબ્ધ રહેશે. સાથે જ સડક અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સમયસર હોસ્પિટલ પહોંચાડનાર નાગરિકોને સરકારની રાહવીર યોજના હેઠળ 25 હજાર રૂપિયાનો ઈનામ આપવામાં આવશે.

આ નિર્ણયને સડક સુરક્ષાના ક્ષેત્રમાં મોટો સુધારો માનવામાં આવે છે, જેનાથી માત્ર જાન બચાવવામાં મદદ મળશે પરંતુ સામાન્ય નાગરિકોને પણ મદદ માટે આગળ આવવાનું પ્રોત્સાહન મળશે. કેન્દ્ર સરકાર સડક અકસ્માતોમાં થતા મોતને ઘટાડવા માટે સતત પ્રયાસ કરી રહી છે.ભારતમાં સડક અકસ્માત માત્ર ટ્રાફિક સમસ્યા નથી પરંતુ એક ગંભીર સામાજિક અને જાહેર આરોગ્ય સંકટ બની ગયા છે. આંકડાઓ અનુસાર, દર વર્ષે દેશમાં લાખો અકસ્માત થાય છે, જેમાં હજારો લોકો જાન ગુમાવે છે અથવા આજીવન અપંગ બને છે.

સરકારનું માનવું છે કે, અકસ્માત પછી ગોલ્ડન અવરમાં જો ઘાયલને સાચો ઈલાજ મળી જાય તો તેનો જીવ બચાવી શકાય છે. આ જ વિચારધારા હેઠળ આ કેશલેસ ઈલાજ યોજના લાવવામાં આવી છે.નવી યોજના હેઠળ સડક અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સરકારી અને સૂચિબદ્ધ ખાનગી હોસ્પિટલોમાં 1.5 લાખ રૂપિયા સુધીનો કેશલેસ ઈલાજ મળશે. આ ઈલાજ અકસ્માત પછી 7 દિવસ સુધી માન્ય રહેશે.ઈલાજનો ખર્ચ ઈન્શ્યોરન્સ કંપનીઓ ઉઠાવશે જે કેસમાં વીમો નહીં હોય ત્યાં ખર્ચ સરકાર રોડ સેફ્ટી ફંડમાંથી ઉઠાવશે. ઘાયલ વ્યક્તિ અથવા તેના પરિવારને હોસ્પિટલમાં કોઈ આગોતરી રકમ જમા કરાવવી પડશે નહીં. આનો સૌથી મોટો ફાયદો ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મળશે, જે મોટાભાગે પૈસાની અછતને કારણે સમયસર ઈલાજ નથી કરાવી શકતા.

આ યોજના પહેલા પાયલટ પ્રોજેક્ટ તરીકે કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અમલમાં મૂકવામાં આવી હતી... તેમાં અસમ, ચંદીગઢ, પંજાબ, ઉત્તરાખંડ, હરિયાણા, પુડુચેરી, ઉત્તર પ્રદેશ સામેલ છે.

## રશિયાએ ઓરેશ્નિક મિસાઈલ છોડી યુક્રેનમાં તબાહી મચાવી

• મોસ્કો

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હવે વધુ વિનાશક તબક્કામાં પહોંચ્યું છે. રશિયાએ શુક્રવારે (નવમી જાન્યુઆરી) તેની અત્યંત ઘાતક અને હાઈપરસોનિક ક્ષમતા ધરાવતી ઈન્ટરમીડિયેટ-રેન્જ બેલિસ્ટિક મિસાઈલ (IRBM) ‘ઓરેશ્નિક’ (Oreshnik)થી યુક્રેન પર હુમલો કર્યો છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયનાએ દાવો કર્યો છે કે આ હુમલો ડિસેમ્બર 2025માં પ્રમુખ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાન પર થયેલા ડ્રોન હુમલાનો વળતો જવાબ છે.

અહેવાલો અનુસાર, રશિયાએ આ વખતે યુક્રેનના પશ્ચિમ ભાગમાં આવેલા લ્વિવ (Lviv) ક્ષેત્રને નિશાન બનાવ્યું છે. સ્ટ્રાઈ શહેર નજીક આવેલી યુક્રેનની સૌથી મોટી અન્ડરગ્રાઉન્ડ ગેસ સ્ટોરેજ ફેસિલિટી પર મિસાઈલ ખાબકી હતી. આ હુમલાને કારણે સમગ્ર લ્વિવ ઓબ્લાસ્ટમાં ગેસનું પ્રેશર ઘટી ગયું છે અને અનેક વિસ્તારોમાં પુરવઠો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. કડકડતી ઠંડીમાં ગેસ પુરવઠો ખોરવાતા નાગરિકોની હાલત કફોડી બની છે.અઠમી અને નવમી જાન્યુઆરી, 2026ની રાત્રે યુક્રેન પર મોટો હુમલો થયો, જેમાં 242 ડ્રોન અને 36 મિસાઈલોનો સમાવેશ થતો હતો, જેમાં ઓરેશ્નિક મિસાઈલનો પણ સમાવેશ થતો હતો. આ હુમલાને શિયાળાની ઋતુમાં ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તોડી પાડીને યુક્રેનને ઘૂંટણિયે લાવવાની રશિયાની આ મોટી ચાલ હોવાનું મનાય છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યાનુસાર, યુક્રેને નવગોરોડ ક્ષેત્રમાં પુતિનના નિવાસસ્થાન પર ડ્રોન હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના બદલામાં આ મિસાઈલ છોડવામાં આવી છે.

### ઈરાનમાં સ્થિતિ વણસતા શાસન દબાણમાં આવ્યું

## 100થી વધુ શહેરોમાં દેખાવો વચ્ચે ખામેનેઇ શાસને તોડ્યું મૌન, કહ્યું - ‘વિદેશી કાવતરું...’

• તેહરાન

મધ્ય પૂર્વના દેશ ઈરાનમાં છેલ્લા 12 દિવસથી પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. સર્વોચ્ચ નેતા ખામેનેઈના શાસન વિરુદ્ધ જનતા રસ્તા પર ઉતરી આવી છે. રાજધાની તેહરાન સહિત દેશના 100થી વધુ શહેરોમાં વિરોધ પ્રદર્શનોએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ગુરુવારે રાત્રે અનેક સ્થળે આગજની અને ગોળીબારની ઘટનાઓ સામે આવતા ઈરાન અત્યારે સળગી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે આ મામલે કડક વલણ અપનાવ્યું છે. ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી છે કે જો પ્રદર્શનકારીઓ પર હુમલો કરવામાં આવશે, તો અમેરિકા તરફથી વળતો હુમલો કરવામાં આવશે. આ આંતરરાષ્ટ્રીય દબાણ અને યુદ્ધ જેવી સ્થિતિને જોતાં ઈરાને સાવચેતીના ભાગરૂપે પોતાનું એરસ્પેસ બંધ કરી દીધું છે.

લાંબા સમય સુધી સ્થિતિને દબાવી રાખ્યા બાદ, ઈરાનના સરકારી ટીવીએ આખરે સ્વીકાર્યું છે કે દેશમાં હિંસા થઈ રહી છે અને લોકોના મોત પણ થયા છે. નિષ્ણાતો માને છે કે આ સ્વીકાર જ બતાવે છે કે હવે સ્થિતિ છુપાવી શકાય તેમ નથી. જોકે, ઈરાન સરકારે આ હિંસા માટે પોતાની નીતિઓને જવાબદાર માનવાને બદલે હંમેશની જેમ ‘વિદેશી ષડયંત્ર’નો રાગ આલાપ્યો છે. ઈરાનના સરકારી પ્રસારકે આક્ષેપ કર્યો છે કે આ હિંસા પાછળ અમેરિકા અને ઈઝરાયલ સાથે જોડાયેલા આતંકી એજન્ટોનો હાથ છે.

રાજકીય વિશ્લેષકોના ઊંડાણપૂર્વકના અભ્યાસ મુજબ, ઈરાનમાં હાલમાં જોવા મળી રહેલો આ ઉગ્ર વિરોધ એ માત્ર અચાનક ફાટી નીકળેલા દેખાવો નથી, પરંતુ વર્ષોથી જનતાના હૈયે દબાયેલા આક્રોશનો લાવા છે. આ જનઆક્રોશ પાછળ અનેક જટિલ કારણો જવાબદાર છે, જેમાં સૌથી મહત્ત્વનું પાસુ દેશની કથળતી આર્થિક સ્થિતિ છે. લાંબા સમયથી ચાલી રહેલી આર્થિક કટોકટીએ દેશની અર્થવ્યવસ્થાને ડામાડોળ કરી દીધી છે, જેના પરિણામે ભયંકર મોંઘવારીએ માઝા મૂકી છે. આ કમરતોડ મોંઘવારીને કારણે સામાન્ય જનતા માટે પાયાની જરૂરિયાતો પૂરી કરવી અને જીવન નિર્વાહ કરવો અત્યંત મુશ્કેલ બની ગયો છે. આ આર્થિક બોજની સાથે જ, કડક શાસન વ્યવસ્થા અને વ્યક્તિગત આઝાદી પર લાદવામાં આવેલા અસંખ્ય પ્રતિબંધોએ સામાજિક અસંતોષની આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે.

## PM મોદીએ ફોન ન કરતાં ટ્રમ્પનો ઈગો હર્ટ થયો એટલે અટકી ટ્રેડ ડીલ

### અમેરિકાના મંત્રીનો મોટો દાવો

• નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી અટકી પડેલી ‘ટ્રેડ ડીલ’ પાછળ કોઈ નીતિગત કારણ નહીં, પરંતુ અંગત અહમ જવાબદાર હોવાનો મોટો ખુલાસો થયો છે. અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લટનિકે દાવો કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને સીધો ફોન ન કર્યો, જેના કારણે આ મહત્ત્વની ડીલ ફાઈનલ થઈ શકી નથી.

અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લટનિકે ભારત-અમેરિકા ટ્રેડ ડીલને લઈને એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે, બંને દેશો વચ્ચે લાંબા સમયથી આ વ્યાપાર સમજૂતી એટલે અટકેલી છે કારણ કે પીએમ મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત નહોતી કરી. લટનિકના કહેવા પ્રમાણે, આ ડીલ અટકવા પાછળ કોઈ નીતિ વિષયક મતભેદો જવાબદાર નથી, પણ પીએમ મોદીએ ટ્રમ્પને સીધો ફોન ન કર્યો તે મુખ્ય કારણ છે.

લટનિકે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, ‘ટ્રેડ ડીલની આખી રૂપરેખા તૈયાર હતી. ટ્રમ્પ ઈચ્છતા હતા કે પીએમ મોદી તેમને ફોન કરીને આ બાબતે વાત કરે, કારણ કે આ ‘ટ્રમ્પની ડીલ’ હતી. જોકે, ભારત સરકાર કદાચ આ બાબતે સહજ નહોતી અને અંતે પીએમ મોદીએ ટ્રમ્પને ફોન ન કર્યો.’ લટનિકના મતે, આ કોલ ન આવવાને કારણે ટ્રમ્પનો ઈગો ઘવાયો અને તેના પરિણામે ડીલ અટકી ગઈ.

ટ્રમ્પના ઈગોને ઠેસ પહોંચતા તેની સીધી અસર ભારતના વ્યાપાર પર પડી છે. જે ડીલથી ભારતને રાહત મળવાની હતી, તેના બદલે ટ્રમ્પે ભારત પર 25%થી 50% સુધીના ભારે-ભરખમ ટેરિફ ઝીંકી દીધો છે. લટનિકે સ્પષ્ટ કર્યું છે કે હવે અમેરિકા એ જૂની શરતો પર સમજૂતી કરવા તૈયાર નથી જેના પર પહેલા સંમતિ બની હતી. અમેરિકા હવે એ ડીલમાંથી પાછળ હટી ગયું છે.

## 7 મહિના બાદ લાલુ યાદવને મળ્યા તેજ પ્રતાપ, બંને ભાઈ પણ આવ્યા આમને-સામને પરંતુ મુલાકાત ન કરી

**પટના :** રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને પરિવારથી લાંબા સમય સુધી દૂર રહ્યા બાદ, જનશક્તિ જનતા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ અને નીતીશ સરકારના પૂર્વ મંત્રી તેજ પ્રતાપ યાદવે દિલ્હીમાં પિતા લાલુ પ્રસાદ યાદવ સાથે મુલાકાત કરી છે. અનુષ્કા યાદવ વિવાદ બાદ પિતા-પુત્ર વચ્ચે લગભગ સાત મહિના પછી આ મુલાકાત થઈ છે.દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં શુક્રવારે ‘લેન્ડ ફોર જોબ’ કેસમાં આરોપ ઘડવા અંગે સુનાવણી હતી. આ કેસમાં આરોપી તરીકે તેજ પ્રતાપ યાદવ પણ કોર્ટમાં હાજર રહ્યા હતા. કોર્ટની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તેજ પ્રતાપ સીધા તેમની બહેન મીસા ભારતીના નિવાસ્થાને પહોંચ્યા હતા, જ્યાં હાલ લાલુ પ્રસાદ યાદવ રોકાયા છે.પિતા લાલુ પ્રસાદને મળીને બહાર નીકળ્યા બાદ તેજ પ્રતાપે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે, ‘મેં પિતાજીના આશીર્વાદ લીધા છે અને તેમને 14 જાન્યુઆરીએ પટનામાં મારા નિવાસસ્થાને આયોજિત મકર સંક્રાંતિના દહીં-ચૂડા ભોજન માટે આમંત્રણ આપ્યું છે. મને પૂરો વિશ્વાસ છે કે તેઓ મારા ભોજન સમારંભમાં જરૂર આવશે.’ નોંધનીય છે કે આ ભોજન સમારંભમાં તેજ પ્રતાપે NDAના અનેક નેતાઓને પણ આમંત્રણ આપ્યું છે.રસપ્રદ વાત એ છે કે, કોર્ટમાં તેજ પ્રતાપ અને તેજસ્વી યાદવ સામસામે આવ્યા હતા, પરંતુ બંને વચ્ચે કોઈ વાતચીત થઈ નહોતી. જ્યારે તેજ પ્રતાપ પિતાને મળવા મીસા ભારતીના ઘરે પહોંચ્યા ત્યારે તેજસ્વી યાદવ ત્યાં હાજર નહોતા. અગાઉ 1 જાન્યુઆરીએ તેજ પ્રતાપે પટનામાં માતા રાબડી દેવીના આશીર્વાદ પણ લીધા હતા, જે દર્શાવે છે કે તેઓ નવા વર્ષમાં પરિવાર સાથેના સંબંધો સુધારવા પ્રયત્નો કરી રહ્યા છે.

## ‘પહેલા ગોળી મારીશું, પછી વાત કરીશું...’, શક્તિશાળી અમેરિકાને ડેનમાર્કની ધમકી


### વાતચીતનો પ્રયાસ અને અમેરિકાનું નરમ વલણ?

ગ્રીનલેન્ડ : ગ્રીનલેન્ડ પર નજર જમાવીને બેઠેલા અમેરિકાને ડેનમાર્કે અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપી છે. ડેનમાર્કના રક્ષા મંત્રાલયે સ્પષ્ટ કહ્યું છે કે, “અમે સવાલ પૂછતા પહેલા ગોળી મારીશું.” આ આકરું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગ્રીનલેન્ડને હાંસલ કરવા માટે સૈન્ય બળના ઉપયોગને પણ એક વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડેનમાર્કના રક્ષા મંત્રાલયે કહ્યું છે કે જો અમેરિકા ગ્રીનલેન્ડ પર આક્રમણ કરશે, તો અમે પહેલા ગોળી ચલાવીશું અને પછી સવાલ પૂછીશું. ખાસ વાત એ છે કે, 1952ના સૈન્ય નિયમો હેઠળ, ડેનમાર્કના સૈનિકોને ઉચ્ચ અધિકારીઓના આદેશ વિના પણ આક્રમણખોરો પર હુમલો કરવાનો અધિકાર છે.વ્હાઈટ હાઉસે મંગળવારે કહ્યું કે પ્રમુખ ટ્રમ્પ ગ્રીનલેન્ડને મેળવવાના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે અને આ લક્ષ્ય માટે અમેરિકન સેનાનો ઉપયોગ પણ તેમના વિકલ્પોમાં સામેલ છે. નિવેદનમાં કહેવાયું છે કે ટ્રમ્પ ગ્રીનલેન્ડને આર્કટિક ક્ષેત્રમાં અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વપૂર્ણ માને છે અને તેને રશિયા તથા ચીન જેવી શક્તિઓને રોકવા સાથે જોડીને જુએ છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું, “ટ્રમ્પે પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે આર્કટિક ક્ષેત્રમાં વિરોધી શક્તિઓને રોકવા માટે ગ્રીનલેન્ડ અમેરિકા માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે.” અમેરિકાના આ વલણ સામે યુરોપના ઘણા દેશોએ સંયુક્ત નિવેદન જારી કરીને કડક વિરોધ નોંધાવ્યો છે. ફ્રાન્સ, જર્મની, ઈટાલી, પોલેન્ડ, સ્પેન અને બ્રિટન સહિત ડેનમાર્કે કહ્યું છે કે, “ગ્રીનલેન્ડ અહીંના લોકોનું છે અને તેનો નિર્ણય ફક્ત અહીંના લોકો જ કરશે.” કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ પણ ડેનમાર્કને સમર્થન આપતા કહ્યું છે કે ગ્રીનલેન્ડના ભવિષ્યનો નિર્ણય માત્ર ડેનમાર્ક અને ત્યાંના લોકો જ કરશે. આ તણાવ વચ્ચે, ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોક્કે રાસમુસેને કહ્યું કે આ મુદ્દે ગેરસમજ દૂર કરવા માટે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે બેઠકની માંગ કરવામાં આવી છે. દરમિયાન, વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કોંગ્રેસને આપેલી બ્રીફિંગમાં સૈન્ય કાર્યવાહીની વાતને થોડી હળવી કરતા સંકેત આપ્યા છે કે તાત્કાલિક કોઈ સૈન્ય હસ્તક્ષેપની યોજના નથી

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ગોસા (ઘેડ) ગામે રામદેવજી મહારાજનો બાર પ્રહર પાટોત્સવ અને મોમાઈ માતાજીના કળશની ભવ્ય ઉજવણી

### એસ.ટી.ડ્રાઈવર જેઠાભાઈ કોડીયાતર પરિવાર દ્વારા ગામ જમણવાર,પ્રસાદ, જ્યોત પ્રાગટ્ય, નામકરણ વિધિ





• ગોસા (ઘેડ)

પોરબંદર તાલુકાના ગોસા (ઘેડ) ગામે એસ.ટી. ડેપો પોરબંદરમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા અને ભજનપ્રેમી એવા રબારી સમાજના યુવા અગ્રણી જેઠાભાઈ વીરાભાઈ કોડીયાતર પરિવાર દ્વારા કુળદેવી શ્રી વિહત માતાજીની અસીમ કૃપાથી મોમાઈ માતાજીના કળશની સ્થાપના, શ્રી રામદેવજી મહારાજના બાર પ્રહર પાટોત્સવ, સવાસો છેલણ, પૌત્રના બારોટજીના ચોપડે નામકરણ વિધિ તથા સમસ્ત ગોસા (ઘેડ) ગામ માટે મહા પ્રસાદ (જમણવાર) સહિતના ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

સવંત ૨૦૮૨ના પોષ વદ ૯, રવિવાર તા.૧૧/૦૧/૨૦૨૬ના રોજ સાંજના સમયે મોમાઈ માતાજીના કળશની સ્થાપના કરવામાં આવશે. આ પાવન પ્રસંગે ઓડદર મોમાઈ માતાજી મઢના પૂજ્ય ભુવાઆતા સરમણઆતા રામાઆતા મુસાર તથા અમરેશ આતા સરમણઆતા મુસારની પાવન પધરામણી થશે. રવિવારે સમગ્ર રબારી સમાજના ગામે ગામથી સગાસંબંધીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માતાજીની આરાધના કરશે. આ પાવન પ્રસંગે સોમવાર તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ બપોરે માતાજીના કળશની પીણીનો કાર્યક્રમ યોજાશે.

આ જ દિવસે, સોમવાર તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ જેઠાભાઈ વીરાભાઈ કોડીયાતરના પુત્ર રામભાઈ જેઠાભાઈ કોડીયાતરના સુપુત્ર ચિ. પૃથ્વીના બારોટજીના ચોપડે નામકરણ રબારી સમાજના લોજવારા બારોટ બટુકભાઈ લખમણભાઈ દ્વારા વિધિ વિધાનપૂર્વક કરવામાં આવશે.

ત્યારબાદ આ પાવન અવસરે સનાતન ધર્મના તારણહાર અને દ્વારકાધીશ શ્રી કૃષ્ણના અંશ અવતાર નેજાધારી શ્રી રામદેવજી મહારાજના બાર પ્રહર પાટોત્સવનું કુંભ સ્થાપન પણ શુભ ચોઘડિયે કરવામાં આવશે. આ પાટોત્સવ અંતર્ગત સાંજે ૩:૦૦ કલાકે સામૈયા, સાંજે ૫:૩૦ કલાકે સમસ્ત ગોસા (ઘેડ) ગામ માટે ધુમાડાબંધ મહા પ્રસાદી (જમણવાર) યોજાશે. રાત્રે ૧૦:૦૦ કલાકે જ્યોત પ્રાગટ્ય કરવામાં આવશે, જે અખંડ ૩૬ કલાક સુધી પ્રગટ રહેશે.

શ્રી રામદેવજી મહારાજના બાર પ્રહર પાટોત્સવ દરમ્યાન સામૈયા બાદ મહા પ્રસાદી જાતિ-જ્ઞાતિના ભેદભાવ વિના બે દિવસ સુધી અવિરત ચાલુ રહેશે. આ ધાર્મિક મહોત્સવમાં પાટોત્સવના ગાદીપતિ તરીકે ગોસા(ઘેડ) ના સુરેશવન મગણવન ગોસ્વામી બિરાજશે, જ્યારે કોટવારી તરીકે નાથાભાઈ ધાનાભાઈ કોડીયાતર તથા પોપટભાઈ ગાંગાભાઈ ઓડેદરા (ગોસા-ઘેડ) ફરજ નિભાવશે.

કોડીયાતર પરિવાર દ્વારા આયોજિત આ ભવ્ય ધાર્મિક પ્રસંગને લઈને રબારી સમાજમાં ભારે ઉત્સાહ અને આનંદની લાગણી જોવા મળી રહી છે. આ અવસરે જેઠાભાઈ વીરાભાઈ કોડીયાતર પરિવાર દ્વારા સોમવાર ના આરંભ થતા રામદેવજી મહારાજના બાર પ્રહર પાટોત્સવ માં સાધુ-સંતો, મહંતો, ગતગંગા, સતીજતી તેમજ સ્નેહી મિત્રમંડળને ભાવભર્યું આમંત્રણ પાઠવી આ ધાર્મિક મહોત્સવનો લ્હાવો લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

રિપોર્ટર:વિરમભાઈ કે.આગઠ

**'વિશ્વ હિન્દી દિવસ'** હિન્દીમાં સર્જનશીલ એવી ત્રણ પેઢીઓનો અનોખો પરિવાર, જેને વૈશ્વિક સ્તરે અનેક દેશોમાં સન્માન પ્રાપ્ત થયું

# ૬૧.૫ કરોડ લોકો સાથે વિશ્વની ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા હિન્દીમાં વૈશ્વિક ભાષા બનવાની ક્ષમતા છે - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

### 'વિશ્વ હિન્દી દિવસ' દર વર્ષે 10 જાન્યુઆરીએ વિશ્વભરમાં હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર અને તેના આંતરરાષ્ટ્રીય મહત્વને વધારવા

'વિશ્વ હિન્દી દિવસ' દર વર્ષે 10 જાન્યુઆરીએ વિશ્વભરમાં હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર અને તેના આંતરરાષ્ટ્રીય મહત્વને વધારવા માટે ઉજવવામાં આવે છે. 10 જાન્યુઆરી 1975ના રોજ નાગપુરમાં પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન થયું હતું, જેના ઉપલક્ષ્યમાં વર્ષ 2006થી તેને સત્તાવાર રીતે મનાવવામાં આવે છે. હિન્દી ભાષા માટે અનેક વિદ્વાનો, સંસ્થાઓ તથા સરકારી વિભાગો પોતપોતાના સ્તરે કાર્ય કરી રહ્યા છે. આ બધાની વચ્ચે ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવનો અનોખો પરિવાર પણ છે, જેમાંની ત્રણ પેઢીઓ હિન્દીની અભિવૃદ્ધિ માટે માત્ર પ્રયત્નશીલ જ નથી, પરંતુ વૈશ્વિક સ્તરે અનેક દેશોમાં સન્માનિત પણ થઈ છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવના પરિવારમાં તેમના પિતા શ્રી રામ શિવ મૂર્તિ યાદવ સાથે સાથે પત્ની સુશ્રી આકાંક્ષા યાદવ અને બંને દીકરીઓ અક્ષિતા તથા અપૂર્વા પણ પોતાના લેખન દ્વારા હિન્દીને સતત નવા પરિમાણો ઉમેરી રહ્યા છે. દેશ-વિદેશની અનેક સામયિકોમાં પ્રકાશન સાથે શ્રી કૃષ્ણ કુમાર યાદવની 7 અને તેમની પત્ની સુશ્રી આકાંક્ષાની 4 પુસ્તકો પ્રકાશિત થઈ ચૂકી છે.



ડિજિટલ પ્લેટફોર્મ પર હિન્દી બ્લોગિંગના ક્ષેત્રમાં આ પરિવારનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અગ્રણી રહ્યું છે. 'દાયકાના શ્રેષ્ઠ બ્લોગર દંપતિ'ના સન્માનથી સન્માનિત યાદવ દંપતિને નેપાળ, ભૂટાન અને શ્રીલંકામાં આયોજિત 'આંતરરાષ્ટ્રીય હિન્દી બ્લોગર સંમેલન' દરમિયાન "પરિકલ્પના બ્લોગિંગ સાર્ક શિખર સન્માન" સહિત અનેક સન્માનો પ્રાપ્ત થયા છે. જર્મનીના બોન શહેરમાં ગ્લોબલ મીડિયા ફોરમ (2015) દરમિયાન 'પીપલ્સ ચોઈસ એવોર્ડ' શ્રેણીમાં સુશ્રી આકાંક્ષા યાદવના બ્લોગ 'શબ્દ-શિખર'ને હિન્દીનો સૌથી લોકપ્રિય બ્લોગ તરીકે પણ સન્માનિત કરવામાં આવ્યો છે. પુત્રી અક્ષિતાને ભારત સરકાર દ્વારા વર્ષ 2011માં સૌથી ઓછી વયે 'રાષ્ટ્રીય બાળ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવી છે. નવી દિલ્હી ખાતે આયોજિત પ્રથમ આંતરરાષ્ટ્રીય હિન્દી બ્લોગર સંમેલન (2011) માં ભારતના પૂર્વ માનવ સંસાધન વિકાસ મંત્રી ડો. રમેશ પોખરિયાલ 'નિશંક'ના હસ્તે અક્ષિતાને 'શ્રેષ્ઠ નાની બ્લોગર'ના સન્માનથી સન્માનિત કરવામાં આવી હતી. ઉપરાંત, આંતરરાષ્ટ્રીય હિન્દી બ્લોગર સંમેલન, શ્રીલંકા (2015)માં પણ અક્ષિતાને "પરિકલ્પના કનિષ્ઠ સાર્ક બ્લોગર સન્માન"થી સન્માનિત કરવામાં આવી હતી. પ્રસાશનિક સેવાની જવાબદારીઓ નિભાવવાની સાથે શ્રી કૃષ્ણ કુમાર યાદવની 'અભિલાષા' (કવિતા સંગ્રહ), 'અભિવ્યક્તિઓના બહાને', 'અનુભૂતિઓ અને વિમર્શ' (નિબંધ સંગ્રહ), 'ક્રાંતિ યજ્ઞ : 1857-1947ની ગાથા', 'જંગલમાં ક્રિકેટ' (બાળગીત સંગ્રહ) તેમજ '16 આના, 16 લોકો' સહિત કુલ સાત પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે. વિવિધ પ્રતિષ્ઠિત સામાજિક-સાહિત્યિક સંસ્થાઓ દ્વારા ઉત્કૃષ્ટ કાર્ય, સર્જનાત્મકતા અને વહીવટ સાથે સતત સાહિત્ય સર્જન માટે સો કરતાં વધુ સન્માનો પ્રાપ્ત કરનાર શ્રી યાદવને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી તેમજ પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને સિક્કિમના રાજ્યપાલ દ્વારા પણ સન્માનિત કરવામાં આવ્યા છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ જણાવ્યું કે સર્જન અને અભિવ્યક્તિની દૃષ્ટિએ હિન્દી વિશ્વની અગ્રણી ભાષાઓમાંની એક છે. એથ્નોલોગ (2025) તથા અન્ય વૈશ્વિક અહેવાલો અનુસાર, હિન્દી વિશ્વમાં ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા છે, જેના બોલનારાઓની કુલ સંખ્યા આશરે 61.5 કરોડ છે. વિશ્વની સૌથી વધુ બોલાતી 20 ભાષાઓમાં 6 ભારતીય ભાષાઓનો સમાવેશ થાય છે, જેમાં હિન્દી ત્રીજા સ્થાને છે. ડિજિટલ ક્રાંતિના આ યુગમાં હિન્દીમાં વૈશ્વિક ભાષા બનવાની સંપૂર્ણ ક્ષમતા છે. આ તરફ, સુશ્રી આકાંક્ષા યાદવનું માનવું છે કે આજે પરિવર્તન અને વિકાસની ભાષા તરીકે વૈશ્વિક સ્તરે હિન્દીના મહત્વને નવી રીતે રેખાંકિત કરવામાં આવી રહ્યું છે. હિન્દી વિશ્વના 150થી વધુ દેશોમાં બોલાય છે અને 25થી વધુ દેશોમાં હિન્દી બોલનારા લોકોની નોંધપાત્ર સંખ્યા છે. હિન્દી બોલનારા લોકો વિશ્વની કુલ વસ્તીના આશરે 7.5% જેટલા છે, જે તેને વધુ મહત્વપૂર્ણ બનાવે છે.

### વહેલી સવારથી ઉપરા ઉપરી ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે

# રાજકોટ જિલ્લાના જેતપુરમાં ગઈકાલ સાંજથી આજે બપોરે 12 સુધીમાં 12 જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા

**ભૂકંપના આંચકા** મોટા ભાગના આંચકાનું કેન્દ્ર બિંદુ જેતપુરના લુણાગરી ગામ આજુ બાજુ જ નોંધાયું છે

સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ જિલ્લાના જેતપુરમાં ગઈકાલ સાંજથી આજે બપોરે 12 સુધીમાં 12 જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા છે. મોટા ભાગના આંચકાનું કેન્દ્ર બિંદુ જેતપુરના લુણાગરી ગામ આજુ બાજુ જ નોંધાયું છે. જેને લઈને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોમાં ભય ફેલાયો છે. જાનહાનિના કોઈ સમાચાર ન હોવાથી લોકોએ રાહતનો શ્વાસ લીધો છે,

ભૂકંપના સતત આંચકાઓ ને લઈને જેતપુરની તમામ શાળાઓમાં રજાઓ જાહેર કરવામાં આવી છે. બીજી તરફ સિસ્મોલોજી વિભાગે જેતપુર, ઉપલેટા અને ધોરાજીના મામલતદાર પાસે રિપોર્ટ માંગ્યો છે. સ્થાનિક લોકોને આ આંચકાઓએ 2001ની યાદ અપાવી દીધી છે,સાથે ગઈકાલે સાંજે 8 વાગ્યાને 43 મિનિટે પહેલો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્ર બિંદુ ઉપલેટાથી 30 કિલોમીટર દૂર નોંધાયું હતું. જ્યારે આજે વહેલી સવારે છ વાગ્યાથી 12 વાગ્યા સુધીમાં છ કલાકમાં 11 આંચકા નોંધાતા લોકોના જીવ અધ્ધ થઈ ગયા છે. આ તમામ આંચકાનું કેન્દ્ર બિંદુ જેતપુરના લુણાગરી ગામે નોંધાયું છે,જ્યારે તીવ્રતા 2.6 થી 3.8 ની હોવાનું જાણવા મળ્યું છે, અમે ટીડીઓ, ચીફ ઓફિસર અને શિક્ષણ,આરોગ્ય વિભાગ,તાલુકા પંચાયતની મિટિંગ રાખી છે અને અમે એક કન્ટ્રોલરુમ ચાલુ કર્યો છે. લોકોને ખોટી અફવામાં આવવું નહીં અને એવું લાગે તો તમારે સુરક્ષિત જગ્યાએ જતા રહેવું અને અમારા કન્ટ્રોલરુમના મોબાઈલ નંબર 9429916996 પર સંપર્ક કરવો. શાળાઓમાં બાળકોને રજા આપવામાં આવી છે, પણ ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષકોને હાજર રહેવા માટે સૂચના આપી છે,

વહેલી સવારથી ઉપરા ઉપરી ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ખાસ કરીને જેતલસર, પેઢલા અને સરધારપુર,પાંચ પીપળા, સરધારપુર, સહિતના આસપાસના ગામોમાં ધરતી ધ્રૂજી હોવાનો અહેસાસ થયો હતો. 2001ના ભૂકંપના પુનરાવર્તન થાય તેવી લોકોમાં દહેશત વ્યાપી છે,જેથી જેતપુર શહેર અને આજુબાજુના ગામડાના લોકોમાં ડરનો માહોલ છે. લોકો પોતાના ઘરમાંથી બહાર નીકળી ગયા હતા,

ગઈકાલ સાંજથી ધોરાજી અને જેતપુરમાં ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. માહિતી મળી રહી છે કે ઉપલેટા અને ગોંડલમાં પણ અસર થઈ છે. જેને લઈને અહીંથી સૂચના આપવામાં આવી છે કે સ્થાનિક કક્ષાએ મામલતદાર અને શાળાના આચાર્યએ નિર્ણય લઈને જ્યાં જણાય ત્યા વિદ્યાર્થીઓને રજા આપી દેવી અને શિક્ષકોને શાળામાં હાજર રહેવું,ત્યારે ધોરાજી અને જેતપુર બંને તાલુકાની તમામ શાળાઓમાં બાળકોને રજા આપી દેવામાં આવી છે. આ ઉપરાંત કોઈ બિલ્ડિંગને ક્ષતિ થઈ હોય એમાં હવેથી વિદ્યાર્થીઓને ન બેસાડવામાં સૂચના આપવામાં આવી છે. જેનો અમે પાછળથી સર્વે કરાવીશું. ધોરાજી તાલુકાની 48 શાળાઓ અને જેતપુર તાલુકાની 70 શાળાઓમાં રજા જાહેર કરાઈ છે.

અમે ટીડીઓ, ચીફ ઓફિસર અને શિક્ષણ,આરોગ્ય વિભાગ,તાલુકા પંચાયતની મિટિંગ રાખી છે અને અમે એક કન્ટ્રોલરુમ ચાલુ કર્યો છે. લોકોને ખોટી અફવામાં આવવું નહીં અને એવું લાગે તો તમારે સુરક્ષિત જગ્યાએ જતા રહેવું અને અમારા કન્ટ્રોલરુમના મોબાઈલ નંબર 9429916996 પર સંપર્ક કરવો. શાળાઓમાં બાળકોને રજા આપવામાં આવી છે,પણ ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષકોને હાજર રહેવા માટે સૂચના આપી છે,

સદનસીબે,અત્યાર સુધી કોઈ જાનમાલના નુકસાનના સમાચાર પ્રાપ્ત થયા નથી,તંત્ર દ્વારા તલાટીઓ અને સરપંચોને પોતાના વિસ્તારમાં તપાસ કરવા સૂચના આપી દેવામાં આવી છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે,

# ગાંધીનગર : ટાઈફોઈડ વકરતાં રાષ્ટ્રીય માનવાધિકાર આયોગે ગુજરાત સરકારને નોટિસ ફટકારી

### ગાંધીનગરમાં દૂષિત પાણીને લીધે ટાઈફોઈડ વકરતાં ૧૦૦થી વધુ દર્દી સારવાર હેઠળ છે

• ગાંધીનગર

ગાંધીનગરમાં દૂષિત પાણીને લીધે ટાઈફોઈડ વકરતાં ૧૦૦થી વધુ દર્દી સારવાર હેઠળ છે. એક બાળકનું શંકાસ્પદ મૃત્યુ પણ થયું છે ત્યારે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે. સાથે સાથે રોગચાળાને કાબૂમાં લેવાં શું પગલાં લીધઆં તેની વિગતો આપવા નિર્દેશ કર્યો છે. ગાંધીનગરમાં પાણીજન્ય રોગચાળાની સ્થિતી કાબુ હેઠળ છે તેવો રાજ્ય સરકારે દાવો કર્યો છે. જો કે, ટાઈફોઈડના કેસોના આંકડો 200ને પાર છે. વર્ષો જૂની પાણીની પાઈપલાઈનમાં દૂષિત પાણી ભળતાં રોગચાળાની સ્થિતી બેકાબુ બની છે. શહેરીજનોને રેઢાં મૂકીને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર અને કોર્પોરેટરો ભાવનગર ક્રિકેટ મેચ રમવા દોડ્યા હતાં. જો કે, કોંગ્રેસના કાર્યકરોએ હંગામો મચાવ્યો હતો. આ ઉપરાંત





ગાંધીનગરવાસીઓએ પણ ટીકા વરસાવતાં ચૂંટાયેલાં જનપ્રતિનિધીઓને પરત ફરવું પડ્યુ હતું.

પીવાના પાણીમાં દૂષિત પાણી ભરતાં ટાઈફોઈડના રોગચાળાએ પાટનગરને ભરડામાં લીધુ છે. હજુ પણ દર્દીઓ સિવિલ અને ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ત્યારે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે ગુજરાત સરકાર પાસે જવાબ માંગ્યો છે. રોગચાળાને કાબૂમાં લેવા શું શું પગલાં લીધા, હાલ શું સ્થિતિ છે તે તમામ વિગતો સાથે બે સપ્તાહમાં રિપોર્ટ આપવા નિર્દેશ કર્યો છે. ગાંધીનગર જ નહી, અમદાવાદ સહિત અન્ય શહેરોમાં પણ પાણીજન્ય રોગચાળો વકર્યો છે. ત્યારે હવે સરકારે પાણીના સેમ્પલ લઈ પીવાલાયક પાણી હોય તો જ નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને પાણીનો સપ્લાય આપવા આદેશ કર્યો છે.

### શિક્ષણમાં ટેકનોલોજીનો ડંકો:

# ભરૂચના ડૉ. ઈમ્તીયાઝ ઘાંચીનું 'AI અને કાવ્ય શિક્ષણ' પરનું સંશોધન પત્ર રાજ્ય કક્ષાએ પસંદ

• ભરૂચ / દયાદરા,

શિક્ષણ ક્ષેત્રે આધુનિક ટેકનોલોજીના ઉપયોગને વેગ આપતા સમાચારમાં ભરૂચ જિલ્લાની દયાદરા હાઈસ્કૂલના શિક્ષક ડૉ. ઈમ્તીયાઝભાઈ ઘાંચીની વિશેષ સિદ્ધિ સામે આવી છે. GCERT ગાંધીનગર પ્રેરિત અને DIET નવસારી દ્વારા આયોજિત દક્ષિણ ઝોન કક્ષાની 'રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સ'માં તેમનું સંશોધન પત્ર રાજ્ય કક્ષાની કોન્ફરન્સ માટે પસંદગી પામ્યું છે.

નવસારી ખાતે ૭ જાન્યુઆરીના રોજ યોજાયેલી આ કોન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાના સંશોધકોએ ભાગ લીધો હતો. જેની મુખ્ય થીમ 'વિદ્યાર્થી કેન્દ્રી અધ્યયન પ્રક્રિયા' હતી. ડૉ. ઈમ્તીયાઝભાઈએ 'The Efficacy of AI tools in Poetry Instruction for ESL Learners' વિષય પર પોતાનું ક્રિયાત્મક સંશોધન રજૂ કર્યું હતું. આ સંશોધન પત્રમાં



તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના સાધનો દ્વારા અંગ્રેજીને દ્વિતીય ભાષા તરીકે શીખતા વિદ્યાર્થીઓ માટે કાવ્ય શિક્ષણને કેવી રીતે સરળ અને અસરકારક બનાવી શકાય, તેનું જીવંત નિદર્શન કર્યું હતું. આધુનિક શિક્ષણશાસ્ત્ર અને ટેકનોલોજીના આ સમન્વયને નિર્ણાયકોએ બિરદાવ્યો હતો. તેમની આ સિદ્ધિ બદલ ભરૂચ શિક્ષણ જગતમાં ગૌરવની લાગણી જોવા મળી રહી છે.

# ડુંગરા પોલીસે નાગરિકોના ખોવાયેલા ૨.૮૦ લાખની કિંમતના ૧૫ મોબાઈલ ફોન શોધી મૂળ માલિકોને પરત કર્યા



• વાપી (ડુંગરા),

વલસાડ જિલ્લાના ડુંગરા પોલીસ સ્ટેશનની ટીમે ટેકનોલોજી અને માનવીય અભિગમનો સમન્વય કરી નાગરિકોના ખોવાયેલા કે પડી ગયેલા ૧૫ જેટલા મોબાઈલ ફોન રિકવર કર્યા છે. આશરે ૨,૮૦,૦૦૦/- ની કિંમતનો આ મુદ્દામાલ ગતરોજ વિધિવત રીતે તેના મૂળ માલિકોને પરત સોંપવામાં આવતા લોકોના ચહેરા પર ખુશી જોવા મળી હતી.વિગત મુજબ, ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા કેટ લાક સમયથી ગુમ થયેલા કે ખોવાયેલા મોબાઈલ ફોન અંગેની અરજીઓ પર પોલીસે સઘન તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને જહેમતના અંતે પોલીસે અલગ-અલગ કંપનીના કુલ ૧૫ મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. તમામ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ, ગતરોજ પોલીસ સ્ટેશન ખાતે બોલાવી મૂળ માલિકોને તેમના ફોન પરત કરવામાં આવ્યા હતા.

### વધુ ઉઘરાણી કરી કેનાલમાં ફેંકી દેવાની ધમકી આપી

# ગાંધીનગર : વ્યાજખોરનો ત્રાસ યથાવત્ : હાર્ડવેરના વેપારી પાસેથી 7 લાખના બદલામાં 72 લાખ પડાવ્યા

• ગાંધીનગર

ગાંધીનગરમાં વ્યાજખોરોનો આતંક સીમા વટાવી રહ્યો હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાંદેસણ વિસ્તારમાં હાર્ડવેરની દુકાન ચલાવતા એક યુવાન વેપારી પાસેથી માત્ર 7 લાખની મૂડી સામે વાવોલના વ્યાજખોરે સાપ્તાહિક દોઢ લાખ વ્યાજ અને પેનલ્ટી સહિત કુલ રૂ. 72 લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે. આટલી મોટી રકમ વસૂલ્યા પછી પણ વ્યાજખોર દ્વારા વેપારીને કેનાલમાં ફેંકી દઈ જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતા અંતે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.ફરિયાદની વિગત મુજબ, અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં રહેતા અને રાંદેસણમાં મારુતિ મેગ્નમ કોમ્પલેક્ષમાં ગાયત્રી હાર્ડવેરની દુકાન ચલાવતા 25 વર્ષીય હિતાર્થ શૈલેષ પટેલને આશરે દોઢ વર્ષ પહેલાં નાણાંની જરૂરિયાત ઊભી થઈ હતી. આથી પરિચિત શાહુલ દેસાઈ મારફતે



તેનો સંપર્ક ભાવેશ માવજીભાઈ રબારી (રહે. વાવોલ) સાથે થયો હતો. એ વખતે ભાવેશે 10 ટકા વ્યાજની શરતે જૂન અને જુલાઈ-2024 દરમિયાન ટુકડે-ટુકડે રૂ.7,00,000 આપ્યા હતા. જોકે આ રકમ સામે તેણે દર અઠવાડિયે રૂ. 1,50,000 વ્યાજની માંગણી કરી હતી અને મોડું થાય તો રોજના હજારો રૂપિયાની પેનલ્ટી વસૂલવાનું શરૂ કર્યું હતું.અંતે હિતાર્થે પૈસાની વ્યવસ્થા નહીં થતા વ્યાજ ભરવાનું બંધ કરી દીધું હતું, જેથી ફેબ્રુઆરી-2025માં ભાવેશ રબારીએ તેની દુકાને જઈ ઉઘરાણી કરી હતી. તેણે ધમકી આપી હતી કે, જો વ્યાજના પૈસા નહીં આપે તો તને કેનાલમાં નાખી દઈશ. આ ધમકીના કારણે ગભરાઈ ગયેલા હિતાર્થ પાસે વ્યાજખોરે બળજબરીથી નોટરી કરાવી હતી અને સિક્યુરિટી પેટે વધારાના કોરા ચેક પણ પડાવી લીધા હતા.હિતાર્થ પટેલે ફરિયાદમાં દાવો કર્યો છે કે, જૂન, 2024થી ઓગસ્ટ, 2025 દરમિયાન તેણે અલગ-અલગ બેંક એકાઉન્ટ મારફતે રૂ. 17,00,000 અને રૂ. 55,00,000 રોકડા મળી કુલ રૂ. 72,00,000 ચૂકવી દીધા છે. આમ છતાં ભાવેશ રબારીએ વધુ નાણાં માટે દબાણ અને ગાળાગાળી ચાલુ રાખતા કંટાળીને પોતાના પરિવારને જાણ કરી હતી. આ અંગે પોલીસે વાવોલના ભાવેશ રબારી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નર્મદા કેનાલ દુર્ઘટનાનો કરુણ અંતઃ

# ચોથા દિવસે બીજા શિક્ષકનો મૃતદેહ ૨૫ કિ.મી. દૂરથી મળ્યો, મિત્રને બચાવવા જતાં બંને હોમાયા

• હાલોલ/વડોદરા,

પાવાગઢથી પરત ફરતી વખતે ખં ડીવાળા પાસે નર્મદા કેનાલમાં ડૂબેલા બે શિક્ષકો પૈકી બીજા શિક્ષક શુભમ પાઠકનો મૃતદેહ ચોથા દિવસે ૨૫ કિ.મી. દૂર કાલોલના સમા ગામ પાસે કેનાલના ગેટમાંથી મળી આવ્યો છે . હાલોલ ફાયર બ્રિગેડની ટીમે ચાર દિવસની સઘન શોધખોળ બાદ ભારે જહેમતે મૃતદેહને બહાર કાઢ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પ્રથમ શિક્ષક રાહુલ યાદવનો મૃતદેહ મળી આવ્યો હતો. આ દુર્ઘટનાને પગલે શિક્ષણ જગત અને મૃતક શિક્ષકોના વતનમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.



દુર્ઘટનાની વિગત મુજબ, રવિવા રે ચાર શિક્ષક મિત્રો પાવાગઢથી વડોદરા પરત ફરી રહ્યા હતા ત્યા રે કેનાલ પર હાથ-પગ ધોવા રો કાયા હતા. આ દરમિયાન રાહુલ યા દવનો પગ લપસતા તેઓ પાણીમાં તણાવા લાગ્યા હતા, જેમને બચાવવા માટે ગંગા નદી તરી શકતા કુશળ સ્વિમર એવા મિત્ર શુભમ પાઠકે પાણીમાં ઝંપલાવ્યું હતું. પરંતુ કેનાલના પાણીના પ્રચંડ વહેણ સામે બંને ૧૦૦ મીટર સુધી સંઘર્ષ કર્યા બાદ અન્ય બે મિત્રોની નજર સામે જ ગરક થઈ ગયા હતા. રાહુલ યાદવ વડોદરાની ફોટોન સ્કૂલમાં અને શુભમ પાઠક આણંદના IIT આશ્રમમાં ફરજ બજાવતા હતા. જરોદ પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉત્તરાયણમાં અબોલ જીવો માટે ભરૂચ વહીવટી તંત્ર સજ્જઃ ૨૦ કલેક્શન સેન્ટર અને ૧૨ સારવાર કેન્દ્રો કાર્યરત કરાશે

• ભરૂચ,

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓની તાત્કાલિક સારવાર માટે ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. વન વિભાગ, પશુપાલન વિભાગ અને ૧૦ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓના સંકલનથી જિલ્લામાં ૨૦ કલેક્શન સેન્ટર અને ૧૨ અદ્યતન સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવશે.કલેક્ટરના આદેશ અનુસાર, ઘાતક ચાઈનીઝ માંઝાના વેચાણ અને ઉપયોગ સામે પોલીસ તથા નગરપાલિકા દ્વારા કડક ઝુંબેશ ચલાવવામાં આવશે.ઘાયલ પક્ષીઓના રેસ્કયૂ માટે તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો કોઈ પક્ષી ઈજાગ્રસ્ત અવસ્થામાં જણાય તો તુરંત વન વિભાગના વોટ્સએપ નંબર 8320002000, વન વિભાગ હેલ્પલાઈન 1926 અથવા કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ 1962 પર સંપર્ક કરવો.

**મહારાજ માધવાનંદ સ્વામીનો તપાસ માં પાસપોર્ટ પણ મળ્યો** — આજે IB અને વનવિભાગ દ્વારા તપાસ નો ધમધમાટ

# ધરમેશ્વર મહાદેવ મંદિરમાંથી જાનવરના નખ અને ચામડા પ્રકરણમાં આજે બીજે દિવસે તપાસ નો ધમ ધમાટ શરૂ થયો

## ગુજરાતમાં પ્રથમવાર 40 થી વધુ વાઘના ચામડા અને નખ મળ્યાનો પ્રથમ કિસ્સો

• રાજપીપલા, તા. ૯

રાજપીપલા શહેર નજીક આવેલ ધરમેશ્વર મહાદેવ મંદિર ના જુના મકાનમાંથી જાનવરના નખ અને ચામડા પ્રકરણમાં આજે બીજે દિવસે તપાસ નો ધમ ધમાટ શરૂ થયો હતો.આજે IB અને વનવિભાગ દ્વારા તપાસ નો ધમધમાટ જોવા મળ્યો હતો. આજે ખાસ તો મન્દિરના મહંતમહારાજ માધવાનંદ સ્વામી નો તપાસ માં પાસપોર્ટ પણ મળ્યો છે.

આ પાસપોર્ટ માં 12-02-1977 માં USA પણ ગયા હતા એવી માહિતી સામે આવી છે.આ મહારાજ માધવાનંદ સ્વામી મૂળ મધ્યપ્રદેશ ના છે. જોકે વનવિભાગ દ્વારા મધ્યપ્રદેશ સુધી આ વાઘ ના ચામડા ને લઈ તપાસ શરૂ કરી છેUSA માં પણ કોની સાથે સંપર્ક માં હતા એ પણ તપાસ થશે.જોકેજોકે પ્રાથમિક તપાસમાં મુદ્દામાલ ફેંક હોવાનું વન વિભાગનું અનુમાન છે.મુદ્દા માલ હાલ હૈદરાબાદ લેબોરેટરી માં તપાસ માટે મોકલાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજપીપલા શહેર નજીક આવેલ ધરમેશ્વર મહાદેવ મંદિર ના જુના મકાનમાંથી જાનવરના નખ અને



ચામડા મળી આવતા ચકચાર મચી જવા પામી છે.ગુજરાતમાં પ્રથમવાર આટલી મોટી સંખ્યામાં 40 થી વધુ વાઘના ચામડા અને નખ મળ્યાનો પ્રથમ કિસ્સો સામે આવ્યો છે.

તપાસમાં 37 વાઘના ચામડા આખા, 4 ચામડા ના ટુકડા અને 133 જેટલા વાઘના નખ મળી આવ્યા છે. જોકે આ જર્જરીત મકાનમાંથી મળી આવતા ઘણા જુના ચામડા હોવાનું પ્રાથમિક

મંદિરના ટ્રસ્ટી પંકજ વ્યાસ દ્વારા સફાઈ કામ કરતી વખતે પેટી ખોલતા ચામડા જણાતા ફોરેસ્ટ વિભાગ ને જાણ કરવામાં હતી.

રેન્જ ફોરેસ્ટ ઓફિસર જીગ્નેશ સોની અને તેમની ટીમ દ્વારા મન્દિર ખાતે જઈને તપાસ કરી હતી અને પેટી સહીત ચામડા નખ જપ્ત કરી તેનો કાયદેસરનો પંચ કયાસ કર્યો હતો.

તપાસ માં 37 વાઘ ના ચામડા આખા, 4 ચામડા ના ટુકડા અને 133 જેટલા વાઘ ના નખ મળી આવ્યા છે.જોકે ફોરેસ્ટ વિભાગ ને શંકાસ્પદ લાગતા એફ એસ એલ લેબોરેટરિમા માં નખ અને ચામડું મોકલી આપવામાં આવ્યું છે.રાજપીપલા વન વિભાગની કચેરીએ ફોરેસ્ટ અધિનિયમ હેઠળ (તસ્કરી) નો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે જોકે આ ચામડું 35 વર્ષ થી વધુ થયા હોયએવું આ જગ્યા પર હતું એમ રેન્જ ફોરેસ્ટ ઓફિસરએ જણાવ્યું હતું.

અહીંયા મંદિર માં રહેતાં મહારાજ નું 7-7-2025 ના રોજ દેવલોક પામ્યા છે.જોકે આ ચામડા અને નખ મહારાજ જ્યાં રહેતા હતા એ રૂમમાંથી જ મળી આવ્યું છે.હાલ તોવનવિભાગ મંદિરના નિધન થયેલ મહારાજ સાથે કોણ કોણ સંપર્ક માં હતા એની તપાસ ચાલુ કરી છે

તપાસ માં મોટા માથા નિકળે એવી આશા લાગી રહી છે.મંદિર ના ટ્રસ્ટી ના કહેવા મુજબ મહારાજ માધ્યપ્રદેસ ના હતાની વાત બહાર આવી છે.સવાલ એ થાય છે કે આટલા જુના આટલી મોટી સંખ્યામાં આ ચામડા અને નખ આવ્યા ક્યાંથી? મન્દિર અને મહન્ત સાથે આ ચામડા નખનો શો સંબંધ છે એ તપાસ નો મોટો વિષય બન્યો છે.

તસ્વીર:દીપક જગતાપ, રાજપીપલા

કલોલનો જ્વેલર્સ ગ્રાહકોના લાખોના દાગીના લઈ ફરાર

# નિવૃત શિક્ષિકા 16 તોલા દાગીના છોડવવા ગયા તે પહેલા જ સોની દુકાન બંધ કરી પલાયન

**શિક્ષિકા સહિત અનેક ગ્રાહકો ભોગ બન્યા** — જ્વેલર્સની દુકાન ચલાવતા એક વેપારી અનેક ગ્રાહકોના લાખો-કરોડો રૂપિયાના સોનાના દાગીના લઈ ફરાર થઈ જતાં ચકચાર

• ગાંધીનગર

કલોલનો જ્વેલર્સ ગ્રાહકોના લાખોના દાગીના લઈ ફરારઃનિવૃત શિક્ષિકા 16 તોલા દાગીના છોડવવા ગયા તે પહેલા જ સોની દુકાન બંધ કરી પલાયન, શિક્ષિકા સહિત અનેક ગ્રાહકો ભોગ બન્યા ગાંધીનગર જીલ્લાના કલોલ તાલુકાના પલિયડ ગામે જ્વેલર્સની દુકાન ચલાવતા એક વેપારી અનેક ગ્રાહકોના લાખો-કરોડો રૂપિયાના સોનાના દાગીના લઈ ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે. ગાંધીનગરના ખોરજ ડાભી ગામમાં રહેતા નિવૃત મહિલા શિક્ષિકાએ વિશ્વાસમાં આવી પોતાના 16 તોલાથી વધુ સોનાના દાગીના ગીરવે મુક્યા હતા, જે પરત લેવા જતાં સોની દુકાન બંધ કરી પલાયન થઈ ગયો હોવાનું




સામે આવ્યું છે.આ અંગે નિવૃત શિક્ષિકા સહિત અનેક લોકોને રાતા પાણીએ રોવાનો વખત આવતા કલોલ તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કલોલના ખોરજ ડાભી ગામના રહેવાસી નિવૃત શિક્ષિકા કૈલાશબા ચાવડાને તેમના ભત્રીજાને વિદેશ મોકલવા માટે રૂ. 5 લાખની જરૂરિયાત ઊભી થઈ હતી. આથી તેમણે પલિયડ ગામના પરિચિત ઉમિયા જ્વેલર્સના સોની ભૂપેન્દ્ર જયંતિલાલ ઝિઝુંવાડીયા પાસે પોતાના 14 તોલાથી વધુ સોનાના દાગીના ગીરવે મુકી રૂ. 5 લાખ લીધા હતા.ત્યારબાદ સોનીએ વ્યક્તિગત જરૂરિયાત બતાવી મહિલાના ઘરે જઈ વધુ અઢી તોલા સોનું વિશ્વાસમાં લઈ મેળવ્યું હતું. ત્યારે કૈલાશબાએ ટુકડે-ટુકડે રૂ. 3 લાખ રોકડા અને રૂ. 1 લાખનો ચેક મળી કુલ રૂ. 4 લાખ સોનીને પરત કરી દીધા હતા. જોકે બાકીના રૂ. 1 લાખ લઈને જ્યારે તેઓ દાગીના છોડાવવા ગયા ત્યારે ભૂપેન્દ્ર દુકાને હાજર નહોતો.

આ અંગે તેના પિતાએ શિક્ષિકાને જણાવ્યું હતું કે, તેમનો પુત્ર દાગીના લઈને ફરાર થઈ ગયો છે અને હવે તેમનો તેની સાથે કોઈ સંબંધ નથી. આ ઘટના બાદ તપાસ કરતા તેમને જાણવા મળ્યું કે, ખોરજ ડાભી ગામના અન્ય રહીશો જેવા કે જયપાલસિંહ ડાભી, વિષ્ણુબેન વાઘેલા અને વિમળાબેન ડાભી સહિતના અનેક લોકો પાસેથી પણ આ સોનીએ સોનું ગીરવે લઈ લાખોની છેતરપિંડી કરી છે. હાલમાં મહિલા શિક્ષિકાએ પોતાના લાખની કિંમતના આશરે 16 તોલા 6 ગ્રામ સોનાના દાગીના ગુમાવતા કલોલ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છેઆ અંગે કલોલ તાલુકા પીઆઈ આર. આર. પરમારે કહ્યું કે, જ્વેલર્સ છેલ્લા એકાદ વર્ષથી લોકોના દાગીના લઈને ફરાર થઈ ગયો છે. નિવૃત શિક્ષિકાના 12 લાખ ઉપરાંત અન્ય લોકોના પણ બે પાંચ લાખ મળીને લાખો રૂપિયાના દાગીના લઈ નાસી ગયો હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં જ્વેલર્સે દુકાન પણ વેચી મારી હોવાની વિગતો મળી છે. તેણે અત્યાર સુધીમાં બધાને વાયદાઓ કરે રાખ્યા હતા. બાદમાં સંપર્ક બંધ થઈ જતા ભોગ બનનાર લોકોએ ફરિયાદ કરી છે.

# ઓલપાડના સરસાણા ગામથી રૂ.૪૦.૯૬ કરોડના ૧૩ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ

## સુરત જિલ્લામાં હાટ બજારની આડમાં ડ્રગ્સનું દુષણ વધ્યું:મુકેશ પટેલ

• ઓલપાડ,તા.૦૯

ઓલપાડ તાલુકાના સરસાણા ગામે કોબા રોડ ઉપર આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતેથી રાજ્યકક્ષાના પૂર્વમંત્રી અને ૧૫૫-ઓલપાડ વિધાનસભા મતક્ષેત્ર ના ધારાસભ્ય મુકેશભાઈ પટેલના વરદહસ્તે રૂ.૪૦.૯૬ કરોડના ૧૩ વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ યોજાયો હતો. વિગત મુજબ મોર જિલ્લા પંચાયત સીટ માં સમાવિષ્ટ ગામોમાં મંજૂર થયેલ રૂ.૪૦.૯૬ કરોડના વિવિધ વિકાસલક્ષી કામોના ખાતમુહૂર્ત અને લોકાપર્ણ કરતાં પૂર્વ મંત્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે,રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની દીર્ઘ દ્રષ્ટિથી પોલીસ તંત્ર રાજ્યમાં ચાલતા નશાના કાળા કારોબારને નાથવામાં સતત સફળ થઈ રહ્યા છે.જયારે સુરત જિલ્લામાં પણ હાટ બજારની આડમાં ડ્રગ્સનું દુષણ વધતા યુવાનોના માં-બાપે સતર્ક રહેવાની



જરૂર છે.જે સાવચેતીના ભાગરૂપે મેં જિલ્લા પોલીસ વડાનો સંપર્ક કરી મારા ઓલપાડ વિધાનસભા મતક્ષેત્ર ના સાયણ,ઓલપાડ, કીમ સહિતના વિવિધ વિસ્તારોમાં ચાલતા હાટ બજારો તાકીદે બંધ કરવા સૂચના આપી દીધી છે.તેમણે આ પ્રસંગે બે ગામોને જોડતા અનેક રસ્તા ઓ બનાવડાવી લોકોના સામાજિક સબંધોનું અંતર ઘટાડ્યું હોવાનું કહી નજીકના દિવસોમાં હજુ પણ બે ગામોને જોડતા નવા રસ્તાઓ બનાવવા લોકો નડતર રૂપ જમીનની સમસ્યા હલ કરે તેવો અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં ઓલપાડ તા.પં.ના પ્રમુખ નીતાબેન પટેલની ટીમ,જિ.પં.ના સભ્યો,તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપસિંહ, મહામંત્રી સુનિલ પટેલ અને સંગઠન ટીમ, કાર્યપાલક ઈજનેર પ્રતિક ખીમાણી, એ.સો.વિશાલ પટેલ વિવિધ ગામોના સરપંચો સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતાં.

# ગુજરાત રાજ્યમાં એકસાથે 427 વનરક્ષકોને વનપાલ પદે બઢતી

## વન વિભાગના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી બઢતી

• ગાંધીનગર

રાજ્યમાં એકસાથે 427 વનરક્ષકોને વનપાલ પદે બઢતીઃવન વિભાગના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી બઢતી, ફીલ્ડ સ્ટાફમાં ખુશીની લહેર ગુજરાત વન વિભાગે રાજ્યના વન સંરક્ષણ તંત્રને વધુ મજબૂત બનાવવા દિશામાં ઐતિહાસિક નિર્ણય લીધો છે. વિભાગ દ્વારા એક જ આદેશમાં 427 બીટ ગાર્ડને ફોરેસ્ટર (વનપાલ) તરીકે બઢતી આપવામાં આવી છે. વન વિભાગના ઈતિહાસમાં આ અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યામાં થયેલી બઢતી ગણાઈ રહી છે.લાંબા સમયથી બઢતીની રાહ જોઈ રહેલા વનરક્ષકો માટે આ નિર્ણય આશાનો સંદેશ બની આવ્યો છે. વર્ષો સુધી જંગલ વિસ્તારમાં મુશ્કેલ પરિસ્થિતિઓમાં ફરજ બજાવતા કર્મચારીઓના અનુભવ અને સેવાઓને માન્યતા મળતાં ફીલ્ડ સ્ટાફમાં ઉત્સાહ અને સંતોષની લાગણી વ્યાપી છે. વન વિભાગના અધિકારીઓનું



માનવું છે કે, આ વ્યાપક બઢતીથી પાયાના સ્તરે વહીવટી માળખું વધુ મજબૂત બનશે. સાથે જ વન અને વન્યજીવ સંરક્ષણ, ગેરકાયદે કાપ અટકાવવાની કામગીરી તથા જંગલ સુરક્ષા માટેના પ્રયાસોમાં વધુ ગતિ મળશે.રાજ્ય સરકારના આ નિર્ણયને વન કર્મચારીઓ માટે મનોબળ વધારનાર પગલું તરીકે જોવામાં આવી રહ્યું છે, જે આવનારા સમયમાં વન સંરક્ષણની કામગીરીને વધુ અસરકારક બનાવશે.

# વલસાડ સિટી પોલીસે પ્રોહિબિશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીને દબોચ્યો



• વલસાડ,

વલસાડ સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં લાંબા સમયથી પોલીસને થાપ આપી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી આરોપીને તેના રહેણાંક વિસ્તારમાંથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિગત મુજબ, વલસાડ સિટી પોલીસને ખાનગી રાહે બાતમી મ ળી હતી કે દારૂબંધીના ગુનામાં સંડોવાયેલ અને નાસતો-ફરતો આરોપી નિરવ શૈલેષભાઈ પટેલ (રહે. ૪૦૮, ભીનાર ફળીયા, કુંડી, જી. વલસાડ) પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવનાર છે . આ હકીકતના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે જાળ બિછા વી આરોપીને ઝડપી પાડ્યો હતો. હાલ પોલીસે આરોપીની અટકાયત કરી તેની સામે ગુનાની આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે.

રાણી છાપના સિક્કા સહિત 5 લાખની મત્તા સાફ

# ગાંધીનગર નજીક આવેલા યબ મામલતદારના વતન ગિયોડમાં 2 બંધ મકાનમાં 5 લાખની મત્તા ચોરી

• ગાંધીનગર

નાયબ મામલતદારના વતન ગિયોડમાં 2 બંધ મકાનમાં ચોરી, રાણી છાપના સિક્કા સહિત 5 લાખની મત્તા સાફ ગાંધીનગર નજીક આવેલા ગિયોડ ગામમાં તસ્કરોએ બે બંધ મકાનને નિશાન બનાવી તરખાટ મચાવ્યો છે. વાવોલ ખાતે રહેતા નાયબ મામલતદારના નિવૃત પિતાના ગિયોડ સ્થિત બંધ મકાનના તાળા તોડી તસ્કરો તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ.5.25 લાખથી વધુની મત્તા ચોરીને ફરાર થઈ જતા ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ ગિયોડના વતની અને



હાલ ગાંધીનગરના વાવોલ ગામમાં અંબિકા રેસિડેન્સીમાં નિવૃત જીવન ગુજારતા ભીમજીભાઈ મોતીભાઈ પટેલના ગિયોડમાં બે મકાન આવેલા છે. જેમના પુત્ર નાયબ મામલતદાર છે. ગત તા. 7 જાન્યુઆરીના રોજ સવારે 11 વાગ્યે તેમના પિતરાઈ ભાઈ ગાભુભાઈ પટેલે ફોન કરીને જાણ કરી હતી કે, ગિયોડવાળા મકાનના લોક તૂટેલા છે અને દરવાજા ખુલ્લા છે. આથી ભીમજીભાઈ અને તેમનો પુત્ર કૌશલભાઈ તાત્કાલિક ગામડે દોડી આવ્યા હતા. બાદમાં મકાનમાં તપાસ કરતા તેમને જાણવા મળ્યું હતું કે, લોખંડની જાળી અને મુખ્ય લાકડાના દરવાજાના નકુચા તોડી તસ્કરો અંદર પ્રવેશ્યા હતા અને ઘરના ઓરડામાં રાખેલી લોખંડની તિજોરીનું લોક તોડી અંદરના કપડાં વેરવિખેર કરી દેવાયા હતા. બાદમાં તિજોરીમાંથી સોનાની ચેચણ, સોનાની ચેઈન, કાનની બુટ્ટી તેમજ ચાંદીનો કંદોરો, પગની સેર અને 9 જેટલા જુના રાણીછાપ સિક્કા, 17 હજારથી વધુની રોકડ મળીને કુલ રૂ.5.25 લાખથી વધુની મત્તા તસ્કરો ચોરી ગયા હતા. ભીમજીભાઈની ફરિયાદ મુજબ, તા. 6 જાન્યુઆરીની સાંજથી તા. 7 જાન્યુઆરીની સવાર દરમિયાન કોઈ પણ સમયે તસ્કરોએ આ ચોરીને અંજામ આપ્યો છે.

# દેશના પ્રહરીઓ ગાંધીના પંથે: ૧૬ નિવૃત્ત આર્મી જવાનોની દાંડી યાત્રા આમોદ પહોંચી

### આમોદ પહોંચતા નગરજનોએ તેમને ભાવભીનું આવકાર્યા હતા, ગુંજી ઉઠ્યા 'ભારત માતા કી જય'ના નારા



• આમોદ,

અમદાવાદના સાબરમતી આશ્રમથી ઐતિહાસિક દાંડી માર્ગ પર નીકળેલી નિવૃત્ત આર્મી જવાનોની પદયાત્રા આમોદ પહોંચતા નગરજનોએ તેમને ભાવભીનું આવકાર્યા હતા. ૬૨ વર્ષથી વધુ વયના ભારતના વિવિધ રાજ્યોના ૧૬ નિવૃત્ત જવાનોએ ગાંધીજીના જીવનમૂલ્યોને સમજવા અને રાષ્ટ્રચેતના જગાડવા આ પદયાત્રા આદરી છે. આમોદ ગાંધી આશ્રમ ખાતે આર્મીના આ નિવૃત્ત વીરોનું પુષ્પગુચ્છ અને સ્વાગત ગીતો સાથે ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

ગત ૨ જાન્યુઆરીથી શરૂ થયેલી આ યાત્રામાં જોડાયેલા જવાનો હાલ સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવે છે. આમોદ પહોંચ્યા બાદ તેમણે પ્રાથમિક શાળાના બાળકો સાથે વાર્તાલાપ કરી ગાંધીજીના અહિંસા અને સત્યના માર્ગ વિશે ચર્ચાઓ કરી હતી. આ પ્રસંગે બી.આર.સી. આસિફ પટેલ, પરિમલ મોદી અને ગાંધી આશ્રમના સંચાલકોએ જવાનોની રાષ્ટ્રભક્તિને બિરદાવી હતી. આર્મી જવાનોની આ અનોખી દાંડી યાત્રાએ સ્થાનિક યુવાનો અને વિદ્યાર્થીઓમાં દેશપ્રેમનો નવો જુસ્સો ભર્યો છે.

# ભરૂચના કસક વિસ્તારમાં પાંચ શાહુડીના પરિવારે દેખા દીધી: વન વિભાગ અને જીવદયા પ્રેમીઓ દ્વારા રેસ્ક્યૂ કામગીરી તેજ

• ભરૂચ,

ભરૂચ શહેરના કસક વિસ્તારમાં વન્યજીવ શાહુડીનો આખો પરિવાર વિચરણ કરતો હોવાની માહિતી મળતા વન વિભાગ અને સ્થાનિક જીવદયા પ્રેમીઓની ટીમ હરકતમાં આવી છે. અંદાજે ૦૫ શાહુડીઓ આ વિસ્તારમાં ફરી રહી હોવાની સ્થાનિકોની ફરિયાદ બાદ ગત રાત્રે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વન વિભાગ દ્વારા આ વન્ય જીવોને સુરક્ષિત રીતે પકડવા માટે પાંજરા પણ મુકવામાં આવ્યા છે.

ઘટનાની વિગત મુજબ, કસક વિસ્તારની પટેલ સોસાયટીમાં વન્યજીવ શાહુડી દેખાઈ હોવાની જાણ થતા જ વર્ષોથી વન્યજીવ રેસ્કયૂમાં અનુભવી એવા જીવદયા પ્રેમી મિતુલ પટેલ (અન્નકૂટ સ્વીટ), કામધેનુ ગૌરક્ષા સમિતિના આશિષ શર્મા, નેચર પ્રોટેક્શન ક્લબના યોગેશ મિસ્ત્રી અને રમેશભાઈ દવેની ટીમ સ્થળ પર પહોંચી હતી.

**પાણી-ડ્રેનેજ** અમદાવાદમાં પાણીજન્ય એવા ઝાડા ઉલટી, કમળો, ટાઈફોઈડ અને કોલેરાના કેસ વધી રહ્યા છે

# અમદાવાદમાં ઈન્દોર જેવું કાંડ ન થાય એટલે પાણી ડ્રેનેજની જૂની લાઈનો 300 કરોડના ખર્ચે બદલાશે

### ઈંદોરની જેમ જળકાંડ સર્જાવાની દહેશત વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સતત મીટિંગના દોર શરુ થઈ ગયા છે

• અમદાવાદ

ઈન્દોર જેવું કાંડ ન થાય એટલે શહેરમાં 300 કરોડના ખર્ચે બદલાશે પાણી-ડ્રેનેજની જૂની લાઈનો અમદાવાદમાં પાણીજન્ય એવા ઝાડા ઉલટી, કમળો, ટાઈફોઈડ અને કોલેરાના કેસ વધી રહ્યા છે. ઈંદોરની જેમ જળકાંડ સર્જાવાની દહેશત વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સતત મીટિંગના દોર શરુ થઈ ગયા છે. રોગચાળા માટે 26 હોટસ્પોટ એરીયા જાહેર કરાયા છે. ગોમતીપુર,બહેરામપુરા અને દાણીલીમડા સહિતના અનેક એવા વિસ્તાર છે કે જયાં કોર્પોરેશનની પાણી કે ડ્રેનેજની લાઈન પસાર થાય છે તે વિસ્તારમા લાઈન બદલવા મકાનો તોડવા પડે એવી સ્થિતિ સર્જાઈ છે. કેટલાક મકાન તોડવા પડશે એ અંગે સર્વે શરુ કરવામા આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના કહેવા મુજબ,પાણી અને ડ્રેનેજની લાઈન બદલવા અંદાજે રુપિયા 300 કરોડનો ખર્ચ થશે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પ્રદૂષિત પાણીના કારણે ટાઈફોઈડ સહિતના રોગના કેસ વધ્યા છે. જેને કારણે કોર્પોરેશનના હેલ્થ અને ઈજનેર વિભાગ સહિતનો સ્ટાફ દોડતો થઈ ગયો છે. આગામી સમયમાં કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી આવી રહી છે. આ પહેલા શહેરમાં રોગચાળાની



પરિસ્થિતિ વકરે નહીં એ માટે મ્યુનિસિપલ કમિશનરની સાથે શાસક ભાજપના હોદ્દેદારો પણ કામે લાગી ગયા છે.

જે વિસ્તારોમાં લોકોને પ્રદૂષિત પાણી મળે છે એ વિસ્તારના લોકોને જયાં સુધી પ્રદૂષણની સમસ્યા હલ ના થાય ત્યાં સુધી ટેન્કરથી પાણી પુરુ પાડવા પાછળ પણ કોર્પોરેશન લાખો રૂપિયાનો ખર્ચ કરે છે. થોડા સમય પછી ફરી જે સ્થળે પાણીમા પોલ્યુશન આવવાની સમસ્યા અગાઉ થઈ હોય ત્યાંના લોકોની ફરિયાદ તંત્રને મળે છે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યું કે,પાણીના પોલ્યુશનની સમસ્યાના કાયમી નિકાલ માટે વર્ષો જુની લાઈનના સ્થાને નવી લાઈન નાંખવાનો નિર્ણય કરવામા આવ્યો છે. વિવિધ વિસ્તારમાં આવેલા વેજીટેબલ માર્કેટ અને ખાણી-પીણી બજારમાંથી સડેલા બટાકા સહિતના અન્ય શાકભાજીના જથ્થાનો નાશ કરવાથી લઈ તમામ સ્થળે સાફ સફાઈ રાખવા તમામ વિભાગને તાકીદ કરવામા આવી છે.

વર્ષો જુના મકાન તોડવા રહીશો સંમતિ આપશે કે કેમ? પૂર્વ અને દક્ષિણ અમદાવાદના વિસ્તારમાં ચાલીઓમા રહેતા લોકો મોટાભાગે ગરીબ અને શ્રમિક વર્ગના છે. 30 કે 40 વર્ષથી જે ચાલીઓમાં લોકો રહે છે. એવા લોકોના મકાન નીચેથી પસાર થતી કોર્પોરેશનની પાણી અને ડ્રેનેજની લાઈન વર્ષો પછી બદલવા તેમના મકાન તોડવા તેઓ સંમતિ આપશે કે કેમ? ઉપરાંત માની લો કે તેઓ સંમતિ આપે તો પણ તેમના મકાન તોડવામા આવે તે સામે કોર્પોરેશન તરફથી તેમને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આર્થિક વળતર અપાશે કે પછી આવાસની ફાળવણી કરાશે આ મુદ્દા ઉપર પણ હજુ સુધી કોર્પોરેશનના સત્તાધીશો કે તંત્ર તરફથી કોઈ નકકર નિર્ણય લેવામા આવ્યો નથી. સ્ટેન્ડિંગ કમિટી પહેલા મેયરની એન્ટી ચેમ્બરમાં હોદ્દેદારોએ બેઠક કરી કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીમા સામાન્ય રીતે મ્યુનિસિપલ કમિશનર હાજર જ રહેતા હોય છે. આમ છતાં ગુરુવારે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પહેલા મેયરની એન્ટી ચેમ્બરમાં મેયર સહિતના પદાધિકારીઓએ મ્યુનિસિપલ કમિશનર સાથે એક મહત્વની બેઠક કરી હતી. આ બેઠકમાં શહેરમા રોગચાળાને લઈ ઉદભવેલી સ્થિતિ અને તેને કેવી રીતે નિયંત્રણમા લેવી એ મુદ્દા ઉપર ચર્ચા કરાઈ હતી.બુધવારે કમિશનરે વીકલી રીવ્યુ બેઠકમાં રોગચાળાને લઈ અધિકારીઓ ઉપર ગાજ વરસાવી હતી.તેને શાંત કરવા પ્રયાસ કરાયો હતો.

### અસામાજિક તત્વો જાહેરમાં ધોકા અને છરાના ઘા મારીને એક્ટિવામાં તોડફોડ કરતા હોય એવો વીડિયો સોશિયલ મીડિયમાં ફરતો થયો હતો

# ચાંદખેડામાં અસામાજિક તત્વોનો આંતક : જૂની અદાવતમાં દલિત યુવકને અપશબ્દો કહી વાહનમાં તોડફોડ કરી હતી

**જાણો શું છે મામલો** આરોપીઓ તેને અવાર-નવાર ધમકાવતા હતા અને મિત્રતા રાખવાની ના પાડતા હતા



• અમદાવાદ

ચાંદખેડામાં અસામાજિક તત્વોનો આંતક : જૂની અદાવતમાં દલિત યુવકને અપશબ્દો કહી વાહનમાં કરી તોડફોડ અમદાવાદના ચાંદખેડામાં ગઈકાલે કેટલાક અસામાજિક તત્ત્વો જાહેરમાં ધોકા અને છરાના ઘા મારીને એક્ટિવામાં તોડફોડ કરતા હોય એવો વીડિયો સોશિયલ મીડિયમાં ફરતો થયો હતો. આ ઘટના પહેલાં કેટલાક શખસો દ્વારા જૂની અદાવતમાં એક દલિત યુવકને પહેલાં ગાળો ભાંડવામાં આવી હતી. ત્યારબાદ ટુવ્હીલરમાં તોડફોડ કરી હતી. જે અંગે દલિત યુવકે ફરિયાદ કરતા પોલીસે અસામાજિકતત્ત્વોને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના અંગે 22 વર્ષીય કિર્તન વડનગરાએ ચાંદખેડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. કિર્તન લેબોરેટરીમાં સેમ્પલ કલેકશન બોય તરીકે નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. ફરિયાદ મુજબ, કિર્તનના મિત્રો વેદાંત વર્મા અને સી.કે. ચૌહાણ સાથે આરોપીઓને અગાઉના એક મર્ડર કેસના કારણે અદાવત ચાલતી હતી. કિર્તન આ મિત્રો સાથે રહેતો હોવાથી આરોપીઓ તેને અવાર-નવાર ધમકાવતા હતા અને મિત્રતા રાખવાની ના પાડતા હતા.

આ ઘટના પાંચમી જાન્યુઆરીના રોજ બપોરે સાડા ચાર વાગ્યે થઈ હતી. કિર્તન તેના મિત્ર વેદાંત સાથે એક્ટિવા પર પસાર થઈ રહ્યો હતો, ત્યારે કે.બી. રોયલ હોમ્સના ગેટ પાસે મંથન ઠાકોર અને સિધ્ધરાજ ઠાકોરે તેમને રોક્યા હતા. આરોપીઓએ કિર્તનને જ્ઞાતિસૂચક ગાળો આપી માર માર્યો હતો. આ પછી કિશુ ઠાકોર, અમિત ઠાકોર અને અન્ય પાંચ જેટલા શખસો છરા, લાકડાના ધોકા અને લોખંડની પાઈપો સાથે આવ્યા હતા. જીવ બચાવવા માટે કિર્તન અને તેનો મિત્ર વાહન મૂકીને ભાગી ગયા હતા. ત્યારબાદ કિર્તનના એક્ટિવાને સળગાવી દીધું હતું. આ મામલે પોલીસે મંથન ઠાકોર સહિતના તમામ શખસો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ચાંદખેડાના સ્કાયવોક ફલેટમાં રહેતા એક યુવકને સોસાયટીના બેઝમેન્ટમાં આવવા-જવા મામલે અન્ય રહીશ અને તેના મિત્રોએ ઢોર માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર ઘટના ફ્લેટની બહાર લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. આ ઘટના અંગે પોલીસે ત્રણ શખસો સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, ચોથી જાન્યુઆરી 2026ના રોજ રાત્રે 10 વાગ્યે મયંકભાઈ સોસાયટીની બહાર આવેલા હેવમોર આઈસ્ક્રીમ પાર્લર પાસે ઊભો હતો. તે વખતે આકાશ ઠક્કર ત્યાં આવ્યો હતો અને મયંકભાઈને અટકાવીને કહ્યું હતું કે, 'તને સોસાયટીના બેઝમેન્ટમાં આવવાની ના પાડી છે છતાં તું કેમ આવે છે? તું અમારી રેકી કરે છે?' આટલું કહી આકાશે બેફામ ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. મયંકભાઈએ ગાળો બોલવાની ના પાડતા મામલો ગરમાયો હતો. આકાશની સાથે તેના બે મિત્રો હિરેન અને કાનો પણ ત્યાં આવ્યા હતા. ત્રણેયએ મયંકભાઈને ઢોર માર માર્યો હતો. આ દરમિયાન આકાશ ઠક્કરે લાકડી વડે મયંકભાઈની પીઠ અને શરીરના અન્ય ભાગે ફટકા માર્યા હતા. જેને લીધે તેઓ ઈજાગ્રસ્ત થયા હતા.

### GLS યુનિ. પાસે વિદ્યાર્થીઓની બબાલ

# રેસ લગાડવા બાબતે મેસેજમાં બોલાચાલી બાદ એક વિદ્યાર્થીએ અન્યને માથામાં કડું માર્યું

• અમદાવાદ

અમદાવાદમાં GLS યુનિવર્સિટી બહાર એક વિદ્યાર્થીને અન્ય કેટલાક વિદ્યાર્થીઓએ માર માર્યો હતો. BBA સેમેસ્ટર-2માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીની અન્ય વિદ્યાર્થી સાથે રેસ લગાવવા જેવી બાબતે બોલાચાલી થઈ હતી. રેસ લગાવવા બાબતે મેસેજમાં બોલાચાલી થયા બાદ વિદ્યાર્થી રોહિતને પ્રભજીતસિંગ કલસી સહિતના વિદ્યાર્થીઓએ માર માર્યો હતો. હાથમાં પહેરેલું કડું રોહિતના માથામાં મારતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. અન્ય વિદ્યાર્થીઓએ બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રોહિતે પ્રભજીતસિંગ કલસી સહિત ત્રણ લોકો સામે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.




રોહિત કુમાવત લો ગાર્ડન પાસે આવેલી GLS કોલેજમાં BBAના સેમેસ્ટર 2માં અભ્યાસ કરે છે. ગત 7 તારીખે રોહિત કુમાવત અને પ્રભજીતસિંગ કલસી વચ્ચે રેસ લગાવવા બાબતે મેસેજમાં બોલાચાલી થઈ હતી. જે બાદ ગઈકાલે(8 જાન્યુઆરી) બપોરના સમયે રોહિત તેના ઘરેથી ક્રેટા ગાડી લઈને કોલેજમાં ફી ભરી હતી તેની રિસીપ્ટ લેવા માટે નીકળ્યો હતો. તેમજ તેની સાથે તેના મિત્ર આદિ મોર્યને લઈને GLS કોલેજ આવી રહ્યો હતો. બપોરના સમયે રોહિતે તેની ગાડી GLS યુનિવર્સિટીના ગેટ નંબર 8ની સામે ગલીમાં પાર્ક કરી કોલેજ તરફ જઈ રહ્યો હતો.તે સમયે જ રેસ લગાવવા બાબતે મેસેજમાં બોલાચાલી થઈ હતી. તે યુવક પ્રભજીતસિંગ કલસી તેના બે મિત્રો સાથે કોલેજની બહાર આવી રહ્યો હતો. જે બાદ પ્રભજીતસિંગ ગાળો શા માટે બોલે છે તેવું કહી રોહિતને તેની ગાડીની પાછળ લઈ ગયો હતો. જે દરમિયાન પ્રભજીતસિંગે ગાળો આપી હોવાનું રેકોર્ડિંગ હોવાનો પણ દાવો કર્યો હતો. જે બાદ અચાનક ઉશ્કેરાઈ લાફા ઝીંકી હાથમાં પહેરેલું કડું રોહિતના માથામાં માર્યું હતું.

### ભરૂચની દીકરીએ શિક્ષણ જગતમાં ડંકો વગાડ્યો

# દેરોલના યોગીતાબેન પ્રજાપતિએ સંસ્કૃત વિષયમાં મેળવી PhDની પદવી

• ભરૂચ,

ભરૂચમાં સ્થાયી થયેલા મૂળ દેરોલના વતની યોગીતાબેન ગણપતભાઈ પ્રજાપતિએ સંસ્કૃત વિષયમાં ડોક્ટરેટની પદવી (PhD) હાંસલ કરીને પ્રજાપતિ સમાજ અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા તેમને સત્તાવાર રીતે આ પદવી એનાયત કરવામાં આવી છે. તેમની આ શૈક્ષણિક સિદ્ધિ બદલ સમગ્ર પંથકમાંથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.



ડો. યોગીતાબેન પ્રજાપતિએ આધુનિક સંસ્કૃત સાહિત્યના પ્રખર કવિ હર્ષદેવ માધવ રચિત ' શ ત કત્રયમ્' પર પોતાનો મહાશોધ નિબંધ પ્રસ્તુત કર્યો હતો. તેમણે 'મૃત્યુશતકમ્', 'ભૂતપ્રેતશતકમ્' અને આજના ટેકનોલોજી યુગના 'વોટ્સએપશતકમ્' જેવા વિષયો પર ઊંડાણપૂર્વક સંશોધન કર્યું છે. ભરૂચની શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના પ્રોફેસર ડો. દીપક પારેખના માર્ગદર્શન હેઠળ તેમણે આ કપરી શૈક્ષણિક સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. પરંપરાગત વિષયોથી હટીને આધુનિક સંદર્ભો સાથેના તેમના સંશોધનને શિક્ષણવિદોએ પણ મુક્તકંઠે બિરદાવ્યું છે. દીકરીઓએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે મેળવેલી આ સફળતા સમાજ માટે પ્રેરણારૂપ બની છે.

# વલસાડ LCB એ પારડી પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને વાપીથી ઝડપી પાડ્યો

• વલસાડ,



વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) એ પારડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં લાંબા સમયથી પોલીસને થાપ આપી નાસતા ફરતા એક વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે વાપીના ચલા વિસ્તારમાં આવેલા ગોલ્ડ કોઈન સર્કલ પાસેથી આરોપીને દબોચી લેવામાં આવ્યો છે.

મળેલી વિગત મુજબ, વલસાડ L CBની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે પારડી પોલીસ સ્ટેશનના દારૂબંધીના ગુનામાં સંડોવાયેલ આરોપી પ્રમોદ દોમુ કંચન સાહની (ઉ.વ. ૩૨, મૂળ બિહાર, હાલ રહે. દમણ) વાપી વિસ્તારમાં છે. બાતમીવાળા સ્થળે વોચ ગોઠવી પોલીસે આરોપીને ગોલ્ડ કોઈન સર્કલ નજીકથી પકડી પાડ્યો હતો. પકડાયેલ આરોપીની પ્રાથમિક પૂછપરછ બાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી, તેનો કબજો વધુ તપાસ અર્થે પારડી પોલીસને સુપ્રત કરવામાં આવ્યો છે.

### જૂનાગઢમાં SMC એ માળિયા હાટીનામાં ધમધમતા

# ભેળસેળિયા ડીઝલના કાળા કારોબાર પર દરોડો પાડી 13.69 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

• માળિયા હાટીના,

જૂનાગઢ જિલ્લાના માળિયા હાટીના તાલુકાના ગલોદર ધાર વિસ્તારમાં ભેળસેળિયા ડીઝલનું વેચાણ કરતા મોટા નેટ વર્કનો સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) ની ટીમે પર્દાફાશ કર્યો છે. પીએસઆઈ એસ.વી. ગલચરની ટીમે સૂર્યા વંદના એન્ટરપ્રાઈઝ પર દરોડો પાડી 1700 લિટર ભેળસેળિયું ડીઝલ, વાહનો અને મશીનરી સહિત કુલ 13,69,270નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કાર્યવાહીમાં સ્થળ પરથી 5 શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે મુખ્ય સૂત્રધારને વોન્ટેડ જાહેર કરાયો છે.



SMCની ટીમે બાતમીના આધારે દરોડો પાડતા સ્થળ પરથી ડિસ્પેન્સર મશીન, સ્ટોરેજ ટાંકીઓ અને ઈલેક્ટ્રિક મોટર દ્વારા ગેરકાયદેસર રીતે ઈંધણનું વેચાણ થતું હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે 1.22 લાખની કિંમતનું 1700 લિટર ભેળસેળિયું ડીઝલ, 10.25 લાખની કિંમતના 2 વાહનો, રોકડ રકમ અને મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. પકડાયેલા આરોપીઓમાં દિલીપસિંહ સિંધવ, કિશોર બાવજી, થારણ ભાલગરિયા, પિયુ જાદવ અને પ્રશાંત કાઠીનો સમાવેશ થાય છે. જ્યારે મુખ્ય સંચાલક વિક્રમ ભુરાણી ફરાર થઈ જતા તેને વોન્ટેડ જાહેર કરાયો છે. માળિયા હાટીના પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા (BNS), આવશ્યક ચીજવસ્તુ ધારો અને એક્સપ્લોઝિવ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વજાપુર જુના ગામે પિતાએ પોતાની દિકરીના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરી.

## જન્મ દિવસ નિમિતે પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન આપી ઉજવણી

• પ્રધાનજી ઠાકોર






વજાપુર જુના ગામે પિતાએ પોતાની દિકરી ના જન્મદિવસની નિમિત્તે પ્રાથમિક શાળાના બાળકોને હલ્દી ની સબ્જી નું ભોજન આપી ને અનોખી રીતે જન્મ દિવસ ની ઉજવણી કરી હતી વજાપુર જુના ના રહેવાસી રબારી મેરાજ ભાઈ મહાદેવભાઈ એમના દીકરી કિંજલબેન મેરાજ ભાઈ નો જન્મદિવસ નિમિત્તે વજાપુર જૂના ના પ્રાથમિક શાળાના તમામ બાળકોને હલ્દી ની સબ્જી ની ભોજન આપીને અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ જન્મદિવસ ઉજવણીમાં ઉપસ્થિત વજાપુર જુના પ્રાથમિક શાળાના આચાર્ય અને સ્ટાફગણ અને સરપંચ શ્રી અને યુવાન મિત્રો આ જન્મદિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહીને રબારી કિંજલબેન મેરાજભાઈ ને જન્મદિવસ ની શુભકામનાઓ પાઠવી હતી જન્મદિવસ એટલે આનંદ, ઉત્સાહ અને ખુશીની પળો. આ આનંદને જો અન્ય લોકો સાથે વહેંચવામાં આવે તો તેનો આનંદ દ્વિગુણો બની જાય છે. આવા જ એક સુંદર ભાવ સાથે પ્રાથમિક શાળાના નાનકડા બાળકોને ભોજન આપીને જન્મદિવસની ઉજવણી કરવામાં આવી. આદિવસેશાળાનાબાળકોનાચહેરાપરખુશીનીઝલક જોવા મળી. સ્વચ્છ અને સ્નેહભર્યા વાતાવરણમાં બાળકોને પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું. ભોજન મેળવતા બાળકોના ચહેરા પરનો આનંદ અને સંતોષ જોઈને મન ખુશીથી ભરાઈ ગયું. આપ્રકારનીઉજવણીથીબાળકોમાંસેવા,સહાનુભૂતિ અને વહેંચણી જેવી મૂલ્યો વિકસે છે. સાથે જ, સમાજ પ્રત્યેની જવાબદારીની ભાવના પણ મજબૂત બને છે. નાનકડા બાળકો માટે આ દિવસ માત્ર ભોજનનો જ નહીં પરંતુ પ્રેમ અને કાળજીનો અનુભવ બન્યો. જન્મદિવસની આ અનોખી ઉજવણી સૌ માટે પ્રેરણારૂપ બની. આવી સેવાભાવી પ્રવૃત્તિઓથી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે. ખરેખર, પોતાનો આનંદ બીજાના ચહેરા પર સ્મિત લાવીને ઉજવવો એ સાચી ઉજવણી છે.

**ઉત્સાહ** ડભોઈ ઉત્તરાયણના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે

# ડભોઈ હરિહર આશ્રમ દ્વારા ૧૫ વર્ષની પરંપરા અકબંધ ૬૦૦થી વધુ જરૂરિયાતમંદ બાળકોને પતંગ-દોરીનું વિતરણ

## બાળક સાધનોના અભાવે આ પર્વના આનંદથી વંચિત ન રહી જાય તે જોવાની આપણી સામાજિક

ડભોઈ ઉત્તરાયણના પર્વને હવે ગ ણતરીના દિવસો બાકી છે ત્યારે ડભોઈના નાંદોદી ભાગોળ સ્થિત હરિહર આશ્રમ દ્વારા માનવતાવાદી કાર્ય કરવામાં આવ્યું છે. નવનાથ કાવ ડ યાત્રાના પ્રણેતા અને હરિહર આ શ્રમના મહંત પરમ પૂજ્ય વિજયજી મહારાજ દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો પણ ઉત્સાહભેર તહેવાર ઉજવી શકે તેવા હેતુથી પતંગ અને દોરીનું વિતરણ કરવામાંઆવ્યુંહતું.૧૫વર્ષથીસતત સેવાનો યજ્ઞ હરિહર આશ્રમ ખાતે છેલ્લા ૧૫ વર્ષથી આ પરંપરા ચાલી આવે છે. આશ્રમના મહંત વિજયજી મહારાજ દર વર્ષે ઉત્તરાયણ નિમિત્તે ગરીબ બાળકોના ચહેરા પર સ્મિત લાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરે છે. આ વર્ષે પણ આશ્રમ ખાતે આયોજિત કાર્યક્રમમાં આસપાસના વિસ્તારના તેમજ સરકારી શાળા અને છાત્રાલયના ૬૦૦થી વધુ બાળકો ઉમટી પડ્યા



હતા.મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિતરણ આ પ્રસંગે અનેક સામાજિક અને રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા, જેમાં વડોદરા જિલ્લા પંચાયત ઉપપ્રમુખઅશ્વિનભાઈ પટેલ તાલુકા મહામંત્રી

કિરીટભાઈ વસાવા ભાજપના આગેવાન વિજયભાઈ શાહ સંદીપભાઈ શાહ આ મહાનુભાવોના હસ્તે બાળકોને પતંગ અને દોરીના પે કેટ અર્પણ કરવામાં આવ્યા હતા. ખા ણી-પીણી અને આનંદનો સંગમ માત્ર પતંગ-દોરી જ નહીં, પ રંતુ બા ળકોને ઉત્તરાયણની સ્પેશિયલ વા નગીઓ જેવી કે ચીકી અને બો રનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આશ્રમ અને સરકારી શાળાના નાના ભૂલકાઓ પતંગ-દોરી હાથમાં આવતા જ આનંદિત થઈ ઉઠ્યા હતા અને તેમના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી. મહંત વિજયજી મહારાજે જણાવ્યું હતું કે, 'બાળકો માટે ઉત્તરાયણ એ સૌથી પ્રિય તહેવાર છે. કોઈ પણ બાળક સાધનોના અભાવે આ પર્વના આનંદથી વંચિત ન રહી જાય તે જોવાની આપણી સામાજિક જવાબદારી છે.આ પરંપરા આગામી સમયમાં પણ ચાલુ રહેશે

## અધિનિયમ અને કાયદાકીય પાસાઓ વિશે સમજૂતી આપી

# લુણાવાડા તાલુકાના મલેકપુર ખાતે 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો

**સેમિનાર** IEC મટીરીયલનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર



મહીસાગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના અંતર્ગત શ્રી મહાત્મા ગાંધી વિનયમંદિર, મલેકપુર ખાતે સાયબર સેફટી, સેલ્ફ ડિફેન્સ અને SHE ટીમ વિશે જાગૃતિ સેમિનાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફૂલ ટાઈમ સેક્રેટરી અને સિનિયર સિવિલ જજ શ્રી એચ.આર. પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સાયબર સિક્યોરીટી, શિક્ષણ અને સેલ્ફ ડિફેન્સ તથા કાયદાકીય રક્ષણ વિષે કિશોરીઓને સભાન કારવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ વિષયો પર નિષ્ણાતો દ્વારા ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી માન. એચ.આર. પરમાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કામગીરી વિશે જાણકારી આપી હતી, જ્યારે મહિલા અને બાળ અધિકારીએ વિભાગની કલ્યાણકારી યોજનાઓ પર પ્રકાશ પાડ્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ અને SHE ટીમ દ્વારા મહિલા સુરક્ષા અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સેલ્ફ ડિફેન્સ ટ્રેનર દ્વારા દીકરીઓને સ્વરક્ષણ માટેના જીવંત પ્રદર્શન (ડેમોન્સ્ટ્રેશન) આપી આત્મરક્ષણની તાલીમ અપાઈ હતી. સમાજ સુરક્ષા અધિકારીએ બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અને કાયદાકીય પાસાઓ વિશે સમજૂતી આપી દીકરીઓને સશક્ત બનવા પ્રેરણા પૂરી પાડી હતી. ઉપરાંત પ્રસંગે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા માટે બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત IEC મટીરીયલનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા બાળ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, સામાજિક કાર્યકર સોનલબેન પંડ્યા, લુણાવાડા મહિલા પોલીસ સ્ટેશનના PSI, સાયબર પોલીસ અને સેલ્ફ ડિફેન્સ ટ્રેનર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

# અમદાવાદમાં તંત્રની ઘોર બેદરકારીએ 4 વર્ષના માસૂમનો લીધો જીવ

## ડ્રેનેજનું ઢાંકણ પડતા બાળકનું નીપજ્યું મોત

• અમદાવાદ



અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા સરસપુર-રખિયાલ વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ગંભીર બેદરકારી સામે આવી છે. ડ્રેનેજની કામગીરીદરમિયાનસુરક્ષાનાનિયમોને નેવે મૂકીને રસ્તા પર ખુલ્લું મુકાયેલું ભારેખમ ઢાંકણ 4 વર્ષના બાળક પર પડતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં કોર્પોરેશન સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સારસપુર-રખિયાલ વોર્ડના સંજયનગર છાપરા વિસ્તારમાં ટેલિફોન એક્સચેન્જની ગલીમાં ડ્રેનેજ લાઈનનું કામ ચાલી રહ્યું હતું. ગુરુવારે સવારે આશરે 8:30 વાગ્યે, મેનહોલનું અંદાજે 12 ટન વજનનું ભારે ઢાંકણ કોઈ પણ જાતની સુરક્ષા વાડ કે ચેતવણી વગર અસ્થિર રીતે બાજુમાં મૂકવામાં આવ્યું હતું. આ દરમિયાન ત્યાં નજીકમાં રમી રહેલો 4 વર્ષનો માસૂમ બાળક રેહાન યુનુસ ખાન અચાનક આ ઢાંકણ નીચે દબાઈ ગયો હતો. ઢાંકણ સીધું બાળકના માથા અને છાતીના ભાગે પડતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત રેહાનને તાત્કાલિક 1200 બેડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેને બચાવવા અથાગ પ્રયત્નો કર્યા હતા, પરંતુ કમનસીબે બપોરે 12 વાગ્યાની આસપાસ બાળકે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. બાળકના મોતના સમાચાર મળતા જ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક કોર્પોરેટર ઈકબાલ શેખ અને સામાજિક કાર્યકરો હોસ્પિટલ દોડી આવ્યા હતા. આગેવાનોએ આ ઘટનાને કોર્પોરેશનની સીધી નિષ્કાળજી ગણાવી છે. પોલીસ તપાસ અધિકારી (IO) સમક્ષ રજૂઆત કરવામાં આવી છે કે BNS કલમ 106(1) હેઠળ જવાબદાર મ્યુનિસિપલ અધિકારીઓ સામે ગુનો નોંધવામાં આવે અને પીડિત પરિવારને યોગ્ય આર્થિક વળતર ચૂકવવામાં આવે. કામકાજના સ્થળે સુરક્ષાના કડક ધોરણોનું પાલન કરાવવામાં આવે.

# પાદરી પુરા ગામ પાસે આવેલ હઝરત કાલુ સહીદ બાવા ના ઉર્સ પ્રસંગે રાતી બે રિફાઈ જલાલી જલસો



વાઘોડિયા તાલુકાના પાદરી પુરા ગામ પાસે આવેલ હઝરત કાલુ સહીદ બાવા ના ઉર્સ પ્રસંગે રાતી બે રિફાઈ જલાલી જલસો નો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો એમાં ઉપસ્થિત બડી ગાડી ના સેહઝાદા સૈયદ અમીન ઉદ્દીન બાબા ઉપસ્થિત રહ્યા હતા. વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના નજીક પાદરીપુરા ગામ પાસે આવેલ દરગાહ શરીફ હજરત કાલુ સહિદ બાવા ના મુસ્લિમ મહિના રજબ 18 માં ચાંદ ઉર્સ પ્રસંગે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં અકીદતમંદોએ દરગાહ શરીફ પર ફૂલ ચાદર ચઢાવી પોતાની મનોકામના ની દુઆ ગુજારી હતી. અને ઉર્ષ પ્રસંગે ડભોઈ થી નિશાન લઈ ગયેલા યુવક મંડળ દ્વારા રાતી બે રિફાઈ નો જલાલી જલસા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બડી ગાડી ના શાહેજાદા સૈયદ આમીન ઉદ્દીન બાબા ખાસ ઉપસ્થિત રહ્યા હતા...

# કેનેડા-ઓસ્ટ્રેલિયાના વિઝાના બનાવટી દસ્તાવેજ આપીને એજન્ટે બે કરોડ પડાવ્યા

• અમદાવાદ

કેનેડા અને ઓસ્ટ્રેલિયા વિઝાનું કામ કરતા અને બોપલમાં ઓફિસ ધરાવતા ઈમીગ્રેશન કન્સલ્ટન્ટ અને તેમના ક્લાઈટ સાથે નડિયાદમાં રહેતા એક એજન્ટે આબાદ છેતરપિંડી કરીને રૂપિયા ૨.૦૨ કરોડની રકમ પડાવી લીધી હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધવામાં આવી છે. એજન્ટે વિવિધ પ્રોસેસના નાણાં પડાવીને બનાવટી વિઝા લેટર, એર ટિકિટ પણ આપી હતી. આ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

સાઉથ બોપલમાં આવેલા આરોહી ક્રેસ્ટ એપાર્ટમેન્ટમાં રહેતા નમન જોષી વકીલ બ્રીજ બોપલ પાસે ઈમીગ્રેશનની ઓફિસ ધરાવીને વિઝાનો વ્યવસાય કરે છે. આ કામ માટે તે તેમના ગ્રાહકોને ઝડપથી સેવા મળે તે માટે અલગ અલગ એજન્ટો સાથે કરાર કરે છે. બે વર્ષ પહેલા તેમનો પરિચય જલ્પેશ ઠક્કર (રહે. જયશ્રીનગર, પેટલાદ રોડ, નડિયાદ) નામના એજન્ટ સાથે થયો હતો. જલ્પેશ ઠક્કર એજન્ટ તરીકે કરતો હોવાથી તેણે નમન જોષી સાથે કામ શરૂ કર્યું હતું.નમન જોષીએ તેને ઓસ્ટ્રેલિયા અને કેનેડાના વર્ક વિઝા માટે ૨૫ જેટલા ક્લાઈન્ટની ફાઈલ આપીને તબક્કાવાર કુલ મળીને ૨.૦૨ કરોડની રકમ પણ આપી હતી. જેની સામે જલ્પેશે રીસીપ્ટ આપી હતી.

## પોલીસે પીછો કરીને પ્રભુજી ઠાકોર નામના શખસને ઝડપી લીધો

# અમદાવાદ : કારચાલકે પોલીસકર્મીને બોનેટ પર દોઢ કિ.મી. ઢસડ્યો, એકની ધરપકડ

• અમદાવાદ




અમદાવાદના ભાડજ ચાર રસ્તા નજીક ફરજ બજાવી રહેલા ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલને કારના બોનેટ પર દોઢ કિલોમીટર સુધી ઢસડવાની ઘટના સામે આવી છે. નંબર પ્લેટ વગરની કાર રોકવાનો પ્રયાસ કરતા ચાલકે કોન્સ્ટેબલ પર ગાડી ચઢાવીને તેમને મોતના મુખમાં ધકેલવાનો પ્રયાસ કર્યો હતો. સોલા પોલીસે આ મામલે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ તેજ કરી છે. મળતી માહિતી અનુસાર, બુધવારે (સાતમી જાન્યુઆરી) સાંજે એ-ડિવિઝન ટ્રાફિક પોલીસની ટીમ ભાડજ બ્રિજ નીચે રૂટિન વાહન ચેકિંગ કરી રહી હતી. આ દરમિયાન સાયન્સ સિટી તરફથી એક સફેદ રંગની કાર આવી રહી હતી, જેના પર નંબર પ્લેટ નહોતી. પોલીસે કાર રોકવાનો ઈશારો કરતા ચાલકે પહેલા સ્પીડ ધીમી કરી, પરંતુ પોલીસ નજીક આવતા જ કારમાં સવાર અન્ય શખસોની ઉશ્કેરણીથી કારચાલકે ગાડી ભગાવી હતી. ત્યારે કોન્સ્ટેબલ નરેન્દ્રએ કારને રોકવા પ્રયાસ કર્યો ત્યારે ચાલકે તેમના પર ગાડી ચઢાવતા તેઓ બોનેટ પર ફસાઈ ગયા હતા. કોન્સ્ટેબલ બોનેટ પર લટકેલા હોવા છતાં, નિર્દય કારચાલકે કાર ઉભી રાખવાને બદલે એસ.પી. રિંગ રોડ તરફ પૂરપાટ ઝડપે દોડાવી હતી. પોલીસની અન્ય ટીમ અને રાહદારીઓએ કારનો પીછો કર્યો હતો. અંદાજે 1.5 કિ.મી. દૂર હેબતપુર બ્રિજ નજીક ટ્રાફિક જામને કારણે કાર ધીમી પડતા કોન્સ્ટેબલ નીચે પટકાયા હતા. સદનસીબે તેમને સામાન્ય ઈજાઓ થઈ હતી અને મોટું જોખમ ટળ્યું હતું. ઘટના બાદ કારમાં સવાર શખસો ભાગવા લાગ્યા હતા, પરંતુ પોલીસે પીછો કરીને પ્રભુજી ઠાકોર નામના શખસને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં કારચાલકની ઓળખ ઈન્દ્રેશખાન પઠાણ તરીકે થઈ છે, જે હાલ ફરાર છે. સોલા પોલીસે ત્રણેય શખસો સામે હત્યાનો પ્રયાસ અને સરકારી ફરજમાં રુકાવટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સોમનાથઃ વિનાશ સામે શ્રદ્ધાનો વિજય અને પુનઃનિર્માણની અમર ગાથા

• અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક કવિ સાહિત્યકાર)

ભારતનાઈતિહાસનાપૃષ્ઠોપર8જાન્યુઆરી,1026નોદિવસએકકાળાડાઘસમાનઅંકિતથયેલોછે.આએગોઝારોદિવસ હતોજ્યારે મહમૂદ ગઝનીએસૌરાષ્ટ્રના સમુદ્રતટે બિરાજમાન ભગવાન શિવના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ પર આક્રમણ કર્યું હતું. આ માત્ર એક ભૌતિક આક્રમણ નહોતું, પરંતુ ભારતની શ્રદ્ધા અને અસ્મિતાને તોડવાનો એક જઘન્ય પ્રયાસ હતો. ગઝનીએ જ્યારે સોમનાથ પર હુમલો કર્યો ત્યારે મંદિરની રક્ષા કાજે 50,000થી વધુ શિવભક્તોએ પોતાના બલિદાન આપ્યા હતા. આક્રમણખોરોએ મંદિરને લૂંટ્યું, લિંગને ખંડિત કર્યું અને ભવ્ય શિખરને ધૂળધાણી કરી નાખ્યું. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે, સોમનાથના પથ્થરોમાં એવી શક્તિ હતી કે તે દર વખતે રાખમાંથી બેઠું થવાની તાકાત ધરાવતું હતું. સોમનાથ મંદિરના પટાંગણમાં સમુદ્ર કિનારે એક અત્યંત પ્રાચીન અને વૈજ્ઞાનિક મહત્વ ધરાવતો 'બાણસ્તંભ' આવેલો છે. આ સ્તંભ પર એક તીર (બાણ) બનાવવામાં આવ્યું છે જે સમુદ્ર તરફ નિર્દેશ કરે છે. આ સ્તંભની વિશેષતા એ છે કે તેના પર સંસ્કૃતમાં લખેલું છેઃ 'આસમુદ્રાંત દક્ષિણધ્રુવ પર્યંત અબાધિત જ્યોતિર્માર્ગ'.



એનો અર્થ એ થાય છે કે, સોમનાથ મંદિરના આ બિંદુથી લઈને દક્ષિણ ધ્રુવ (South Pole) સુધી સીધી રેખામાં વચ્ચે ક્યાંય પણ જમીનનો કોઈ ટુકડો કે પહાડ આવતો નથી, માત્ર જળ જ છે. આ સ્તંભ એ વાતનું જીવંત પ્રમાણ છે કે હજારો વર્ષો પહેલાં ભારતીય ઋષિ-મુનિઓ અને ખગોળશાસ્ત્રીઓને પૃથ્વીના ગોળાકાર હોવાનું અને ભૂગોળનું કેટલું સચોટ જ્ઞાન હતું.

પુનઃનિર્માણનો સંકલ્પઃ સરદાર પટેલની દ્રષ્ટિ સોમનાથના આધુનિક પુનઃનિર્માણની શરૂઆત ભારતની આઝાદી સાથે થઈ. 13 નવેમ્બર, 1947ના રોજ જ્યારે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સમુદ્રના જળને હાથમાં લઈ સંકલ્પ કર્યો, ત્યારે સોમનાથના નવજીવનનો પાયો નખાયો. ગાંધીજીની સલાહ મુજબ લોકફાળાથી આ ભવ્ય મંદિરનું નિર્માણ થયું. 11 મે, 1951ના રોજ ડો. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે જ્યોતિર્લિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. આજે સોમનાથ મંદિર તેની ભવ્યતા સાથે અડીખમ ઊભું છે. તે આપણને યાદ અપાવે છે કે આતતાયીઓ ગમે તેટલા શક્તિશાળી હોય, પણ તે સંસ્કૃતિના મૂળિયાં ક્યારેય ઉખેડી શકતા નથી. સોમનાથ એ વિનાશ પર સર્જનના વિજયની ગાથા છે.

# સુરતઃ ISPLની ઓપનિંગ સેરેમનીમાં બિગ-બીને જોવા ભારે પડાપડી

**સુરત :** સુરતના પીપલોદમાં લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL)ની સિઝન-3નો પ્રારંભ આજ(9 જાન્યુઆરી)થી થવા જઈ રહ્યો છે, ત્યારે ISPLની ઓપનિંગ સેરેમનીમાં ક્રિકેટર-બોલિવૂડના સ્ટાર પહોંચ્યા હતા. તેવામાં સુરતના ઉદ્યોગપતિના ઘરે અમિતાભ બચ્ચન પહોંચ્યા હતા. જ્યાં મોટી સંખ્યામાં આવેલી ભીડે બચ્ચનને જોવા માટે પડાપડી કરતાં એન્ટ્રી ગેટનો કાચનો દરવાજો તૂટી ગયો હતો. જેમાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, સુરતના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં ISPLની હાઈ-ઓક્ટેન ટેનિસ-બોલ ટી10 ક્રિકેટ લીગમાં બોલિવૂડ અને ક્રિકેટ જગતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. જેમાં ઓપનિંગ સેરેમનીમાં અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર, સૂર્યા સહિતના સ્ટાર પહોંચ્યા હતા. મહાનુભાવ સુરત એરપોર્ટ અને સેરેમનીમાં પહોંચ્યા ત્યારે મોટી સંખ્યામાં ફેન્સ ફોટો પડાવવા માટે પડાપડી કરી હતી. સુરતના અડાજણ વિસ્તારમાં કાસારિવેરા રેસીડેન્સીમાં આવેલા ઉદ્યોગપતિ સુનિલ શાહના ઘરે અમિતાભ બચ્ચન પહોંચ્યા હતા. જોકે, ફેન્સને તેની જાણ થતાં તેઓ ત્યાં પણ ગયા હતા. બચ્ચન સહિતના સ્ટારને જોવા અને ફોટો પડાવવા પહોંચી ભીડ નિયંત્રણ બહાર આવતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દરમિયાન બચ્ચનને જોવા આવેલી ભીડમાં પડાપડી થતાં રેસીડેન્સીનો કાચનો એન્ટ્રી ગેટ તૂટી ગયો હતો. જોકે, પોલીસે ભીડને કાબૂમાં લઈને અમિતાભે બચ્ચને ભીડમાંથી બહાર કાઢીને હોટલ લઈ જવાયા હતા.

### ઈરાન પર સંકટ પાછળ અમેરિકા-ઈઝરાયલનો હાથ

# ઈરાનમાં ઠેર ઠેર હિંસા વચ્ચે ખામેનેઈની ઈઝરાયલ-અમેરિકાને ચેતવણી- દુશ્મનોએ પરિણામ ભોગવવા પડશે

## ટ્રમ્પ પોતાના દેશની ચિંતા કરે : ખામેનેઈ

• નવી દિલ્હી

મધ્ય પૂર્વના દેશ ઈરાનમાં છેલ્લા 12 દિવસથી પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. સર્વોચ્ચ નેતા ખામેનેઈના શાસન વિરુદ્ધ જનતા રસ્તા પર ઉતરી આવી છે. રાજધાની તેહરાન સહિત દેશના 100થી વધુ શહેરોમાં વિરોધ પ્રદર્શનોએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ગુરુવારે રાત્રે અનેક સ્થળે આગજની અને ગોળીબારની ઘટનાઓ સામે આવતા ઈરાન અત્યારે સળગી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે, ત્યારે આ તમામ સંકટ વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈએ આજે (9 જાન્યુઆરી) સરકારી ટીવી ચેનલ પર દેશને સંબોધન કર્યું છે. તેમનું નિવેદન તહેરાન સહિત તમામ મોટા શહેરોમાં પ્રસારીત કરવામાં આવ્યું છે. ખામેનેઈએ ભાષણ દરમિયાન અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાની સમસ્યા પર ધ્યાન આપવા સલાહ આપી છે.

ખામેનેઈએ દેશને સંબોધન કરતી વખતે કહ્યું કે, 'અમારો દેશ વિદેશને સમર્થન કરતા આતંકી એજન્ટોને સહન નહીં કરે. કેટલાક હિંસાખોરો જાહેર સંપત્તિને નુકસાન કરી અમેરિકન રાષ્ટ્રપ્રમુખને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પે (US President Donald Trump) પોતાના દેશની ચિંતા કરવી જોઈએ, કારણ કે ઈરાન વિદેશી દબાણ સામે જુકવાનું નથી.'

ખામેનેઈ (Ali Khamenei)એ ઈરાનના યુવાઓને અપીલ કરી છે કે, 'એકતા જાળવી રાખો અને તૈયાર રહો, કારણ કે એકજૂટ રાષ્ટ્ર કોઈપણ દુશ્મનને હરાવી શકે છે. આપણા દેશની અને લોકોની રક્ષા કરવી તે આક્રમણ નથી, પરંતુ સામ્રાજ્યવાદ સામે સાહસ છે.' તેમણે ઈરાનમાં ચાલી રહેલા પ્રદર્શનો પાછળ વિદેશી ષડયંત્ર હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે, અમેરિકા અને ઈઝરાયલના એજન્ટોની કરતૂતના કારણે ઈરાનમાં હિંસા થઈ રહી છે.

મીડિયા રિપોર્ટ મુજબ, ખામેનેઈએ અમેરિકા અને ઈઝરાયલ પર નિશાન સાધતા કહ્યું કે, 'દેખાવકારો બીજા દેશના રાષ્ટ્રપ્રમુખને ખુશ કરવા માટે પોતાના રસ્તા બરબાદ કરી રહ્યા છે. ઈરાનને કડક શબ્દોમાં ધમકી આપવામાં આવી, પરંતુ હું દુશ્મનોને તેનાથી પણ વધુ કડક શબ્દોમાં કહું છું કે, જો તેઓ હુમલો કરશે તો તેઓ ભારે મુશ્કેલીમાં મુકાશે.'

ઈરાનના સર્વોચ્ચ લીડરે અમેરિકન રાષ્ટ્રપ્રમુખને જડબાતોડ જવાબ આપવાની સાથે ટીકા પણ કરી છે. તેમણે ટ્રમ્પને અહંકારી ગણાવ્યા છે અને કહ્યું કે, અમેરિકન રાષ્ટ્રપ્રમુખના હાથ ઈરાનીઓના ખૂનથી રંગાયેલા છે. ટ્રમ્પને સત્તા પરથી હાંકી કાઢવામાં આવશે. તેમણે ટ્રમ્પે પોતાના દેશની સમસ્યાઓ પર ધ્યાન આપવા કહ્યું છે.

# પિતા-પુત્રનો સંબંધઃ એક અણકહ્યો સ્નેહ અને સંસ્કારનો વારસો

• અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

પિતા અને પુત્રનો સંબંધ જગતમાં સૌથી અનોખો છે. માતાનો પ્રેમ આંસુમાં વહી જાય છે, પણ પિતાનો પ્રેમ એ છત છે જે ક્યારેય પડતી નથી. પિતા એ વડલા સમાન છે, જે પોતે તડકો વેઠીને સંતાનોને શીતળતા આપે છે. આ સંબંધમાં ક્યારેક મૌન હોય છે, ક્યારેક શિસ્તની કઠોરતા, પણ તેની ભીતરમાં વહેતું વહાલ અતુલ્ય છે.પૌરાણિક આદર્શઃ રામ અને દશરથજ્યારે પિતા-પુત્રના સંબંધની વાત આવે ત્યારે સૌથી પહેલું નામ મર્યાદા પુરુષોત્તમ રામ અને રાજા દશરથનું યાદ આવે. પિતાના એક વચન ખાતર રાજગાદી ત્યજીને ચૌદ વર્ષનો વનવાસ સ્વીકારવો એ પુત્રધર્મની પરાકાષ્ઠા છે. તો બીજી તરફ, પુત્રના વિયોગમાં 'રામ... રામ...' કહીને પ્રાણ ત્યાગવા એ પિતાના પુત્ર પ્રત્યેના અસીમ લગાવનું પ્રમાણ છે. આ સંબંધમાં સ્વાર્થ નથી, માત્ર સમર્પણ છે.એક હૃદયસ્પર્શી ટૂંકી વાર્તાએક વૃદ્ધ પિતા અને તેમનો ભણેલો-ગણેલો પુત્ર બગીચામાં બેઠા હતા. પક્ષી ઊડીને ઝાડ પર બેઠું. પિતાએ પૂછ્યું, 'બેટા, પેલું શું છે?'પુત્રએ કહ્યું, 'પપ્પા, એ કાગડો છે.'થોડીવાર પછી પિતાએ ફરી પૂછ્યું, 'બેટા, પેલું શું છે?'પુત્ર થોડા કંટાળા સાથે બોલ્યો, 'મેં કહ્યું ને પપ્પા, એ કાગડો છે!'ત્રીજી વાર પિતાએ એ જ પ્રશ્ન પૂછ્યો ત્યારે પુત્ર ગુસ્સે થઈ ગયો, 'તમને એકવાર કહ્યું તો ખબર નથી પડતી? એ કાગડો છે!'પિતા અંદર ગયા અને પોતાની જૂની ડાયરી લાવ્યા. તેમણે પુત્રને એક પાનું વાંચવા કહ્યું. તેમાં લખ્યું હતુંઃ 'આજે મારો પુત્ર ત્રણ વર્ષનો થયો. અમે બગીચામાં હતા. તેણે 25 વાર પૂછ્યું કે 'પેલું શું છે?' અને મેં 25 એ 25 વાર હસતા મોઢે જવાબ આપ્યો કે - બેટા, એ કાગડો છે.'પુત્રની આંખો ભીની થઈ ગઈ. આ જ તફાવત છે પિતાના ધૈર્યમાં અને પુત્રની આધુનિકતામાં. કવિતાના કટાક્ષ અને પ્રેમઃ અશ્વિન ગોહિલ ની કલમેપિતા એટલે ખિસ્સા ખાલી હોય તો પણ,સંતાનોના સ્વપ્ન જે ક્યારેય અધૂરા નથી રાખતો. કડક શિસ્તની પાછળ જે છુપાવે છે વહાલનો દરિયો,એક પિતા જ છે જે સંતાન માટે આખું આયખું ઘસે છે.ગઝલની પંક્તિઓઃખુલ્લી આંખે જોયેલું કોઈ ખવાબ છે પિતા,તરસ્યા જીવનમાં મીઠો આબ (પાણી) છે પિતા.ભલે દુનિયા આખી મને ઠોકર મારે તો શું?મારી પડખે ઉભેલો મજબૂત જવાબ છે પિતા.સામાજિક કિસ્સો અને આધુનિક સંવાદઆજે આપણે જોઈએ છીએ કે વૃદ્ધાશ્રમોની સંખ્યા વધી રહી છે. આધુનિક પુત્ર ઘણીવાર કહે છે, 'પપ્પા, તમને અત્યારના જમાનાની ખબર ના પડે, તમે શાંતિથી બેસો.' આ સંવાદ એક પિતાના હૃદયને ચીરી નાખે છે. જે પિતાએ તમને આંગળી પકડીને ચાલતા શીખવ્યું, આજે તમે તેને રસ્તો બતાવો છો? એક આધુનિક ઉદાહરણ લઈએ તો, રતન ટાટા કે એવા અનેક ઉદ્યોગપતિઓ જ્યારે પોતાના પિતાના વારસાને કે સંસ્કારને આગળ વધારે છે, ત્યારે તે સાચો પુત્રધર્મ કહેવાય. પિતાની મિલકત વાપરવી એ મોટી વાત નથી, પણ પિતાએ કમાયેલું 'નામ' જાળવવું એ પુત્રની સાચી સફળતા છે.વિશેષ કાવ્ય પંક્તિઓ 'પિતાના જૂના ચંપલમાં પગ નાખીને જોજો,એ પગલાં માં કેટલા કાંટા વાગ્યા છે એનો અહેસાસ થશે.' નિષ્કર્ષઃપુત્ર જ્યારે પિતાના પગરખાંમાં પગ મૂકતો થાય ત્યારે એ પિતાનો મિત્ર બની જવો જોઈએ. પિતાને પૈસાની નહીં, પણ તમારા પ્રેમ અને સમયની જરૂર હોય છે. યાદ રાખજો, તમારી સફળતામાં જે માણસ સૌથી વધુ હરખાય છે, એ પિતા જ હોય છે.

# વડોદરામાં બાઈકની પેટ્રોલની ટાંકીમાં વિદેશી દારૂ સંતાડી લઈ જતા બે શખ્સ ઝડપાયા

**વડોદરા :** વડોદરા શહેરના છાણી બ્રિજ ઉતરતા ફર્ટિલાઈઝરના ગેટ પાસે વોચ ગોઠવીને છાણી પોલીસે બાઈક પર જતા બે શખ્સને વિદેશી દારૂના ક્વાટરીયા સાથે ઝડપી પાડ્યા હતા. બાઈકની પેટ્રોલની ટાંકીમાં ચોરખાનું બનાવી દારૂના ક્વાટરિયા સંતાડી રાખ્યો હતો. દારૂ, 2 મોબાઈલ અને બાઈક મળી રૂ.64 હજારનો મુદ્દામાલ કબજે કરાયો છે.વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં દારૂનું ગેરકાયદે વેચાણ તથા હેરાફેરી થતી હોય છે. જેના પર પોલીસની ટીમો સતત વોચ રાખતી હોય છે. ત્યારે છાણી પોલીસની ટીમ 8 જાન્યુઆરીના રોજ પેટ્રોલિંગમાં ફરી રહી હતી. ત્યારે બાતમી મળી હતી કે એક બાઈકનો ચાલક તથા તેની પાછળ એક ઈસમ બેસેલો છે તે બન્ને ઈસમો પોતાની બાઈકની પેટ્રોલની ટાકીમાં ચોરખાનું બનાવેલ છે જે ખાનામા ઈંગ્લીશ દારૂના ક્વાટરીયા ભરીને જવાના છે. જેના આધારે પોલીસે છાણી બ્રીજ ઉતરતા ફર્ટીલાઈઝરના ગેટ આગળ વોચ ગોઠવી હતી.

### પુતિનના આવાસ પર હુમલાનો વિવાદ

# પુતિનના ઘર પર ડ્રોન હુમલાનો બદલો! રશિયાએ ઓરેશ્નિક મિસાઈલ છોડી યુક્રેનમાં તબાહી મચાવી

• મોસ્કો

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હવે વધુ વિનાશક તબક્કામાં પહોંચ્યું છે. રશિયાએ શુક્રવારે (નવમી જાન્યુઆરી) તેની અત્યંત ઘાતક અને હાઈપરસોનિક ક્ષમતા ધરાવતી ઈન્ટરમીડિયેટ-રેન્જ બેલિસ્ટિક મિસાઈલ (IRBM) 'ઓરેશ્નિક' (Oreshnik)થી યુક્રેન પર હુમલો કર્યો છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયનાએ દાવો કર્યો છે કે આ હુમલો ડિસેમ્બર 2025માં પ્રમુખ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાન પર થયેલા ડ્રોન હુમલાનો વળતો જવાબ છે.

અહેવાલોઅનુસાર, રશિયાએ આ વખતે યુક્રેનના પશ્ચિમ ભાગમાં આવેલા લ્વિવ (Lviv) ક્ષેત્રને નિશાન બનાવ્યું છે. સ્ટ્રાઈ શહેર નજીક આવેલી યુક્રેનની સૌથી મોટી અન્ડરગ્રાઉન્ડ ગેસ સ્ટોરેજ ફેસિલિટી પર મિસાઈલ ખાબકી હતી. આ હુમલાને કારણે સમગ્ર લ્વિવ ઓબ્લાસ્ટમાં ગેસનું પ્રેશર ઘટી ગયું છે અને અનેક વિસ્તારોમાં પુરવઠો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે.

કડકડતી ઠંડીમાં ગેસ પુરવઠો ખોરવાતા નાગરિકોની હાલત કફોડી બની છે.અઠમી અને નવમી જાન્યુઆરી, 2026ની રાત્રે યુક્રેન પર મોટો હુમલો થયો, જેમાં 242 ડ્રોન અને 36 મિસાઈલોનો સમાવેશ થતો હતો, જેમાં ઓરેશ્નિક મિસાઈલનો પણ સમાવેશ થતો હતો. આ હુમલાને શિયાળાની ઋતુમાં ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તોડી પાડીને યુક્રેનને ઘૂંટણિયે લાવવાની રશિયાની આ મોટી ચાલ હોવાનું મનાય છે.રશિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યાનુસાર, યુક્રેને નવગોરોડ ક્ષેત્રમાં પુતિનના નિવાસસ્થાન પર ડ્રોન હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના બદલામાં આ મિસાઈલ છોડવામાં આવી છે.

જોકે, યુક્રેને આ દાવાને પાયાવિહોણો ગણાવ્યો છે. બીજી તરફ, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ રશિયાના આ દાવાને નકારી કાઢતા કહ્યું કે પુતિનના ઘર પર કોઈ હુમલો થયો નથી.ઉલ્લેખનીય છે કે,વિશ્વમાં આ મિસાઈલનો આ બીજો જ ઉપયોગ છે. અગાઉ નવેમ્બર 2024માં રશિયાએ પ્રથમ વખત ડિનિપ્રો શહેર પર આ મિસાઈલનો ઉપયોગ કરીને પશ્ચિમી દેશોને ચેતવણી આપી હતી. પોલેન્ડ સરહદથી માત્ર 75 કિ.મી. દૂર થયેલા આ હુમલાથી નાટો (NATO) દેશોમાં પણ ફફડાટ ફેલાયો છે.

# 7 મહિના બાદ લાલુ યાદવને મળ્યા તેજ પ્રતાપ, બંને ભાઈ પણ આવ્યા આમને-સામને

• પટના

રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને પરિવારથી લાંબા સમય સુધી દૂર રહ્યા બાદ, જનશક્તિ જનતા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ અને નીતીશ સરકારના પૂર્વ મંત્રી તેજ પ્રતાપ યાદવે દિલ્હીમાં પિતા લાલુ પ્રસાદ યાદવ સાથે મુલાકાત કરી છે. અનુષ્કા યાદવ વિવાદ બાદ પિતા-પુત્ર વચ્ચે લગભગ સાત મહિના પછી આ મુલાકાત થઈ છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં શુક્રવારે 'લેન્ડ ફોર જોબ' કેસમાં આરોપ ઘડવા અંગે સુનાવણી હતી. આ કેસમાં આરોપી તરીકે તેજ પ્રતાપ યાદવ પણ કોર્ટમાં હાજર રહ્યા હતા. કોર્ટની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તેજ પ્રતાપ સીધા તેમની બહેન મીસા ભારતીના નિવાસ્થાને પહોંચ્યા હતા, જ્યાં હાલ લાલુ પ્રસાદ યાદવ રોકાયા છે.પિતા લાલુ પ્રસાદને મળીને બહાર નીકળ્યા બાદ તેજ પ્રતાપે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે, 'મેં પિતાજીના આશીર્વાદ લીધા છે અને તેમને 14 જાન્યુઆરીએ પટનામાં મારા નિવાસસ્થાને આયોજિત મકર સંક્રાંતિના દહીં-ચૂડા ભોજન માટે આમંત્રણ આપ્યું છે. મને પૂરો વિશ્વાસ છે કે તેઓ મારા ભોજન સમારંભમાં જરૂર આવશે.' નોંધનીય છે કે આ ભોજન સમારંભમાં તેજ પ્રતાપે NDAના અનેક નેતાઓને પણ આમંત્રણ આપ્યું છે.

રસપ્રદ વાત એ છે કે, કોર્ટમાં તેજ પ્રતાપ અને તેજસ્વી યાદવ સામસામે આવ્યા હતા, પરંતુ બંને વચ્ચે કોઈ વાતચીત થઈ નહોતી. જ્યારે તેજ પ્રતાપ પિતાને મળવા મીસા ભારતીના ઘરે પહોંચ્યા ત્યારે તેજસ્વી યાદવ ત્યાં હાજર નહોતા. અગાઉ 1 જાન્યુઆરીએ તેજ પ્રતાપે પટનામાં માતા રાબડી દેવીના આશીર્વાદ પણ લીધા હતા, જે દર્શાવે છે કે તેઓ નવા વર્ષમાં પરિવાર સાથેના સંબંધો સુધારવા પ્રયત્નો કરી રહ્યા છે.લેન્ડ ફોર જોબ (જમીનના બદલામાં નોકરી) કૌભાંડમાં રાષ્ટ્રીય જનતા દળ(RJD)ના વડા અને પૂર્વ રેલ મંત્રી લાલુ પ્રસાદ યાદવના પરિવારને મોટો ઝટકો લાગ્યો છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આ મામલે લાલુ યાદવ સહિત 40થી વધુ આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ(આરોપ નક્કી) કર્યા છે.

## રાશીફળ (તા.10-01-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ થોડો ઉતાર-ચઢાવ ભરેલો રહી શકે છે. ધૈર્ય રાખો અને વિચારીને નિર્ણય લો. કાર્યક્ષેત્રમાં સાવધાની જરૂરી છે |
| વૃષભ (બ.વ.ઉ) | ધનલાભના યોગ બની રહ્યા છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે. અટકેલા કામ પૂર્ણ થઈ શકે છે। |
| મિથુન (ક.છ.ઘ) | નવી યોજનાઓ પર કામ શરૂ કરવા માટે સારો દિવસ છે. મિત્રોનો સહયોગ મળશે. મુસાફરીના યોગ છે। |
| કર્ક (ડ.હ) | ભાવનાઓ પર નિયંત્રણ રાખો. પરિવાર સાથે સમય પસાર કરવાથી મન પ્રસન્ન રહેશે. આરોગ્યનું ધ્યાન રાખો। |
| સિંહ (મ.ટ) | માન-સન્માનમાં વધારો થશે. નેતૃત્વ ક્ષમતા નીખરશે. અધિકારીઓનો સહયોગ મળશે। |
| કન્યા (પ.ઠ.ણ) | કાર્યમાં વ્યસ્તતા રહેશે. મહેનતનું ફળ મળશે. ખર્ચ પર નિયંત્રણ રાખો। |
| તુલા (ર.ત) | જીવનસાથીનો સહયોગ મળશે. સામાજિક કાર્યોમાં ભાગીદારી વધશે. મન પ્રસન્ન રહેશે। |
| વૃશ્ચિક (ન.ય) | ગુપ્ત શત્રુઓથી સાવધાન રહો. નિર્ણયો વિચારીને લો. ધૈર્યથી કામ લો। |
| ધન (ભ.ધ.ફ.ઢ) | ભાગ્યનો સાથ મળશે. શિક્ષણ અને કારકિર્દી સંબંધિત બાબતોમાં સફળતા મળશે. શુભ સમાચાર મળી શકે છે। |
| મકર (ખ.જ) | કામકાજમાં જવાબદારીઓ વધી શકે છે. પરિશ્રમથી સફળતા મળશે. આરોગ્યનું ધ્યાન રાખો। |
| કુંભ (ગ.શ.સ.ષ) | નવા અવસર મળી શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. મિત્રો તરફથી લાભ મળશે। |
| મીન (દ.ચ.ઝ.થ) | મન આધ્યાત્મિકતા તરફ વળશે. માનસિક શાંતિ મળશે. પરિવાર સાથે મધુર સંબંધો રહેશે। |

# જ્યારે પોતાના જ 'દુઃખ' આપે ત્યારે?

• દર્શના પટેલ(નેશનલ એથ્લેટ)

જીવનમાં જ્યારે કોઈ પારકું વ્યક્તિ આપણને દુઃખ આપે ત્યારે આપણને નવાઈ નથી લાગતી, પરંતુ જ્યારે આપણા પોતાના જ, જેમની સાથે આપણે લોહીના સંબંધો ધરાવીએ છીએ અથવા જેમને આપણે અત્યંત પ્રેમ કરીએ છીએ, તે આપણને માનસિક કે શારીરિક પીડા આપે છે, ત્યારે હૃદય ભાંગી પડે છે. પરંતુ ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા કહે છે કે 'દુઃખ દેવાવાળા કરતાં દુઃખ સહન કરવાવાળો હંમેશા ઊંચોહોયછે.'કર્મોનોહિસાબઅનેમુક્તિ હિંદુ ધર્મમાં 'કર્મનો સિદ્ધાંત' સર્વોપરી છે. જ્યારે ઘરની વ્યક્તિ આપણને દુઃખ આપે છે, ત્યારે તેને નકારાત્મક રીતે જોવાને બદલે એક 'તક' તરીકે જોવું જોઈએ. એવું સમજવું જોઈએ કે ભૂતકાળમાં (ગયા જન્મોમાં કે આ જન્મે) આપણે અજાણતા કોઈ ભૂલ કરી હશે, જેનું ઋણ આજે આપણે ચૂકવી રહ્યા છીએ.જ્યારે તમે શાંતિથી એ દુઃખ સહન કરો છો, ત્યારે તમારું એ પાપ કર્મ ઓછું



થઈ રહ્યું છે. તે વ્યક્તિ તો નવું કર્મ બાંધી રહી છે, પરંતુ તમે જૂના દેવામાંથી મુક્ત થઈ રહ્યા છો.સહન કરવું એનો અર્થ એ નથી કે તમે ડરપોક છો. સહન કરવું એ તો મનની મજબૂતીની નિશાની છે.સમુદ્ર બધા જ પ્રકારના કચરાને પોતાનામાં સમાવી લે છે,છતાં તે ગંભીર રહે છે.સોનું અગ્નિમાં તપે છે ત્યારે જ તે કુંદન બને છે. તેવી જ રીતે, દુઃખ સહન કરનાર વ્યક્તિ અંદરથી વધુ પરિપક્વ અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બને છે. ભક્ત પ્રહલાદ પોતાના જ પિતા હિરણ્યકશ્યપે તેમને મારવાના અસંખ્ય પ્રયત્નો કર્યા, પરંતુ પ્રહલાદે તે દુઃખ હસતા મુખે સહન કર્યું. પરિણામે, તેમનું કલ્યાણ થયું અને ઈશ્વરને પોતે પૃથ્વી પર આવવું પડ્યું. જે વૃક્ષ પર લોકો પથ્થર મારે છે, તે જ વૃક્ષ સામે મીઠાં ફળ આપે છે. અહીં પથ્થર મારનાર નીચો છે અને ફળ આપનાર વૃક્ષ ઊંચું છે. 'સહનશીલતા એ માનવીનો સૌથી મોટો સદગુણ છે, કારણ કે સહન કરનાર ભગવાનની સૌથી નજીક હોય છે.'તમારા કર્મોનું ફળ મીઠું ત્યારે જ લાગે, જ્યારે તમે કડવા અનુભવોને પચાવવાની શક્તિ કેળવી લો. સાચો વિજય હથિયાર ઉઠાવવામાં નથી, પણ પરિસ્થિતિ સામે હારીને પણ હસતા રહેવામાં છે.' જ્યારે ઘરના લોકો જ કટુ વચનો કહે અથવા અન્યાય કરે, ત્યારે મનમાં એક જ વિચાર રાખવો 'આ મારો કર્મોનો હિસાબ છે જે આજે પૂરો થઈ રહ્યો છે.' આમ વિચારવાથી મનમાં ક્રોધને બદલે શાંતિ આવશે અને તમે માનસિક રીતે વધુ શક્તિશાળી બનશો. યાદ રાખજો, દુઃખ આપનાર તો તેના ભાગ્યમાં કાંટા વાવી રહ્યો છે, પણ તમે સહન કરીને તમારા આત્માને નિર્મળ બનાવી રહ્યા છો.

# ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં ગંભીર બેદરકારી; 11,000 ઉત્તરવહી તપાસ્યા વિના પરત મોકલી દેવાઈ

• ગોધરા

પંચમહાલની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી (SGGU) માંથી એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. યુનિવર્સિટીના પ્રોફેસરોની ગંભીર બેદરકારીને કારણે હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય પર જોખમ તોળાઈ રહ્યું છે. સેમેસ્ટર-5 ની પરીક્ષા પૂર્ણ થયાના 45 દિવસ બાદ પણ હજુ સુધી પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી, જેની પાછળનું કારણ ઉત્તરવહીઓ તપાસવામાં થયેલી આડોડાઈ હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ, યુનિવર્સિટીના વિવિધ પ્રોફેસરોએ અંદાજે 11,000 જેટલી ઉત્તરવહીઓ તપાસ્યા વગર જ યુનિવર્સિટીને પરત મોકલી આપી છે. આ બેદરકારીને કારણે BA, B.Com, BBA, B.Sc અને LLB સહિતના તમામ મુખ્ય અભ્યાસક્રમોના સેમેસ્ટર-5 ના પરિણામો અટવાયા છે.


એક તરફ 45 દિવસ વીતી ગયા હોવા છતાં પરિણામ ન મળતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. યુનિવર્સિટીની આ આંતરિક ખેંચતાણ અને પ્રોફેસરોની બેદરકારીનો ભોગ અમારે કેમ બનવું પડે? તો બીજી તરફ યુનિવર્સિટી પ્રશાસન એક્શન મોડમાં આવ્યું છે. કામમાં આળસ અને બેદરકારી દાખવનાર અધ્યાપકોને યુનિવર્સિટી દ્વારા કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં પરીક્ષાના પરિણામોમાં વિલંબ થવાની શક્યતાઓ વચ્ચે એક ચોંકાવનારી વિગત સામે આવી છે. યુનિવર્સિટીના કુલપતિ હરીભાઈ કટારીયાએ ઉત્તરવહીઓ તપાસ્યા વગર પરત આવવાના મામલે મહત્વની પ્રતિક્રિયા આપી છે.

# તેનતલાવ ગામની સીમ પાસે ગમખ્વાર અકસ્માત, બાઈક સવાર લાપત્તા બન્યો

• ડભોઈ

ડભોઈ તાલુકાના ચાંદોદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના તેનતલાવ ગામની સીમ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પર ગુરુવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો બાઈક પર સવાર બે યુવાનો કેનાલના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા બાઈક સીધું કેનાલના ઊંડા પાણીમાં ખાબક્યું હતું ચાંદોદ પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ જિલ્લો નર્મદા તાલુકો નાંદોદ ગામ જેસલપુરના શેઠ ફળિયા ના રહેવાસી બે મિત્રો પ્રકાશ ઠાકોર ભાઈ બારીયા અને રણજીત જશુભાઈ બારીયા pulsar બાઈક લઈ વડોદરા માસીને ત્યાં જવા નીકળ્યા હતા. દરમિયાન તેનતલાવ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલ માર્ગે જઈ રહ્યા હતા ત્યારે માટી અને ઢોળાવ વાળો રસ્તો આવતા કાબુ ગુમાવતા બંને મિત્રો બાઈક લઈ કેનાલમાં ખાબક્યા હતા જેમાં એક મિત્ર પ્રકાશ બારીયા ને તરતા આવડતું હોય મિત્ર રણજીતને બચાવવાનો પ્રયત્ન આદર્યો હતો પરંતુ તેમાં સફળતા મળી ન હતી જેથી તાબડતોબ કેનાલની બહાર નીકળી પોલીસ પોઈન્ટ પર દોડી જઈને મદદ માંગી હતી ચાંદોદ પોલીસે તાત્કાલિક



ડભોઈ ફાયર બ્રિગેડને જાણાવતા ફાયરની ટીમે દોડી આવી કેનાલમાં લાપતા થયેલા યુવાનની શોધખોળ આદરી હતી

પાણીના પ્રવાહમાં ગરકાવ થઈ ગયાની ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળેટોળા કેનાલ પર ઉમટી પડ્યા હતા ફાયર ટીમે સ્થાનિક તરવૈયાઓની મદદથી લાપતા યુવાનની શોધખોળ માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી સઘન શોધખોળ આદરી હતી પરંતુ મોડી સાંજ સુધી લાપતા થયેલા યુવાનનો પત્તો લાગ્યો ન હતો પોલીસે અકસ્માત અંગેની પ્રાથમિક વિગતો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે

## સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રૂ. 1.53 લાખની ચાઈનીઝ દોરીના 384 રીલ સાથે એક શખ્સ ઝડપાયો

પાટડી, સુરેન્દ્રનગર : ઉતરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈને એસઓજી પોલીસ દ્વારા દસાડા તાલુકામાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું.

પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે દસાડા તાલુકાના માનાવાડા ગામની સીમમાં આવેલ વાડીની ઓરડીમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૩૮૪ રીલ (રૂ.૧.૫૩ લાખ)ના મુદામાલ સાથે સંજય સોનાજી અંબારિયા (રહે.માનાવાડા ગામ, તા.દસોડા)ને ઝડપી પાડી પાડયો હતો. ઝડપાયેલ શખ્સની પૂરછપરછ કરતા પ્રતિબંધીત દોરીના રીલ આદરિયાણા ગામના મયુરકુમાર નાનુભાઈ પાસેથી લાવ્યો હોવાનું બહાર આવ્યુ હતું. આથી એસઓજી પોલીસે બંને શખ્સો વિરુદ્ધ દસાડા પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધમકી

એટ્રોસીટીના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી


# ખેડાના વાસણાબુર્જંગમાં કરોડોની જમીન પચાવી પાડનારા 4 સામે લેન્ડ ગ્રેબિંગ

**જમીનની અડીને જ જમીન ધરાવતા શખ્સોએ કબજો જમાવ્યો હતો, ખેડા ટાઉન પોલીસે કાર્યવાહી હાથ ધરી**

નડિયાદ : ખેડા તાલુકાના વાસણાબુર્જંગ ગામની સીમમાં આવેલી ખેતીની કિંમતી જમીન પર ગેરકાયદેસર કબજો જમાવી જમીન પચાવી પાડનારા ચાર શખ્સો વિરુદ્ધ ખેડા ટાઉન પોલીસ મથકે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ છે. જમીન માલિકને પોતાની જ જમીન પર ખેતી કરતા રોકી એટ્રોસીટીના કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા આ શખ્સો સામે કલેક્ટર દ્વારા તપાસના અંતે ગુનો નોંધવા હુકમ કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે ચારેય આરોપીઓ સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધીક્ષકને સોંપી છે.

ખેડા ટાઉન વિસ્તારના માળીવાડના ખાંચામાં રહેતા ભરતભાઈ બચુભાઈ દલવાડીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, વાસણાબુર્જંગ ગામમાં સર્વે નંબર ૪૬૩ પૈકીની જમીન તેમના માતા કમુબેને વર્ષ ૨૦૧૭અને૨૦૧૮માં વેચાણદસ્તાવેજથી ખરીદી હતી. માતાના અવસાન બાદ આ જમીનમાં ભરતભાઈ સહિત અન્ય વારસદારોના નામ વારસાઈ હકથી દાખલ થયા હતા. જોકે આ જમીનની અડીને જ જમીન ધરાવતા અશોકભાઈ આતાભાઈ પરમાર, ઘનશ્યામભાઈ અશોકભાઈ પરમાર, રવિકાંત અશોકભાઈ પરમાર અને રાકેશ અશોકભાઈ પરમારે વર્ષ ૨૦૨૦થી આ જમીન પર ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો. તેઓ જમીન માલિકને જમીન પર આવતા અટકાવી ખેતી કરવા દેતા નહોતા અને જો તેઓ જમીન પર જાય તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા હતા.

આ મામલે કલેક્ટર કચેરીમાં કરવામાં આવેલી લેન્ડ ગ્રેબિંગની અરજી બાદ કમિટી દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં આ શખ્સોએ બિનઅધિકૃત રીતે જમીન પચાવી પાડી હોવાનું જણાતા કલેક્ટરે ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધવાનો આદેશ કર્યો હતો. આ હુકમના આધારે ખેડા ટાઉન પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.




હોસ્પિટલના પાછળના ભાગે અને ખૂણામાં ઢગલા

# કઠલાલની સરકારી હોસ્પિટલના મેડિકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ, તપાસની માંગ

ખતરો

મેડિકલ વેસ્ટના યોગ્ય નિકાલના અભાવે દર્દીઓ, રાહદારીઓના આરોગ્ય સામે ખતરો ઉભો થયો

નડિયાદ : કઠલાલ સરકારી હોસ્પિટલ દ્વારા મેડિકલ વેસ્ટના નિકાલમાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી રહી હોવાની ઘટના સામે આવી છે. હોસ્પિટલ કેમ્પસમાં મેડિકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવાને બદલે તે ખુલ્લામાં નાખવામાં આવતા રખડતા જાનવરો આ કચરાને ખેંચીને જાહેર રોડ સુધી લઈ આવે છે. લોહીવાળા પાટા, વપરાયેલી સિરિંજ અને અન્ય જોખમી કચરો રસ્તા પર ફેલાઈ રહ્યો હોવાથી સ્થાનિક રહિશો અને હોસ્પિટલે આવતા દર્દીઓના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઉભું થયું છે.



કઠલાલની સરકારી હોસ્પિટલમાં દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. નિયમ મુજબ મેડિકલ વેસ્ટનો નિકાલ સુરક્ષિત રીતે કરવાનો હોય છે, પરંતુ અહીં હોસ્પિટલ તંત્ર દ્વારા બેદરકારી દાખવવામાં આવી રહી છે. હોસ્પિટલના પાછળના ભાગે અથવા ખૂણામાં મેડિકલ વેસ્ટના ઢગલા કરી દેવામાં આવ્યા છે. આ કચરામાં પ્લાસ્ટિકની થેલીઓ, દવાનો વેસ્ટ અને સજકલ આઈટમ્સનો સમાવેશ થાય છે. આ કચરો જે જગ્યાએ નાખવામાં આવે છે ત્યાં કોઈ પ્રોપર ગેટ કે પ્રોટેક્શન ન હોવાથી કૂતરા અને અન્ય જાનવરો આ વેસ્ટને મોઢામાં ભરીને જાહેર માર્ગો પર ફેલાવે છે. હોસ્પિટલની બહારના મુખ્ય રસ્તા પર અને આસપાસના વિસ્તારમાં મેડિકલ વેસ્ટ વેરવિખેર જોવા મળી રહ્યો છે. આ ગંભીર બેદરકારીના કારણે વાતાવરણમાં દુર્ગંધ ફેલાવાની સાથે સાથે ચેપી રોગચાળો ફાટી નીકળવાની પણ પૂરેપૂરી સંભાવના રહેલી છે. ખાસ કરીને નાના બાળકો અને રાહદારીઓ આ ગંદકીના સંપર્કમાં આવતા હોવાથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારી હોસ્પિટલ પોતે જ આરોગ્યની જાળવણી માટે હોય છે, ત્યારે ત્યાં જ આ પ્રકારે કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવી તે તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઉભા કરે છે.

# ખેડૂતો માટે CCIની પસંદગી અને માલની નિયમિત નોંધણીની વ્યવસ્થા શરૂ કરાઈ

આવનાર સમયમાં ખેડૂતોને વધુ સુવિધા અને સેવાઓ મળી રહે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવશે

• ડભોઈ

ડભોઈ એ.પી.એમ.સીમાં ખેડૂત હિત રક્ષક સમિતિ દ્વારા ખેડૂતોના હિતમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયોનો સકારાત્મક પરિણામ સામે આવ્યું છે. વર્ષ 2025માં યોજાયેલી ડભોઈ એ.પી.એમ.સીની ચૂંટણીમાં ખેડૂત હિત રક્ષક સમિતિ દ્વારા પેનલ ઉતારવામાં આવી હતી, જેમાંથી ચાર ઉમેદવારો વિજયી થયા હતા. ચૂંટણીના પરિણામના દિવસે જ સમિતિ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે એ.પી.એમ.સીના સ્થાપક ભાઈલાલા કાકાનું અધૂરું સ્વપ્ન પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ રહીશું. આ જાહેરાતને હકીકતમાં સાકાર કરતાં ખેડૂત હિત રક્ષક સમિતિના ચાર સભ્યો તેમજ અન્ય સહયોગી સભ્યો દ્વારા ખેડૂતો માટે સી.સી.આઈ.ની પસંદગી કરવામાં આવી અને ખેડૂતોના માલની નિયમિત નોંધણીની વ્યવસ્થા શરૂ કરવામાં આવી. પરિણામે માત્ર એક જ માસમાં ડભોઈ એ.પી.એમ.સીને



આશરે 27 લાખ જેટલી શેષ ફીની આવક પ્રાપ્ત થઈ છે. આ આવક એ.પી.એમ.સીના ઈતિહાસમાં પ્રથમ વખત નોંધપાત્ર ગણાઈ રહી છે. આ સિદ્ધિથી તાલુકાના ખેડૂતોમાં ઉત્સાહ અને ચર્ચાનો માહોલ સર્જાયો છે. ખેડૂતો ખેડૂત હિત રક્ષક સમિતિ તથા અન્ય સભ્યોની કામગીરીના ભરપૂર વખાણ કરી રહ્યા છે. આ અવસરે એ.પી.એમ.સીના સ્થાપક ભાઈલાલા કાકાની સ્મૃતિને શાલ અને ફુલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન "જય કિસાન" અને "જય જવાન"ના ગગનભેદી નારા પણ લગાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખેડૂત હિત રક્ષક સમિતિના ચૂંટાયેલા સભ્યો ધવલભાઈ પટેલ, દીક્ષિતભાઈ પટેલ, ગૌરાંગ પટેલ, વિષ્ણુ પટેલ, પ્રવીણ પટેલ, ધીરેન પટેલ, જયેશ પટેલ, રાજુ પટેલ, શૈલેષ પટેલ તેમજ સમિતિના અન્ય ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આવનાર સમયમાં ખેડૂતોને વધુ સુવિધા અને સેવાઓ મળી રહે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવશે તેવી પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

# હળવદ પંથકમાં ફિલ્ટર પ્લાન્ટ સહિત 64 વીજ જોડાણોમાં ગેરરીતિ પકડાઇ

ગ્રામીણ વિસ્તારોમાં પાવર ચોરી ઝડપી લેવા પીજીવીસીએલનું ચેકિંગ

હળવદ : હળવદ ગ્રામ્ય પંથકમાં છેલ્લા કેટલાક સમયથી વીજ ચોરીના બનાવો જેવાકે લંગર મારી મીટરને બાયપાસ કરી વીજચોરી કરી રહ્યા હતા જેને પીજીવીસીએલની ટીમે રંગે હાથે ઝડપી પાડી રૂા. ૪૫ લાખનો દંડ ફટકાર્યો હતો. ગામોમાં ૩૪ ટીમો દ્વારા કુલ ૪૨૫ વીજ કનેક્સન ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૩ રહેણાંકના કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી જે બદલ ૪૦.૦૬ લાખનો દંડ ફટકાર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ વીજ ચેકીંગ દરમિયાન હળવદ તાલુકાના ગૌરી ઘનશ્યામપુર, કોયબા, અજીતગઢ, ખોડ, મયાપુર, ચૂપણી, ખેતરડી, માણેકવાડા, રાતભેર, ડુંગરપુર, શિવપૂર વગેરે ગામડાઓમાં વગેરે વિસ્તારમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગામોમાં ૩૪ ટીમો દ્વારા કુલ ૪૨૫ વીજ કનેક્સન ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૩ રહેણાંકના કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી જે બદલ ૪૦.૦૬ લાખનો દંડ ફટકાર્યો હતો. અન્ય એક રાતભેર ગામે મહેન્દ્રભાઈ વાઘજીભાઈ રાજપૂતના પાણીના પ્લાન્ટમાં ચેકીંગ હાથ ધરવામાં આવતા વીજચોરી ઝડપાતા અંદાજીત ૪.૫૦ લાખ દંડ ફટકાર્યો હતો.

હળવદ ગ્રામ્ય પંથકમાં કુલ ૩૪ ટીમો દ્વારા ૪૩૫ વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા જેમાંથી ૬૩ રહેણાંક વીજ કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી. અને એક પાણીના ફિલ્ટર પ્લાન્ટમાં ગેરરીતિ ઝડપાઈ હતી કુલ ૪૫ લાખનો દંડ ફટકાર્યો હતો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વીજ ચેકીંગની વાત વેગે પ્રસરી હતી તેથી વીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ગામોમાં ૩૪ ટીમો દ્વારા કુલ ૪૨૫ વીજ કનેક્સન ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૩ રહેણાંકના કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી જે બદલ ૪૦.૦૬ લાખનો દંડ ફટકાર્યો હતો.

## મનપા વિસ્તારના ક્રિષ્ના વીલા કોમ્પ્લેક્સમાં બાકી વેરો નહી ભરનાર 18 દુકાનો સીલ

• આણંદ

મહાનગપાલિકાની ટેક્સ વિભાગની રિકવરી ટીમ દ્વારા મનપા વિસ્તારમાં આવેલી દુકાનો અને રહેઠાણના બાકી વેરાની રકમ વસૂલાત માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જે દરમિયાન વિસ્તારમાં આવેલા ક્રિષ્ના વીલા કોમ્પ્લેક્સમાં રૂ. ૨.૫૩ લાખ બાકી વેરો ભરપાઈ નહીં કરનાર ૧૮ દુકાનો સીલ કરાઈ હતી. જ્યારે અન્ય દુકાનદારો પાસેથી ૧.૫૦ લાખનો વેરો વસૂલાયો હતો.

કરમસદ-આણંદ મહાનગરપાલિકાના દ્વારા મનપા વિસ્તારમાં આવેલી દુકાનો અને રહેઠાણના બાકી વેરાની રકમ વસુલાત માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત કરમસદ આણંદ મહાનગરપાલિકાના ટેક્સ વિભાગની રિકવરી ટીમ દ્વારા મોટી ખોડીયાર રોડ ઉપર આવેલ ક્રિષ્ના વીલા કોમ્પ્લેક્સમાં રૂ. ૨,૫૩,૯૮૦નો બાકી વેરો ભરપાઈ ન થવાના કારણે ૧૮ દુકાન સીલ કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય મિલકતો ધારક પાસેથી રૂ. ૧,૫૦,૦૦૦ જેટલો બાકી વેરો વસૂલ કરવામાં આવ્યો હતો. કરમસદ આણંદ મહાનગરપાલિકાના રિકવરી ટીમ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, દુકાનદારો બાકી વેરાની રકમ વહેલામાં વહેલી તકે જમા કરાવે તે ખૂબ જ જરૂરી છે, અન્યથા કાયદાને જોગવાઈની આધીન મનપાની ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચની સરકારને વિનંતી

# શિક્ષકો પાસે બિન શૈક્ષણિક કામ ન લેવું જોઈએ: તખુભાઈ સાંડસુર

• ભાવનગર

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચનું એક પ્રતિનિધિ મંડળ રાજ્ય સરકારના નિયુક્ત મંત્રીઓને શુભેચ્છા અને સંવાદ માટે ગયું હતું. મંચના સંયોજક શ્રી તખુભાઈ સાંડસુરના નેતૃત્વમા પ્રતિનિધિ મંડળે સોમવાર તા 5/1/26ના રોજ શિક્ષણના નીતિવિષયક અને શિક્ષણના સાર્વત્રિક ગુણવત્તાલક્ષી અમલીકરણના મુદ્દાઓ વગેરેને રાજ્ય સરકારને રજુ કરવા મુલાકાત કરી.

શિક્ષણ મંત્રીશ્રીઓ શ્રી પ્રદ્યુમન વાજા, શ્રી રિવાબા જાડેજા અને શ્રી ત્રિકમભાઈ છાંગાને મળીને રજૂઆત



કરવામાં આવી કે હવે પછી શરૂ થનાર વસ્તી ગણતરી જેવા કાર્યક્રમો કે જેમાં અન્ય કોઈ સ્ત્રોત કે એજન્સીનો ઉપયોગ કરીને આ કામ કરી શકાય તેમ છે. આ કાર્ય શિક્ષકોને ન સોંપવું જોઈએ તેવી લાગણી દર્શાવી. અભ્યાસક્રમોમાં મૂલ્ય શિક્ષણના સંવર્ધન માટે ઐતિહાસિક તથ્યોને રજૂ કરતી બાબતોનું ભારણ વધારવું, શ્રેષ્ઠ શિક્ષકોના પારિતોષિકની સમિતિને વધુ પારદર્શક અને બૃહદ બનાવવી,અનુદાનિત શાળાઓ ગામડામાં ટકી શકે તે માટે સંખ્યા અને સંખ્યા આધારિત અનુદાનુમાં પરિવર્તન લાવવું.આ પ્રકારના શિક્ષણની નીતિ અને હિતના મુદ્દાઓને શિક્ષણ મંત્રીશ્રીઓને ગળે ઉતારવા અને વ્યાપક રીતે સ્વીકાર કરાવવા શિક્ષણ પ્રતિનિધિઓએ પોતાનો ભાવ વ્યક્ત કર્યો હતો.

સચિવાલય ખાતે ઉપસ્થિત બંને શિક્ષણ મંત્રીઓ સુશ્રી રીવાબા તથા શ્રી ત્રિકમભાઈ છાંગાએ હકારાત્મક અભિગમ દર્શાવીને આ દિશામાં જે કંઈ થઈ શકે તે કરવાની તૈયારીઓ દર્શાવી હતી.મંચના અગ્રણીઓ શ્રી શ્યામજીભાઈ દેસાઈ, પ્રદિપસિંહ સિંધા,પ્રતિમાબેન મોરી, મમતાબેન જોશી વગેરે જોડાયા હતાં.

# ઈ-ગવર્નન્સ, લાઈટ વિભાગના કરોડોના કામ કમિટીમાં મુકાશે

## મટીરિયલ કમિટીનું વજન વધારાયુ

• અમદાવાદ



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કેટલીક કમિટીઓ માત્ર નામ પુરતી જ છે. આ પૈકી એક મટિરિયલ મેનેજમેન્ટ કમિટી છે. આ કમિટીનું વજન સ્ટેન્ડિંગ કમિટીએ દરખાસ્ત મંજૂર કરી વધારી દીધુ છે.નવી ટર્મથી ઈ-ગવર્નન્સ, ઈલેકટ્રિક એન્ડ મટીરિયલ પ્રોકયોરમેન્ટ કમિટી તરીકે આ કમિટી ઓળખાશે. ઉપરાંત કોર્પોરેશનના ઈ-ગવર્નન્સ અને લાઈટ વિભાગના કરોડો રુપિયાના કામ આ કમિટીની મંજૂરી માટે મુકાશે.

કોર્પોરેશન તંત્રની વિચિત્રતા એવી છે કે, હાલમાં મટીરિયલ મેનેજમેન્ટ તરીકે ઓળખાતી કમિટીમાં મોટાભાગે ગટરના ઢાંકણા કઈ સાઈઝના ખરીદવા અથવા તો સફાઈની કામગીરી માટેના સાધનોની ખરીદી કરવાની મંજૂરીના કામ કમિટીમા મુકાતા હતા.આ કારણથી ઝડપથી આ કમિટીના ચેરમેન કે વાઈસ ચેરમેન રહેવા કોઈ તૈયાર થતુ નહોતુ.ભાજપના વર્તમાન પદાધિકારીઓએ કિમીયો કરી ઈ-ગવર્નન્સ અને લાઈટ વિભાગને આ કમિટી સાથે જોડી દીધા.નવી ટર્મથી આ કમિટીની બેઠક મળશે એ સમયે જે તે વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરથી સંબંધિત અધિકારીઓને પણ બેઠકમાં હાજર રહેવુ પડશે.પણ મુળ તો હાલની કમિટીનુ નામ બદલવા પાછળ શાસકોનો એક છુપાયેલો ઉદ્દેશ એ જ હતો કે, કરોડો રુપિયાના કામ ઈ-ગવર્નન્સ અને લાઈટ વિભાગના તેમની જાણ બહાર તો મંજૂર થવા ના જોઈએ. લાઈટ વિભાગ રોડ કમિટી સાથે વર્ષોથી સંકળાયેલો હતો.તેને હવે નવી કમિટી સાથે જોડી દેવામા આવ્યો છે.

### ભાજપના હોદ્દેદારોની હાર થતા પાલિકાની ચૂંટણીમાં નવા સમીકરણો ગોઠવવા પડશે

# બોરસદની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ભાજપ પેનલની હાર, અપક્ષ પેનલની જીત

## બોરસદ શહેર ભાજપના વોર્ડ ૬ના પૂર્વ કાઉન્સિલરના પિતા, વોર્ડ ૫ના પૂર્વ કાઉન્સિલરના પતિની પણ ચૂંટણીમાં હાર

• આણંદ

બોરસદ શહેરના ત્રણ જેટલા વિસ્તારમાં હાલ દૂધ ઉત્પાદક મંડળી કાર્યરત છે. જેની સામાન્ય ચૂંટણીઓ ૮ જાન્યુઆરીના રોજ યોજાઈ હતી. છેલ્લા ૧૫ દિવસથી ચર્ચામાં રહેલી દૂધ મંડળીના પરિણામોમાં ભાજપની આખી પેનલનું માત્ર ૧૦૦ મતની અંદર ગૂંચળું વળી જતા અપક્ષોએ બનાવેલી વિકાસ પેનલે ડેરીની તમામ ૧૧ બેઠકો પર કબજો મેળવ્યો છે. બોરસદમાં ભાજપના સમીકરણો નવેસરથી ગોઠવવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

બોરસદ શહેરના વિવિધ વિસ્તારમાં દૂધ ઉત્પાદક મંડળીની ત્રણ શાખાઓ આવેલી છે. જેમાં નારાયણ નગર સોસાયટી પાસે, બીજી શાખા ટાઉનહાલ પાસે અને ત્રીજી શાખા નાવડ વિસ્તારમાં આવેલી છે. ત્રણેય દૂધ મંડળીની વ્યવસ્થાપક કમિટીની સામાન્ય ચૂંટણીની જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં જાહેરાત કરવામાં આવી હતી અને જેનું મતદાન ૮ જાન્યુઆરીના રોજ યોજાયું હતું. ત્રણેય શાખાના અંદાજિત ૬૮૦ મતદારો ધરાવતી દૂધ મંડળીમાં મતદાનના દિવસે ૫૮૫ મતદારોએ મતદાન કર્યું હતું અને ૮ જાન્યુઆરીની સાંજે ત્રણથી છમાં મત ગણતરી પણ યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, દૂધ મંડળી મુખ્યત્વે ઠાકોર ક્ષત્રિય અને અન્ય જ્ઞાતિના તેમજ માલધારી જ્ઞાતિનું વર્ચશ્વ ધરાવે છે. હાલ નારાયણનગર પાસે આવેલી મંડળીનો વોર્ડ બેમાં સમાવેશ થાય છે, જ્યારે અન્ય બે મંડળીનો વોર્ડ પાંચ અને વોર્ડ છમાં સમાવેશ થાય છે. મહત્વ એ છે કે વોર્ડ પાંચ અને છ ભાજપનો ગઢ ગણાય છે અને આમ બંને વોર્ડમાં રહેલા ક્ષત્રિય ઠાકોર માલધારી સમાજ સહિતના અન્ય મતદારો ભાજપ તરફી ઝુકાવ રાખતા હોય છે. જેથી દૂધ મંડળીની ચૂંટણીમાં ભાજપ દ્વારા બનાવવામાં આવેલી પતંગ પેનલ બહુમતીથી જીતશે તેવું અનુમાન સેવાઈ રહ્યું હતું. પરંતુ પરિણામોમાં મોટી ઉથલપાથલ થઈ હતી. ભાજપના વર્ચસ્વ વાળા વોર્ડમાં અપક્ષોએ બનાવેલી વિકાસ પેનલના તમામ ઉમેદવારો બહુમતીથી જીતી ગયા હતા અને ભાજપની પેનલના સૂપડા સાફ કરી દેતા બોરસદ શહેરમાં આગામી નગરપાલિકાની ચૂંટણીમાં પણ વોર્ડ બે, વોર્ડ પાંચ અને છમાં ભાજપને ફરીથી નવેસરના સમીકરણો ગોઠવવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

વોર્ડ છમાં હારેલા ભાજપના ઉમેદવાર ઠાકોર પૂનમભાઈ પહેલા નગરપાલિકાના કાઉન્સિલર હતા, જ્યારે તેમના દીકરા મહેશભાઈ ઠાકોર બોરસદ શહેર ભાજપના વોર્ડ ૬ના પૂર્વ કાઉન્સિલર પણ હતા અને ઠાકોર સેનાના પ્રમુખ તરીકેની પણ જવાબદારી નિભાવી રહ્યાં છે. વોર્ડ છના વિકાસના કામોમાં છેલ્લા ત્રણ વર્ષથી મહેશભાઈ ઠાકોર સક્રિય રહેવા હોવા છતાં પણ તેમના પિતાની કારમી હાર થતા ભાજપના કાર્યકરોમાં સોંપો પડી ગયો છે. અન્ય હકીકત એ પણ છે કે, વોર્ડ પાંચમાં ભાજપના પૂર્વ કાઉન્સિલર જયમીનીબેન પટેલના પતિ દશરથભાઈ પટેલ જે ભાજપમાં બોરસદ શહેર ભાજપ પૂર્વપ્રમુખ પણ હતા. તેમની પણ ચૂંટણીમાં હાર થવાથી વોર્ડ પાંચમાં ભાજપનું ધોવાણ થયું છે. આગામી બે મહિનામાં બોરસદ નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે. ત્યારે બોરસદ દૂધ મંડળીની ચૂંટણીના પરિણામોએ હવે ભાજપને નવેસરથી નવા સમીકરણો ગોઠવવા માટે મજબૂર કર્યા છે તેવી ચર્ચાઓ ઉઠી રહી છે.

### ૪૦ લાખ વૃક્ષો રોપી દીધા

# હવે શિયાળામાં મેટ્રો રેલના ૧૩ કિ.મી.રુટ ઉપર ૧૦ કરોડના ખર્ચે ૯ હજાર વૃક્ષ વવાશે

## બગીચાખાતા તરફથી રોપાતા રોપાં પૈકી ૬૦ ટકા જ જીવંત રહે છે, છતાં મેટ્રો રેલ રૂટ માટે કોર્પોરેશન આંધણ કરશે

• અમદાવાદ



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બગીચા ખાતા દ્વારા શહેરમાં ગ્રીન કવર વધારવાના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરાઈ રહયો છે. ચોમાસા પહેલા શહેરમાં ૪૦ લાખ વૃક્ષ વાવવામા આવ્યા હોવાનો શાસકો અને તંત્ર તરફથી દાવો કરાયો હતો.બગીચા ખાતાના અધિકારીના કહેવા મુજબ, જેટલા વૃક્ષ શહેરમાં રોપાય છે. આ પૈકી માત્ર ૬૦ ટકા વૃક્ષ જ જીવીત રહે છે.પોતાના વૃક્ષોને ૧૦૦ ટકા જીવીત નહીં રાખી શકતા બગીચા વિભાગ દ્વારા મેટ્રો રેલવેના આશરે ૧૩.૫ કિલોમીટરના રુટ ઉપર બંને સાઈડમાં રુપિયા ૧૦ કરોડના ખર્ચથી ૯ હજાર વૃક્ષો વવાશે.આ કામગીરી આખુ વર્ષ ચાલશે.

ચોમાસા પહેલા શહેરના વિવિધ વોર્ડ વિસ્તારમાં બગીચા ખાતાએ ૪૦ લાખ વૃક્ષ રોપ્યા હતા.પરંતુ તે વખતે મેટ્રો રૂટની બંને તરફ વૃક્ષો વાવવાનુ રહી ગયુ હતુ.હવે શિયાળા અને ઉનાળામા ૯ હજાર વૃક્ષો વાવવા માટે બગીચા વિભાગ તરફથી ટેન્ડર ફલોટ કરાયુ છે.બગીચા ખાતાના અધિકારીએ નામ નહીં આપવાની શરતે કહયુ, શહેરમાંથી પસાર થતા મેટ્રોના રૂટ ઉપર અમુક સ્પોટ ઉપર પ્લાન્ટેશન થઈ ગયુ છે.જયારે અન્ય રૂટ ઉપર વૃક્ષારોપણ કરવાનુ બાકી છે.શહેરમાં ૪૦ લાખ વૃક્ષ રોપવાની જાહેરાત કરાઈ હતી.આ પૈકી ૨૦ લાખ વૃક્ષ વાવી અને તેના ઓપરેશન અને મેઈન્ટેનન્સ કરવાનો કોન્ટ્રાકટ ત્રણ કોન્ટ્રાકટરોને અપાયો હતો.આ કોન્ટ્રાકટરોએ ૨૦ની જગ્યાએ ૨૯ લાખ વૃક્ષ રોપી દેતા ખર્ચ રુપિયા ૬૪ કરોડથી વધીને રુપિયા ૧૩૧ કરોડ સુધી પહોંચી ગયો હતો.હવે ચોમાસા પછી મેટ્રોના રુટ ઉપર ૯ હજાર વૃક્ષો વાવવા અને તેની જાળવણી કરવા સહેલી બાબત નથી.આમ છતાં મેટ્રો રેલવે રુટની બંને તરફ આવેલા હયાત પ્લાન્ટેશનના અપગ્રેડેશન અને નવા પ્લાન્ટેશન માટે આશ્ચર્યજનક રીતે બગીચા ખાતાએ ટેન્ડર કર્યુ છે.મેટ્રો રુટ ઉપર બંને તરફ ખુલ્લી જગ્યામા પ્લાન્ટેશન કરી બ્યુટિફિકેશન કરાશે એવો દાવો કરાયો છે.ગાર્ડન વિભાગને પશ્ચિમ અમદાવાદમાં પ્લાન્ટેશન માટે ઓછા પ્લોટ મળતા ૧૦.૩૫ લાખ જયારે પૂર્વ અમદાવાદમાં ૩૦.૪૪ લાખ વૃક્ષ વાવવામા આવ્યા હોવાનો બગીચા વિભાગ તરફથી દાવો કરાયો છે.સમૃધ્ધ એવા પશ્ચિમના વિસ્તારમાં ૨૫ ટકા જયારે પૂર્વ અમદાવાદમાં જગ્યા વધુ મળતા ૭૫ ટકા પ્લાન્ટેશન કરાયુ હોવાનુ કહેવાયુ છે.

પશ્ચિમ ઝોનમાં ૪.૪૫ લાખ વૃક્ષનુ વાવેતર કરાયુ છે.ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૩.૧૫ લાખ, દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૨.૭૪ લાખ વૃક્ષ વાવવામા આવ્યા છે.દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં શાહવાડી કેનાલની આસપાસ એક લાખ વૃક્ષ વાવવામા આવ્યા છે.ગ્યાસપુરના સીઈટીપી પાછળ બે લાખ ચોરસમીટરના પ્લોટમાં અંદાજે ૧૩.૬૭ લાખ વૃક્ષ વાવવામા આવ્યા છે.દક્ષિણ ઝોનમાં ૧૯.૭૯ લાખ તથા પૂર્વ ઝોનના વિવિધ વોર્ડ વિસ્તારમાં છ લાખ વૃક્ષો વાવવામા આવ્યા હોવાનો બગીચા વિભાગ તરફથી દાવો કરાયો છે.

# યુવકનો વીડિયો ઉતારી 10 કરોડ માગ્યા; મહિલા અને પત્રકારની ધરપકડ કરાઈ

## અમદાવાદમાં હની ટ્રેપનો ખતરનાક ખેલ

• અમદાવાદ




અમદાવાદમાં હની ટ્રેપમાં લોકોને ફસાવી મોટી રકમનો તોડ કરવો બે પત્રકારોને ભારે પડ્યો છે. એક યુવકને પ્રેમમાં ફસાવી તેનો ન્યુડ વીડિયો બનાવીને રૂપિયા 10 કરોડની ખંડણી માંગનારા એક મહિલા અને સ્થાનિક અખબારના તંત્રીની પોલીસે ધરપકડ કરી છે. આ બંનેએ એક યુવકને વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી કરોડો રૂપિયાની ઉઘરાણી કરવાનો પ્લાન બનાવ્યો હતો.

મુખ્ય આરોપી મહિલાએ યુવકને પ્રેમ જાળમાં ફસાવ્યો હતો. મહિલાએ ફરિયાદી યુવક સાથેની અંગત પળોનો વીડિયો છૂપી રીતે રેકોર્ડ કરી લીધો હતો. તે પછી આ વીડિયોના ઉપયોગથી બ્લેકમેઈલિંગ કરવાનું શરૂ કર્યું હતું. મહિલાએ આ વીડિયો તેના સાથીદાર અને એક ન્યુઝ પેપરના તંત્રીને પણ આપ્યો હતો. આ પછી બંનેએ સાથે મળીને ફરિયાદી યુવકને ધમકાવવાનું શરૂ કર્યું હતું.

ફરિયાદમાં મુજબ, આરોપીએ યુવકને બ્લેકમેઈલિંગ કરીને ધમકી આપતાં કહ્યું કે, જો તે 10 કરોડ રૂપિયા નહીં આપે તો આ વીડિયો સોશિયલ મીડિયા વાઈરલ કરીને ન્યૂઝપેપરમાં લખશે. એટલું જ નહીં આ માટે બંનેએ છેલ્લી તક આપી 24 કલાકમાં 7 કરોડ રોકડા ચૂકવી દેવા માટે દબાણ કર્યું હતું. સમગ્ર મામલે યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી હતી.

મહત્ત્વનું છે કે, સાયબર ક્રાઈમ પોલીસે મહિલા અને તેના સાથી પત્રકારની ધરપકડ કરી લીધી છે. આ ઉપરાંત બંને પાસેથી મોબાઈલ, કમ્પ્યુટર અને અન્ય ડિજિટલ ડિવાઈસ જપ્ત કર્યા છે. અને બંનેની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

આ ઘટના અંગે સાયબર ક્રાઈમ ACPએ જણાવ્યું હતું કે, અમદાવાદ સાયબર ક્રાઈમમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, એક હની ટ્રેપ અને ખંડણીના ષડયંત્રમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આમાં એક ન્યુઝ પેપરના તંત્રી અને મુખ્ય માસ્ટરમાઈન્ડ મહિલાએ ફરિયાદી યુવકનો એક અંગત વીડિયો સ્પાય કેમેરાથી તેની જાણ બહાર બનાવી લીધો હતો અને તેને સોશિયલ મીડિયામાં વાઈરલ ન કરવા કરોડો રૂપિયાની ખંડણી માગી હતી.

સમગ્ર મામલે પોલીસે ફરિયાદના આધારે મહિલા સહિત બંને આરોપીની ધરપકડ કરી છે. જ્યારે આ ગુનામાં સામેલ મહિલાનો બોયફ્રેન્ડ હાલ ફરાર છે. પોલીસ હાલ આ ગેંગ દ્વારા અન્ય કેટલા લોકો સાથે આવી રીતે છેતરપિંડી કરી છે તેને લઈને તપાસ હાથ ધરી છે.

# કેનેડા-ઓસ્ટ્રેલિયાના વિઝાના બનાવટી દસ્તાવેજ આપીને એજન્ટે બે કરોડ પડાવ્યા

## અમદાવાદના ઇમીગ્રેશન કન્સલ્ટન્ટ સાથે આબાદ છેતરપિંડી

• અમદાવાદ

કેનેડા અને ઓસ્ટ્રેલિયા વિઝાનું કામ કરતા અને બોપલમાં ઓફિસ ધરાવતા ઈમીગ્રેશન કન્સલ્ટન્ટ અને તેમના ક્લાઈટ સાથે નડિયાદમાં રહેતા એક એજન્ટે આબાદ છેતરપિંડી કરીને રૂપિયા ૨.૦૨ કરોડની રકમ પડાવી લીધી હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધવામાં આવી છે. એજન્ટે વિવિધ પ્રોસેસના નાણાં પડાવીને બનાવટી વિઝા લેટર, એર ટિકિટ પણ આપી હતી. આ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

સાઉથ બોપલમાં આવેલા આરોહી ક્રેસ્ટ એપાર્ટમેન્ટમાં રહેતા નમન જોષી વકીલ બ્રીજ બોપલ પાસે ઈમીગ્રેશનની ઓફિસ ધરાવીને વિઝાનો વ્યવસાય કરે છે. આ કામ માટે તે તેમના ગ્રાહકોને ઝડપથી સેવા મળે તે માટે અલગ અલગ એજન્ટો સાથે કરાર કરે છે. બે વર્ષ પહેલા તેમનો પરિચય જલ્પેશ ઠક્કર (રહે. જયશ્રીનગર, પેટલાદ રોડ, નડિયાદ) નામના એજન્ટ સાથે થયો હતો. જલ્પેશ ઠક્કર એજન્ટ તરીકે કરતો હોવાથી તેણે નમન જોષી સાથે કામ શરૂ કર્યું હતું.

નમન જોષીએ તેને ઓસ્ટ્રેલિયા અને કેનેડાના વર્ક વિઝા માટે ૨૫ જેટલા ક્લાઈન્ટની ફાઈલ આપીને તબક્કાવાર કુલ મળીને ૨.૦૨ કરોડની રકમ પણ આપી હતી. જેની સામે જલ્પેશે રીસીપ્ટ આપી હતી.ત્યારબાદ જલ્પેશે ક્લાઈન્ટની વિઝા મંજૂરના ડોક્યુમેન્ટ, એક ટિકિટ અને અન્ય ડોક્યુમેન્ટ આપ્યા હતા. પરંતુ, તપાસ કરતા તમામ ડોક્યુમેન્ટ બનાવટી હોવાનું જાણવા મળ્યું હતું. જે અંગે નમન જોષીએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. વિઝા કૌભાંડમાં વધુ મોટા ખુલાસા થવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

# ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી, 4.8 ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડુ

• અમદાવાદ

ગુજરાતમાં શિયાળો જામી ચૂક્યો છે. છેલ્લા કેટલાક દિવસથી લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, કચ્છનું નલિયા 4.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ઠંડું શહેર નોંધાયું છે. આ સિવાય સૌરાષ્ટ્રના રાજકોટમાં પણ પારો ગગડીને 9.4 ડિગ્રી સુધી પહોંચી ગયો છે, જેના કારણે રાત્રિના સમયે હાડ થીજવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તર ગુજરાતના ડીસામાં પણ 10.1 ડિગ્રી તાપમાન સાથે ઠંડીનું જોર યથાવત રહ્યું છે, જ્યારે ભુજ અને અમદાવાદ જેવા શહેરોમાં લઘુત્તમ તાપમાન 11 ડિગ્રીની આસપાસ નોંધાયું છે.

બીજી તરફ, રાજ્યના વિવિધ વિસ્તારોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના ડાંગ અને સુરતમાં તાપમાનનો પારો 30 ડિગ્રીને પાર પહોંચતા દિવસે સામાન્ય ગરમીનો અનુભવ થયો છે, જ્યાં ડાંગમાં સૌથી વધુ 30.9 ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન 24થી 29 ડિગ્રીની વચ્ચે રહેતા મિશ્ર ઋતુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. દરિયાકાંઠાના વિસ્તારો જેમ કે ઓખા અને દીવમાં લઘુત્તમ તાપમાન 15 ડિગ્રીથી ઉપર રહેતા ત્યાં ઠંડીની અસર પ્રમાણમાં ઓછી વર્તાઈ છે.

### રોહિત-વિરાટની એક ઝલક મેળવવા હજારો વડોદરા વાસીઓ રસ્તા પર અને ગ્રાઉન્ડ બહાર પર ઉમટયા

# કોટંબી ગ્રાઉન્ડ પર ભારત-ન્યૂઝીલેન્ડના ખેલાડીઓએ ત્રણ કલાક નેટ પ્રેકટીસ કરી

• વડોદરા

વડોદરાના નવનિમત કોટંબી સ્ટેડિયમ ખાતે આગામી ૧૧ જાન્યુઆરીના રોજ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રસાકસી ભરેલી વન-ડે મેચ રમાનાર છે. આ પ્રતિષ્ઠિત મુકાબલા માટે બંને દેશની ટીમો વડોદરા આવી પહોંચતા જ સમગ્ર શહેરમાં ક્રિકેટનો જ્વર જોવા મળી રહ્યો છે. આજે બપોરે દોઢ વાગ્યે ન્યૂઝીલેન્ડની ટીમે મેદાન પર ઉતરીને આકરી પ્રેક્ટિસ શરૂ કરી હતી. કીવી ખેલાડીઓએ ત્રણ કલાક સુધી બેટિંગ અને બોલિંગમાં પોતાની ક્ષમતા ચકાસી હતી. ત્યારબાદ સાંજે પાંચ વાગ્યે ભારતીય ટીમનું આગમન થયું હતું. હેડ કોચ ગૌતમ ગંભીરના માર્ગદર્શન હેઠળ ભારતીય ખેલાડીઓએ રાત્રે આઠ વાગ્યા સુધી ફલડ લાઈટ્સના પ્રકાશમાં પરસેવો પાડયો હતો.

નેટ પ્રેક્ટિસ દરમિયાન કેપ્ટન શુભમન ગીલ, રોહિત શર્મા અને વિરાટ કોહલીએ આક્રમક બેટિંગ કરી હતી, જ્યારે અર્શદીપ સિંઘ અને હષત રાણાએ સચોટ લાઈન-લેન્થ પર બોલિંગનો અભ્યાસ કર્યો હતો. ખેલાડીઓએ ફિલ્ડિંગ ડ્રીલ્સમાં કેચ પકડવાની પ્રેક્ટિસ કરી હતી અને હળવા થવા માટે ફૂટબોલની રમતની પણ મજા માણી હતી. ટીમમાં સિનિયર ખેલાડીઓની હાજરીથી યુવા ખેલાડીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્ટેડિયમની બહાર પણ હજારોની સંખ્યામાં ચાહકો પોતાના પ્રિય સ્ટાર્સને પ્રોત્સાહિત કરવા તેમજ તેમની એક ઝલક જોવા માટે ઉમટી પડયા હતા.

ટીમ બસની પાછળ દોડયા ચાહકોથ હોટલ અને ગ્રાઉન્ડ પર મેળા જેવો માહોલ ભારત અને ન્યૂઝીલેન્ડના ખેલાડીઓને હોટલથી સ્ટેડિયમ સુધી લાવવા માટે પોલીસ દ્વારા અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જોકે, ક્રિકેટ ચાહકોના ઉત્સાહ સામે આ સુરક્ષા પણ ઓછી જણાતી હતી. હોટલની બહાર સવારથી જ ચાહકોની ભારે ભીડ જમા થઈ હતી. જ્યારે ખેલાડીઓની બસ પસાર થઈ ત્યારે રોડની બંને તરફ ઉભેલા લોકોએ હર્ષનાદ સાથે ટીમના ખેલાડીઓનું અભિવાદન કર્યું હતું. ખાસ કરીને વિરાટ કોહલી અને રોહિત શર્માની એક ઝલક મેળવવા માટે યુવાઓમાં અનેરો ક્રેઝ જોવા મળ્યો હતો. ચાહકોના આ આકર્ષણને પગલે કોટંબી ગ્રાઉન્ડની બહાર પણ દિવસભર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત રહ્યો હતો.ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર પ્રેક્ટિસ સેશન દરમિયાન સતત એક્ટિવ જોવા મળ્યા હતા. તેમણે દરેક ખેલાડીની ટેકનિક પર નજીકથી નજર રાખી હતી અને જરૂરી સૂચનાઓ આપી હતી. નેટ પ્રેક્ટિસમાં કે.એલ. રાહુલે બેટિંગ કરી હતી. રોહિત અને વિરાટ જેવા સિનિયરો યુવા બોલર હષત રાણા તેમજ અન્ય ખેલાડીઓને માર્ગદર્શન આપતા જોવ મળ્યા હતા. કેપ્ટન શુભમન ગીલે પણ તમામ ખેલાડીઓ સાથે પ્રેકટીસ કરી હતી. વડોદરાના ગ્રાઉન્ડ પર એક આદર્શ ટીમ સ્પિરિટ જોવા મળ્યું હતું. ગંભીરે ફિલ્ડિંગ સેશન દરમિયાન ખેલાડીઓને ગ્રાઉન્ડની પરિસ્થિતિ મુજબ જરૂરી સુચનાઓ આપી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# શક્તિપીઠ અંબાજી ખાતે 2026ની મકરસંક્રાંતિ પર્વ નાગા સાધુ સન્યાસીઓ શાહી સ્નાન કરશે

## અંબાજી એ ગુજરાત નું સૌથી મોટા પવિત્ર પાત્રધામ માણવામાં આવે છે



• લક્ષમણ ઝાલા અંબાજી

વાત કરીએ તો યાત્રાધામ અંબાજી એ ગુજરાત નું સૌથી મોટા પવિત્ર પાત્રધામ માણવામાં આવે છે અને યાત્રાધામ ખાતે અનેકો મોટામોટા કાર્યક્રમો યોજાતા હોય છે ત્યારે આ વખતતે હર વર્ષની જેમ આ વર્ષ પણ શંભુપંચ દસનમ આવાહન અખાડા દ્વારા સાધુ મહામેળાનું આયોજન કરવામાં આવ્યું છે જે 11 થી 15 જાન્યુઆરી દરમિયાન યોજાનારા આ પાંચ દિવસીય કાર્યક્રમમાં ભારતભરમાંથી હજારોની સંખ્યામાં નાગા સાધુ-સન્યાસીઓ શાહી સ્નાન કરશે અંબાજીમાં શાહી સ્નાનની આ પરંપરા છેલ્લા ચાર વર્ષથી ચાલી આવે છે અને આ વર્ષે તેનું પાંચમું આયોજન છે. આ પ્રસંગે ફરી એકવાર અંબાજીમાં સંતોનો જમાવડો જોવા મળશે. કાર્યક્રમની શરૂઆત 11મી જાન્યુઆરીના રોજ સંતોના આગમન સાથે થશે. ત્યારબાદ ગણપતિ પૂજા, ધર્મધજા સ્થાપન, ગૌપૂજા અને કન્યાપૂજન જેવી વિવિધ ધાર્મિક વિધિઓ યોજાશે મકરસંક્રાંતિ 14મી જાન્યુઆરીએ બપોરે ત્રણ કલાકે શરૂ થતી હોવાથી, મુખ્ય શાહી સ્નાન 15મી જાન્યુઆરીએ સૂર્યોદય સમયે કરવામાં આવશે. આ પવિત્ર દિવસો દરમિયાન રાત્રિના સમયે અંબાજીના માનસરોવર કુંડ ખાતે ગંગા આરતીનું પણ આયોજન કરાયું છે. 15મી જાન્યુઆરીએ સાધુ-સંતોના શાહી સ્નાન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ થશે. અંબાજી ગામના નાગરિકો અને સાધુ-સંતો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે તૈયારીઓ ચાલી રહી છે. શ્રી શંભુ પંચદશનમ આવાહન અખાડા શાખા અંબાજી દ્વારા તમામ ભાવિક ભક્તોને આ ધાર્મિક કાર્યક્રમમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**સેવા સહકારી મંડળી** કુતિયાણા તાલુકાના ધ્રુવાડા સેવા સહકારી મંડળીમાં વર્ષ ૨૦૧૦ દરમિયાન થયેલી કથિત નાણાં ઉચાપતની ફરિયાદ

# ૧૫ વર્ષ જૂના ધ્રુવાડા સેવા સહકારી મંડળીના નાણાં ઉચાપત કેસમાં તલાટી મંત્રી નિર્દોષ જાહેર

## પોરબંદર એડિશનલ ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટે પુરાવાના અભાવે આરોપી તલાટી નાગેન્દ્ર જોશીને મુક્ત કર્યા

• ગોસા (ઘેડ) તા. ૦૯

કુતિયાણા તાલુકાના ધ્રુવાડા સેવા સહકારી મંડળીમાં વર્ષ ૨૦૧૦ દરમિયાન થયેલી કથિત નાણાં ઉચાપતની ફરિયાદ સંબંધે નોંધાયેલ ૧૫ વર્ષ જૂના કેસમાં પોરબંદર અદાલતે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. નામદાર ગુજરાત હાઈકોર્ટની સૂચના અનુસાર જૂના કેસો ઝડપથી પૂર્ણ કરવાની પ્રક્રિયા હેઠળ પોરબંદરના એડિશનલ ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રી અનુરાગ રાજેન્દ્રપ્રસાદ દ્વિવેદીએ તમામ પુરાવા અને દલીલોનું મૂલ્યાંકન કર્યા બાદ ધ્રુવાડા ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રી શ્રી નાગેન્દ્ર જેન્તીલાલ જોશીને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.



આ કેસમાં તાલુકા વિકાસ અધિકારી, કુતિયાણા દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે વર્ષ ૨૦૧૦માં ધ્રુવાડા સેવા સહકારી મંડળીના પ્રમુખ તથા અન્ય હોદેદારો દ્વારા મંડળીના સભ્યોની રકમ ખોટી રીતે અંગત ઉપયોગમાં વાપરી નાંખવામાં આવી હતી. આ સાથે તે સમયના તલાટી-કમ-મંત્રી સામે ઓછી જમીન હોવા છતાં વધુ જમીન દર્શાવી ખોટી લોન મંજૂર કરાવવાના આરોપો પણ મૂકવામાં આવ્યા હતા.

કેસની સુનાવણી દરમિયાન એડિશનલ ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા ફરિયાદી તેમજ હેન્ડરાઈટીંગ એક્સપર્ટની જુબાની લેવામાં આવી હતી. હેન્ડરાઈટીંગ એક્સપર્ટની ઉલટ તપાસ દરમિયાન એ વાત સ્વીકારવામાં આવી હતી કે ધ્રુવાડા સેવા સહકારી મંડળીમાં રજૂ કરાયેલા ૭/૧૨ અને ૮-અના દાખલાઓમાં આરોપી તલાટી મંત્રીની સહી હોવાની ચોક્કસ ઓળખ કરી શકાય તેમ નથી.

આ ઉપરાંત આરોપી પક્ષના એડવોકેટ શ્રી ભરતભાઈ લાખાણી દ્વારા કરાયેલ ઉલટ તપાસમાં એ પણ બહાર આવ્યું હતું કે મંડળીના ઓડિટર શ્રી મશરૂ દ્વારા રજૂ કરાયેલા અહેવાલમાં તલાટી મંત્રી સામે ફરિયાદ દાખલ કરવાની કોઈ ભલામણ કરવામાં આવેલી નથી. તે સમયે તમામ ૭/૧૨ના ઉતારા હસ્તલિખિત આપતા હોવાથી કોઈપણ વ્યક્તિ તેમાં આંકડાકીય ફેરફાર કરી શકે, જેમ કે એક હેક્ટર લખેલા સ્થળે એક "૦" ઉમેરી અગિયાર હેક્ટર દર્શાવી શકાય, અને આવી સ્થિતિમાં તલાટી મંત્રીની સીધી જવાબદારી ઠેરવી શકાય નહીં - તેવી દલીલ કરવામાં આવી હતી.

અંતિમ દલીલો દરમિયાન આરોપી પક્ષે ભારપૂર્વક રજૂઆત કરી હતી કે તલાટી મંત્રીનો ધ્રુવાડા સેવા સહકારી મંડળી સાથે કોઈ સીધો વ્યવહાર કે સંડોવણી સાબિત થતી નથી તેમજ કોઈ ખોટો રેકોર્ડ કાઢી આપ્યાનો પુરાવો પણ ઉપલબ્ધ નથી. આ તમામ હકીકતો, દસ્તાવેજો અને સાક્ષીઓના આધારે અદાલતે આરોપી તલાટી મંત્રીને તમામ આરોપોમાંથી મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં તલાટી મંત્રી વતી પોરબંદરના જાણીતા વકીલો દીપકભાઈ બી. લાખાણી, ભરતભાઈ બી. લાખાણી, હેમંગ ડી. લાખાણી, અનિલ ડી. સુરાણી, જયેશ બારોટ, જીતેન સોનીગ્રા, નવઘણ જાડેજા, ભૂમિ વરવાડીયા, ચાંદની મદલાણી તથા ભાવના પારધીએ અસરકારક રીતે દલીલો રજૂ કરી હતી.

રિપોર્ટર: વિરમભાઈ કે. આગઠ

# મહીસાગર જિલ્લામાં ભારતીય ચૂંટણી પંચના રોલ ઓબ્ઝર્વર અશ્વિની કુમારના અધ્યક્ષ સ્થાને મતદાર યાદી ખાસ સુધારણા (SIR) અંતર્ગત એક મહત્વપૂર્ણ બેઠક યોજાઇ

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહીસાગર જિલ્લામાં કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે ભારતના ચૂંટણી પંચના રોલ ઓબ્ઝર્વર અશ્વિની કુમારના અધ્યક્ષ સ્થાને અને મહીસાગર જિલ્લા કલેકટર અર્પિત સાગરની હાજરીમાં મતદાર યાદી ખાસ સુધારણા (SIR) અંતર્ગત એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. . આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લામાં પારદર્શક અને સર્વગ્રાહી મતદાર યાદી તૈયાર કરી લોકશાહીના પર્વને વધુ મજબૂત બનાવવાનો રહ્યો હતો.

બેઠક દરમિયાન રોલ ઓબ્ઝર્વર દ્વારા મતદાર યાદીમાં નવા મતદારોના નામ ઉમેરવા, નામ કમી કરવા અથવા સુધારા કરવા માટે મળેલા ફોર્મ્સની ચકાસણી પ્રક્રિયાની સમીક્ષા કરવામાં આવી હતી. ખાસ કરીને દિવ્યાંગ મતદારો (PwD) અને યુવા મતદારોની નોંધણી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

# નર્મદા કિનારે સેવાનો અખંડ યજ્ઞ: જૂના તવરામાં કનુ મામા ૨૫ વર્ષથી પરિક્રમાવાસીઓ અને પક્ષીઓનો જઠરાગ્નિ ઠારે છે



• ભરૂચ,

ભરૂચ તાલુકાના જૂના તવરા ગામે નર્મદા નદીના તટ પર આવેલો કનુ મામાનો આશ્રમ છેલ્લા અઢી દાયકાથી સેવા અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યો છે. મૂળ જંબુસરના વાવલી ગામના ૭૫ વર્ષીય કનુભાઈ આશાભાઈ પટેલ (કનુ મામા) છેલ્લા ૨૫ વર્ષથી કોઈ પણ જાતના સ્વાર્થ વગર નર્મદા પરિક્રમાવાસીઓ અને અબોલ પક્ષીઓની સેવા કરી રહ્યા છે. શ્રદ્ધાળુઓ માટે રહેવા-જમવાની ઉત્તમ સુવિધા સાથે અહીં દરરોજ હજારો પક્ષીઓના કલરવ વચ્ચે જીવદયાનો અનોખો સંગમ જોવા મળે છે.

કનુ મામાના આશ્રમમાં આવતા પરિક્રમાવાસીઓને તેમની પસંદગી મુજબનું શુદ્ધ ભોજન અને આશ્રય પૂરો પાડવામાં આવે છે. માત્ર માનવ સેવા જ નહીં, પરંતુ પક્ષીઓ માટે પણ મામાનો પ્રેમ અજોડ છે. દરરોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન આશરે ૮૦૦ થી ૧૦૦૦ જેટલા કબૂતર, મોર અને કાગડાઓ અહીં ચણ માટે ઉતરી આવે છે. પક્ષીઓને નિયમિતપણે ઘઉં, જુવાર, બાજરી અને ફરસાણ જેવી વસ્તુઓ ખવડાવવામાં આવે છે. ૭૫ વર્ષની જૈફ વયે પણ કનુ મામા જે ઉત્સાહથી આ સેવાકાર્ય કરી રહ્યા છે, તે જોઈને મુલાકાતીઓ દંગ રહી જાય છે.

# વડપગ ગામેથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટ ની દેશી હાથ બનાવટની બંદુક ઝડપાઈ

## બંને ઈસમો વિરૂધ્ધ ભાભર પોલીસ સ્ટેશન ખાતે આર્મએક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી

• અહેવાલ પ્રધાનજી ઠાકોર



ભાભર પોલીસ સ્ટેશનના વડપગ ગામેથી ગેરકાયદેસર અને વગર પાસપરમીટ ની દેશી હાથ બનાવટની બંદુક એક અને ધાતુના છરા આઠ સહિત કુલ કિ.રૂ. ૫૫,૦૮૦/- નો મુદામાલ પકડી પાડ્યો દિયોદર પોલીસ સ્ટેશનના ધ્રાડવ ગામે પાંચ નીલગાય નો શિકાર કરી મૃત્ય નિપજાવેલનો ફોરેસ્ટ વિભાગમાં દાખલ થયેલ ગુનો ગણતરીના દિવસોમાં શોધી કાઢતી એસ.ઓ.જી શાખા તથા પેરોલ ફર્લો સ્કોડ વાવ-થરાદ પેરોલ ફર્લો સ્કોડ સ્ટાફના માણસો ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળેલ. વન્ય પ્રાણી-પાંચ નીલ ગાયનો શીકાર કરી મૃત્યુ નિપજાવનાર આરોપીઓ જુમા રમજાન સિંધી અને વલી સુમાર સિંધી બંને હાલ રહે.રાણીસર તા.સાંતલપુર જિ.પાટણ ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારના વડપગ ગામની સીમમાં વન્ય પ્રાણીઓનો શિકાર કરવા માટે હથિયાર સાથે આવેલ બાતમી હકિકત આધારે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન વડપગ ગામની સીમમાં બેડાથી ધ્રાડવા જતા પાકા રોડ ઉપર આવતા અચાનક પુર ઝડપે મોટર સાયકલ આવેલ અને પોલીસને દુરથી જોઈ મોટર સાયકલ રોડ ઉપર ફંગોળી મોટર સાયકલ ચાલક તથા તેની પાછળ બેઠેલ ઈસમ રણમાં બાવળોની ઝાડીમાં નાસી ગયેલ અને મોટર સાયકલ અને ગેરકાયદેસર અને વગર પાસપરમીટની દેશી હાથ બનાવટની બંદુક અને તેમા ભરી વિસ્ફોટ કરવાનો ઘન પદાર્થ તથા ધાતુના છરા આઠ અને ધાતુ લગાવેલ ટીકડીઓ અઢાર પકડી પાડેલ અને દિયોદર પોલીસ સ્ટેશનના ધ્રાડવ ગામે પાંચ નીલગાયનો શિકાર કરી મૃત્ય નિપજાવેલનો દિયોદર રેન્જ ફોરેસ્ટ વિભાગમાં દાખલ થયેલ ગુનો શોધી કાઢી બંને ઈસમો વિરૂધ્ધ ભાભર પોલીસ સ્ટેશન ખાતે આર્મએકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

# મહીસાગર જિલ્લામાં 'માતા મરણ' ઘટાડવાના મક્કમ નિર્ધાર સાથે જિલ્લા કક્ષાનો PMSMA વર્કશોપ યોજાયો

## અર્બન હેલ્થ સેન્ટર-બાલાસિનોરના મેડિકલ ઓફિસરના પ્રેરણાદાયી એન્કરિંગ દ્વારા કરવામાં આવ્યું




• વીરભદ્રસિંહ સિસોદિયા મહીસાગર

મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત સભાખંડ ખાતે જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા કક્ષાના પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન (PMSMA) વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા આર.સી.એચ. અધિકારીની નોડલશીપ હેઠળ અને અર્બન હેલ્થ સેન્ટર-બાલાસિનોરના મેડિકલ ઓફિસરના પ્રેરણાદાયી એન્કરિંગ દ્વારા કરવામાં આવ્યું હતું.

વર્કશોપ દરમિયાન જિલ્લામાં માતા મરણના દરમાં ઘટાડો લાવવા માટે વિગતવાર ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત નિષ્ણાતો દ્વારા આગામી સમયમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા અને અસરકારક અમલીકરણ માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. અંતમાં, દરેક સ્તરે માતા મરણ અટકાવવા માટે લેવાવા જોઈતા પગલાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને સમાજમાં જાગૃતિ લાવવા માટે જાહેર અપીલ પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી વિભાગીય નાયબ નિયામક કચેરી-વડોદરાના મેડિકલ ઓફિસર તેમજ પંચમહાલ મેડિકલ કોલેજની ટીમ, જિલ્લાના તમામ પ્રોગ્રામ ઓફિસરઓ , સિવિલ હોસ્પિટલ, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને CHC ના અધિક્ષકશ્રીઓ, તાલુકા હેલ્થ ઓફિસરઓ તેમજ PHC અને અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસરઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત, IMA અને FOGSI ના પ્રમુખશ્રીઓ સહિત સરકારી અને ખાનગી હોસ્પિટલોના ગાયનેકોલોજીસ્ટશ્રીઓ મળી કુલ ૮૯ જેટલા પ્રતિભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સંતરામપુર એસટી ડેપો ખાતે 'માર્ગ સલામતી માસ' અંતર્ગત

# ડ્રાઈવરોને માર્ગદર્શન અને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી



• વીરભદ્ર સિંહ સિસોદીયા. મહીસાગર

સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલા 'માર્ગ સલામતી માસ 2026' ના ભાગરૂપે આજે સંતરામપુર એસટી ડેપો ખાતે એઆરટીઓ લુણાવાડા અને પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે એસટી બસના ડ્રાઈવરોને માર્ગ સલામતીના નિયમો અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવા માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓએ ડ્રાઈવરોને સુરક્ષિત ડ્રાઈવિંગનું મહત્વ સમજાવી, માર્ગ અકસ્માતો નિવારવા માટે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અંતે તમામ કર્મચારીઓને રોડ સેફટી અંગેના શપથ લેવડાવી માર્ગ સુરક્ષા પ્રત્યે પોતાની જવાબદારી નિભાવવા પ્રતિજ્ઞાબદ્ધ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. ડીંડોર, એઆરટીઓ કચેરી માંથી ડી.બી. ધ્રાંગીયા તેમજ સંતરામપુર ડેપો મેનેજર ખાસ તથા ડેપોના ડ્રાઈવરો અને અન્ય સ્ટાફ મિત્રો મોટી સંખ્યામાં હાજર રહી માર્ગ સલામતી અભિયાનમાં સહભાગી થયા હતા.

# અંકલેશ્વરના 15 લાખના દારૂ કેસમાં ભરૂચ LCB એ સુરતના બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલ્યો

• અંકલેશ્વર,



અંકલેશ્વર તાલુકાના ભરણ ગામની સીમમાં ગત મંગળવારે ઝડપાયેલા 15.16 લાખના વિદેશી દારૂના પ્રકરણમાં ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ એક આરોપીને ઝડપી પાડી જેલભેગો કર્યો છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા સુરતના ઝાલુનાથ સુવાનાથ યોગીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટનાની વિગત મુજબ, ભરૂચ LCBની ટીમ પાનોલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી બાતમીના આધારે ભરણ ગામના વૈજનાથ મંદિર પાસે તળાવ કિનારે દરોડો પાડ્યો હતો. સ્થળ પર સ્વિફ્ટ કારમાંથી દારૂનું કટિંગ થઈ રહ્યું હતું, પરંતુ પોલીસને જોઈ દારૂ મંગાવનાર અને ચાલક અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. પોલીસે સ્થળ પરથી દારૂ-બિયરની કુલ 5,340 બોટલ અને કાર મળી કુલ 17.16 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં વોન્ટેડ આરોપીઓની શોધખોળ દરમિયાન LCBએ સુરતના આરોપીને દબોચી લીધો છે. પોલીસ હવે આ દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને તેમાં અન્ય કોણ સંડોવાયેલું છે તે દિશામાં વધુ તપાસ કરી રહી છે.

## મુખ્ય હેતુ તહેવારના ઉત્સાહમાં કોઈ અપ્રિય ઘટના ન બને અને લોકો સુરક્ષિત રીતે ઉતરાયણ ઉજવે તે માટેનો હતો

# મહીસાગર એઆરટીઓ દ્વારા માલવણ ખાતે ઉતરાયણ પૂર્વે રોડ સેફટી જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર



મહીસાગર જિલ્લા એ.આર.ટી.ઓ. મહીસાગર અને સુઆદ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શ્રી એન. કે. મહેતા અને શ્રીમતી એમ. એફ. દાણી આર્ટસ કોલેજ, માલવણ ખાતે આગામી ઉતરાયણ પર્વને ધ્યાનમાં રાખીને પતંગની દોરીથી થતા જીવલેણ અકસ્માતો નિવારવા માટે વિશેષ સુરક્ષા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ લોકોએ રોડ સેફટી અંગેના શપથ લીધા હતા અને માર્ગ પર શિસ્તબદ્ધ વાહન ચલાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે આરટીઓ ઈન્સ્પેક્ટર શ્રી એમ. એમ. પટેલ અને કોલેજના આચાર્યશ્રીએ ખાસ હાજરી આપી હતી.

આ આયોજનનો મુખ્ય હેતુ તહેવારના ઉત્સાહમાં કોઈ અપ્રિય ઘટના ન બને અને લોકો સુરક્ષિત રીતે ઉતરાયણ ઉજવે તે માટેનો હતો. કાર્યક્રમ અંતર્ગત ટુ-વ્હીલર ચાલકોની સુરક્ષા માટે વાહનો પર સેફટી ગાર્ડ લગાવવામાં આવ્યા હતા, જેથી ગળાના ભાગે આવતી પતંગની ઘાતક દોરીથી ચાલકોને બચાવી શકાય. આ પ્રસંગે એઆરટીઓ શ્રી એસ. બી. પટેલ દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને નાગરિકોને ઉતરાયણ દરમિયાન સાવચેતી રાખવા અને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. તથા નિવૃત્ત આરટીમહાનુભાવો દ્વારા માર્ગ સલામતી અને અકસ્માત નિવારણ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ લોકોએ રોડ સેફટી અંગેના શપથ લીધા હતા અને માર્ગ પર શિસ્તબદ્ધ વાહન ચલાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે આરટીઓ ઈન્સ્પેક્ટર શ્રી એમ. એમ. પટેલ અને કોલેજના આચાર્યશ્રીએ ખાસ હાજરી આપી હતી.

# ઈલાવ રામકથામાં ભક્તિનો ઉમંગ: મંત્રી ઈશ્વરસિંહ પટેલની હાજરીમાં રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

## ૫૦૧ દીવડાની મહાઆરતીથી વાતાવરણ ગુંજી ઉઠ્યું

• હાંસોટ,



ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના ઈલાવ ગામે યોજાયેલી શ્રી રામચરિત માનસ રામકથાના ચોથા દિવસે ભક્તિ અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. આ પાવન પ્રસંગે રાજ્યના જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીની હાજરીમાં ભગવાન શ્રીરામના જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૫૦૧ દીવડાની મનોહર મહાઆરતી અને ભવ્ય આતશબાજીએ ગ્રામજનોને મંત્રમુગ્ધ કર્યા હતા.ગામના ઉત્સાહી યુવાનો અને ગ્રામજનો દ્વારા ૫ જાન્યુઆરીથી શરૂ થયેલી આ કથામાં વ્યાસપીઠ પરથી કથાકાર ધનેન્દ્ર વ્યાસે મંત્રી ઈશ્વરસિંહ પટેલનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, રામકથા જેવા ધાર્મિક આયોજનોથી સમાજમાં નૈતિક મૂલ્યો અને ભાઈચારાની ભાવના દ્રઢ બને છે. કાર્યક્રમમાં હાંસોટ તાલુકા ભાજપ પ્રમુખ અનંત પટેલ સહિત સ્થાનિક પંચાયતના પ્રતિનિધિઓ અને અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આગામી ૧૩ જાન્યુઆરી સુધી ચાલનારી આ કથામાં દરરોજ સેંકડો શ્રદ્ધાળુઓ ઉમટી પડી કથાશ્રવણનો લાભ લઈ રહ્યા છે, જેના કારણે સમગ્ર ઈલાવ પંથક રામમય બની ગયો છે.

# "સોમનાથ સ્વાભિમાન પર્વ "અંતર્ગત ઉત્કઠેશ્વર મહાદેવ મંદિરે પુજા અર્ચના શિવધુન તથા આરતી કરી

• રિપોર્ટર દિપક પરમાર ઘડિયા



જય સોમનાથ ..હર હર મહાદેવ..

આજ રોજ માનનીય વડાપ્રધાન શ્રી Narendra Modi સાહેબ ની પ્રેરણાથી આયોજિત "સોમનાથ સ્વાભિમાન પર્વ "અંતર્ગત ઉત્કઠેશ્વર મહાદેવ મંદિરે પુજા અર્ચના શિવધુન તથા આરતી કરી આ ગૌરવશાળી પરંપરા નાં ઉત્સવ રૂપી પવિત્ર અવસરે સૌના કલ્યાણ અને સૌની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.

મોકડ્રિલ

### અગ્નિશામક સાધનોના ઉપયોગ અંગે પ્રાયોગિક માર્ગદર્શન અપાયું

# વિદ્યાર્થીઓમાં આગ અંગે જાગૃતતા માટે ભોરાસર સીમ શાળામાં મોકડ્રિલ યોજાઈ

**આપત્તિ સમયે યોગ્ય સમજ કેળવાય તે હેતુસર વિવિધ શાસકીય કચેરીઓ તથા સંસ્થાઓ દ્વારા આગ નિવારણ અંગે મોકડ્રિલ યોજવામાં**

• ગોસા (ઘેડ) તા.૦૯/૦૧/૨૦૨૬



લોકોમાં આગ સુરક્ષા અંગે જાગૃતતા વધે તેમજ વિદ્યાર્થીઓમાં આપત્તિ સમયે યોગ્ય સમજ કેળવાય તે હેતુસર વિવિધ શાસકીય કચેરીઓ તથા સંસ્થાઓ દ્વારા આગ નિવારણ અંગે મોકડ્રિલ યોજવામાં આવે છે. આ જાગૃતિના ભાગરૂપે આજ રોજ શુક્રવાર તા.૦૯-૦૧-૨૦૨૬ ના રોજ શ્રી ભોરાસર સીમ શાળા, રાણાવાવ ખાતે આગ નિવારણ અંગે મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોકડ્રિલ દરમિયાન એસ.એમ. એન્ટરપ્રાઈઝ, પોરબંદરના મહેશ ગઢવી દ્વારા વિદ્યાર્થીઓને આગના વિવિધ પ્રકારો વિશે માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને ABC પ્રકારની ડ્રાય પાવડર ફાયર બોટલ તથા CO ગેસ ભરેલ ફાયર બોટલના ઉપયોગ અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

શાળા પરિસરમાં કે અન્ય કોઈપણ સ્થળે આગ લાગવાના બનાવ સમયે પરિસ્થિતિને તાત્કાલિક કાબૂમાં લેવા અગ્નિશામક બોટલનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તેમજ આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તો તરત જ ફાયર બ્રિગેડને ૧૦૧ નંબર પર જાણ કરવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે ફાયર બ્રિગેડ વિભાગને ફોન દ્વારા જાણ કર્યા બાદ તેઓ કેવી રીતે કામગીરી કરે છે તેનું પ્રાયોગિક દ્રશ્ય રજૂ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો લાભ ભોરાસર સીમ શાળાના તમામ સ્ટાફગણ તથા વિદ્યાર્થીઓએ લીધો હતો. આ તકે શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ રામદેભાઈ ઓડેદરા તથા આચાર્ય લાખાભાઈ સુડાવદરાએ કાર્યક્રમ માટે એસ.એમ. એન્ટરપ્રાઈઝ, પોરબંદરના મહેશ ગઢવીનો આભાર વ્યક્ત કર્યો હતો.

રિપોર્ટર :વિરમભાઈ કે.આગઠ

# રાણપુરમાં બી.આર.સી.ભવન ખાતે દિવ્યાંગ બાળકોને સાધન સહાય કેમ્પ યોજાયો

### વ્હીલચેર,આઈ.ડી.કીટ,બેરાં મુંગા બાળકોને ઈયર મશીન વગેરે સાધનો આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા




• બોટાદ

બોટાદ જીલ્લાના રાણપુર શહેરમાં બી.આર.સી.ભવન. તાલુકાશાળા ખાતે વર્ષ 2025-26મા દિવ્યાંગ બાળકોનો સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.તેમા ચારેય કલસટરના વિવિધ કેટેગરીના દિવ્યાંગ બાળકો વાલી સાથે આવેલ. તેમનું સૌ પ્રથમ રજીસ્ટ્રેશન કરવામા આવયુ. ત્યારબાદ મધ્યપ્રદેશના ઉજૈન શહેરમાંથી વિવિધ કેટેગરી ના ડૉકટરો આવેલ હોય તેમની રાહબરી નીચે બાળકોના વાલીને સમજાવીને વિવિધ કીટનુ જેમકે ટ્રાઈસિકલ,વ્હીલચેર,આઈ.ડી. કીટ,બેરાં મુંગા બાળકોને ઈયર મશીન વગેરે સાધનો આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા. બી.આર.સી મેહુલભાઈ ગાબુ તેમજ જીલલા કો.ઓર્ડિનેટર જગતભાઈ મારૂ એ દિવ્યાંગ બાળક અને વાલીને સાધન સહાય વિશે જાણકારી આપી હતી.સ્પેશિયલ શિક્ષકો દ્વારા પણ માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ..

તસવીર:વિપુલ લુહાર,રાણપુર

# ઉના નજીક વાડી વિસ્તારમાં સિંહ પરિવાર કલાકો સુધી બેઠો: 2 સિંહણ અને 4 બચ્ચાં, ગ્રામ્ય વિસ્તારોમાં સિંહનો વસવાટ વધ્યો



• કૈલેશ ભટ્ટ ઉના

ઉના પંથકમાં ગીર જંગલ નજીક આવેલા વાડી વિસ્તારમાં સિંહ પરિવારોનો વસવાટ વધ્યો છે. આજે સવારે ઉનાથી માત્ર 6 કિલોમીટર દૂર એક વાડીમાં 2 સિંહણ અને તેમના 4 બચ્ચાં કલાકો સુધી ખુલ્લામાં બેઠેલા જોવા મળ્યા હતા. આ ઘટના દર્શાવે છે કે સિંહો હવે જંગલ છોડીને ગ્રામ્ય વિસ્તારોમાં વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યા છે. આ સિંહ પરિવાર સવારના સમયે વાડી વિસ્તારમાં શાંતિથી બેઠો હતો. જાણે કે તેઓ માનવ વસાહતનું વાતાવરણ અનુકૂળ આવી ગયું હોય તેમ, તેઓ લાંબા સમય સુધી ત્યાં જ રહ્યા હતા. આ દ્રશ્ય સ્થાનિક લોકો માટે આશ્ચર્યજનક અને ભયજનક બંને હતું. સિંહ પરિવારના વાડી વિસ્તારમાં મુકામને કારણે ખેડૂતો તેમના માલઢોરને ચરાવવા લઈ જઈ શકતા નથી. ઉપરાંત, વાડીઓમાં કામ કરવા આવતા શ્રમિકો પણ સિંહના ડરથી કામ પર આવવાનું ટાળી રહ્યા છે, જેનાથી ખેતીના કામો પર અસર પડી રહી છે. વનવિભાગ માટે પણ આ એક પડકારજનક સ્થિતિ છે. જો સિંહ કોઈ એક વિસ્તારમાં વારંવાર જોવા મળે કે મુકામ કરે, તો તેમને પાંજરે પૂરી શકાતા નથી. આ સિંહ પરિવાર ઘણા દિવસોથી આ વિસ્તારમાં વસવાટ કરતો હોવાથી ખેડૂતોમાં ભયનો માહોલ છે.

# ગાંધીનગર-સ્પીપા ખાતે 'અટલ સ્મૃતિ વ્યાખ્યાન' શ્રેણીનું ચોથું વ્યાખ્યાન યોજાયું

### સેન ડિએગોના ટાટા ચાન્સેલર પ્રોફેસર શ્રી કાર્તિક મુરલીધરન દ્વારા માર્ગદર્શન



રાજ્યના અસરકારક, પારદર્શક અને વિકાસલક્ષી શાસનને વેગ આપવા માટે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ હેઠળ Administrative Reforms and Training Division (ARTD) દ્વારા સ્પીપા, ગાંધીનગર ખાતે અટલ સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત ચોથા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વ્યાખ્યાનમાં પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી તથા યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, સેન ડિએગોમાં ટાટા ચાન્સેલર પ્રોફેસર તરીકે કાર્યરત શ્રી કાર્તિક મુરલીધરન દ્વારા "Accelerating India's Development: A State-Led Roadmap for Effective Governance" વિષય પર વિસ્તૃત વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વ્યાખ્યાન દરમિયાન શ્રી મુરલીધરને જણાવ્યું હતું કે, સુવ્યવસ્થિત નીતિ-નિર્માણ, અસરકારક અમલીકરણ અને જવાબદાર વહીવટના સંકલનથી જ વિકાસલક્ષી હેતુઓને સાકાર કરી શકાય છે.શ્રી મુરલીધરને પોતાના વ્યાખ્યાનમાં ભારતના વિકાસને ઝડપી બનાવવા માટે રાજ્યની મહત્વપૂર્ણ ભૂમિકા, અસરકારક જાહેર ખર્ચની આવશ્યકતા, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં સુધારાઓ તેમજ પુરાવા આધારિત (Evidence-based) નીતિ-નિર્માણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિવિધ રાજ્ય સરકારો સાથે ભાગીદારીમાં કરવામાં આવેલા વિસ્તૃત અભ્યાસ, ક્ષેત્રિય પ્રયોગો તથા સંશોધનના અનુભવો પણ શેર કર્યા હતા.

આ કાર્યક્રમમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતી રવિ, શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ કુમાર, સામાન્ય વહીવટ વિભાગના અગ્રસચિવ શ્રી હરિત શુક્લા, સ્ટેટ ટેક્સ, અમદાવાદના ચીફ કમિશનર શ્રી આરતી કંવર, સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવ શ્રી વ્યોમેશ શાહ, સ્પીપા ગાંધીનગરના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ શ્રી ચંદ્રેશ કોટક, સંયુક્ત સચિવ શ્રી રૂતા ભટ્ટ, SPIESR અમદાવાદના એક્ટિંગ ડાઈરેક્ટર પ્રોફેસર નીતિ મહેતા સહિત અન્ય અધિકારો, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### અંકલેશ્વરના ફાળે વધુ એક યશકલગી

# ગાંધીનગરમાં સ્વચ્છતા સર્વેક્ષણ માટે નગરપાલિકાને સન્માન પત્ર એનાયત



• અંકલેશ્વર,

સ્વચ્છ ભારત મિશન હેઠળ શહેરો વચ્ચે યોજાતા પ્રતિષ્ઠિત 'સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫' માં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ અંકલેશ્વર નગરપાલિકાને રાજ્ય કક્ષાએ સન્માનિત કરવામાં આવી છે. ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા ભવ્ય સમારોહમાં અંકલેશ્વર નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવલાલ કોલડીયાને રાજ્યના ઉચ્ચ અધિકારીઓના હસ્તે સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

ભારત સરકારના આવાસ અને શહેરી કાર્ય મંત્રાલયના માર્ગદર્શન હેઠળ સ્વચ્છ ભારત મિશન-અર્બન , ગુજરાત દ્વારા આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. અંકલેશ્વર નગરપાલિકાએ ઘન કચરા વ્યવસ્થાપન, અસરકારક ડોર-ટુ-ડોર કલેક્શન અને પ્લાસ્ટિક મુક્ત શહેર માટે હાથ ધરેલી ઝુંબેશની રાજ્ય કક્ષાએ નોંધ લેવામાં આવી છે.ચીફ ઓફિસર કેશવલાલ કોલડીયાએ આ સિદ્ધિ બદલ શહેરના જાગૃત નાગરિકો અને સફાઈ કર્મીઓનો આભાર માનતા જણાવ્યું હતું કે, જનભાગીદારી અને પાલિકાની પ્રતિબદ્ધતાને કારણે જ અંકલેશ્વર આજે સ્વચ્છતાના નકશા પર ગૌરવવંતુ સ્થાન પામ્યું છે.

# ઉનાના કેસરીયા પ્રા.શાળાના છાત્રોને અકસ્માતથી બચવા રોજ માનવ સાંકળ રચવી પડે છે.

• કૈલૈશ ભટ્ટ ઉના

ઊના તાલુકા નું કેસરીયા ગામ અકસ્માત ઝોન તરીકે ઓળખાય છે તેનું મુખ્ય કારણ હોય તો કેસરીયા થી દીવ તરફ જતા રસ્તા પર એક પણ સ્પીડ બ્રેકર ના હોવા થી અકસ્માતો વારંવાર સર્જાય છે ગત 19 ઓક્ટોબરે ગમખ્વાર અકસ્માત માં 2 સગાભાઈ સહિત 3 ના મોત નીપજ્યા હતા બાદ માં ગ્રામજનો એ પણ 22 નવેમ્બર ના ઉના પ્રાંત કચેરી એ સ્પીડ બ્રેકર મૂકવાની લેખિત રજૂઆત કરી પણ તંત્ર તરફ થી હૈયા ધારણા આપવામાં આવી પણ સ્પીડ બ્રેકર મુકાયા નહીં ત્યારે દીવ તરફ થી આવતા પૂરપાટ વાહનો છાશ વારે અકસ્માત સર્જતા હોય છે .બીજી તરફ કેસરીયા ગામ ની પ્રાથમિક શાળા પણ દિવ રોડ પર આવેલ હોય તેથી શાળા છૂટ્યા બાદ વિધાર્થી ઓ પણ આ રોડ ક્રોસ કરવામાં સતત અકસ્માત ના ડર થી રોડ ક્રોસ કરતા હોય છે. તંત્ર સ્પીડ બેકર બનાવતા ના હોય અંતે શાળા ના શિક્ષકો એ વિધાર્થીઓને અકસ્માત થી બચવા માટે ધોરણ 8 ના વિધાર્થી ઓનું એક ગ્રૂપ બનાવ્યું અને શાળા સાંજે છૂટ્યા બાદ વિધાર્થી અને વિધાર્થિનીઓ માનવ સાંકળ રચી રોડ પર ઊભા રહી જાય છે અને બન્ને સાઈડ નો વાહન વ્યવહાર થોડીવાર માટે બંધ કરી આપે છેશાળા ના તમામ વિધાર્થી ઓ રોડ ક્રોસ કર્યા પછી પુનઃહ વાહન વ્યવહાર શરૂ થાય છે આમ 15 મિનિટ સુધી વિધાર્થીઓ માનવ સાંકળ રચી ને શાળા ના અન્ય વિધાર્થી ઓને રોડ ક્રોસ કરાવતા હોય છે .

**ઘૂંટણ ના દુખવા, સાંધાના દુખાવા. ઘસારા સહિતની સારવાર અને નિદાન અને ઓપરેશન પણ કરી આપશે**

# આમ આદમી પાર્ટી દ્વારા નિઃશુલ્ક રાજકોટના સુપર સ્પેશિયાલિસ્ટ તબીબી કેમ્પનું આયોજન

• ગોસા (ઘેડ) તા.૦૯/૦૧/૨૦૨૬



પોરબંદર શહેરમાં રવિવારે તા.૧૧/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ કલાક સુધી આમ આદમી પાર્ટી દ્વારા રાજકોટના ખ્યાતનામ સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરોનો નિઃશુલ્ક એક્સપર્ટ ઓપિનિયન તબીબી કેમ્પ યોજાનાર છે. આ કેમ્પ ધન્યતા ફિઝિયોથેરાપી સેન્ટર, રામ ગેસ્ટ હાઉસ સામે, આઝાદ ગેસની બાજુમાં, પોરબંદર ખાતે યોજાશે.

આ કેમ્પમાં રાજકોટના પ્રખ્યાત કેન્સર સર્જન ડૉ. કલિન્દ્ ભલાણી હાજર રહી સેવા આપશે. તેઓ ખાસ કરીને નાક, કાન, ગળા તથા મોઢાના કેન્સરના નિષ્ણાત છે. ઉપરાંત વારંવાર ચાંદા પડવા, શરદી, ગળાની તકલીફ સહિતની સમસ્યાઓનું પણ નિદાન અને માર્ગદર્શન આપવામાં આવશે.આ સાથે ડૉ. રવિ ઢોલરીયા (પટેલ), જે સાંધાના નિષ્ણાત સર્જન છે, તેઓ પણ પોતાની સેવાઓ આપશે. મણકા ઘસાવા, સાંધાના દુખાવા, તેમજ ઓપરેશન બાદની તકલીફો અંગે વિશેષ સલાહ આપવામાં આવશે. ડૉ. રવિ ઢોલરીયા દ્વારા જો કોઈ દર્દીને ઘુંટણના સાંધા બદલવાના હોય તો કાર્ડ આધારિત નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવશે. તેઓ ખાસ પદ્ધતિથી, સ્નાયુને કોઈ નુકસાન ન પહોંચે તેવી આધુનિક રીતથી ઓપરેશન કરે છે.આ કેમ્પનો લાભ વધુમાં વધુ લોકો લઈ શકે તે હેતુથી ડૉ. સિદ્ધાર્થ ખાંડેરકર તેમજ આમ આદમી પાર્ટી પોરબંદર મહિલા વીંગના નવા વરાયેલા અને સામાજિક સેવિકા ડૉ. નૂતનબેન ગોકાણી દ્વારા અખબારી યાદી મારફતે માહિતી આપવામાં આવી છે. વધુ માહિતી અથવા પૂછપરછ માટે સંપર્ક નં. 8264101253, 9874296993

રીપોર્ટર :વિરમભાઈ કે.આગઠ